Thursday, 13 August 2026
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦



અમારા બધા પાસે સમાન પ્રતિભા નથી. પરંતુ, આપણી પ્રતિભાને વિકસાવવા માટે આપણી પાસે એક સમાન તક છે.
- ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૩ ● અંકઃ ૨૩૯ ● સંવત-૨૦૮૨ શ્રાવણ સુદ એકમ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD




## સંઘપ્રદેશના પ્રશાસક પ્રફુલભાઈ પટેલની ઉપસ્થિતિમાં

# આજથી દમણ-મરવડની નમો હોસ્પિટલનો વિધિવત્ આરંભ

**આજનો દિવસ દમણના આરોગ્ય ક્ષેત્રના ઈતિહાસમાં સ્વર્ણ અક્ષરે અંકિત થશેઃ દરેક પ્રકારના રોગોની નિષ્ણાત સારવાર એક છત્ર નીચે**








(તા.૫મી જૂન, ૨૦૨૬ના રોજ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નમો હોસ્પિટલનું ઉદ્‌ઘાટન કર્યા બાદ પ્રશાસકશ્રીની સાથે હોસ્પિટલનું નિરીક્ષણ કરતા ગતિવિધિના સંદર્ભમાં મેળવેલી માહિતીની લાક્ષણિક તસવીરો.)

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૧૨**

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે ગત ૫મી જૂન, ૨૦૨૬ના રોજ લોકાર્પણ કરાયેલ દમણ-મરવડની નવનિર્મિત નમો હોસ્પિટલનો કાર્યારંભ આવતી કાલ તા.૧૩મી ઓગસ્ટના હિંદુ સનાતન ધર્મના પવિત્ર માસ શ્રાવણના પ્રથમ દિવસથી થઈ રહ્યો છે. દમણ જિલ્લાની નમો હોસ્પિટલના કાર્યારંભ પ્રસંગે સંઘપ્રદેશના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલની પણ ખાસ ઉપસ્થિતિ રહેશે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે દમણ જિલ્લા સહિત ગુજરાત રાજ્યના આજુબાજુ વિસ્તારના લોકોને દરેક પ્રકારની નિષ્ણાત આરોગ્ય સેવા મળી રહે તે પ્રકારની તમામ વ્યવસ્થા અને અદ્યતન સાધન-સુવિધાની સગવડ દમણની નમો હોસ્પિટલમાં કરવામાં આવેલ હોવાની માહિતી સંઘપ્રદેશના આરોગ્ય વિભાગ દ્વારા આપવામાં આવી છે. દમણની નમો હોસ્પિટલના નવનિર્માણ અને નવઘડતર પાછળ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના આશીર્વાદ અને સંઘપ્રદેશના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલની દિવ્ય દીર્ઘદૃષ્ટિનો મુખ્ય ફાળો રહ્યો છે. તેમણે દમણ જિલ્લાના લોકોને શ્રેષ્ઠ આરોગ્ય સેવા ઘરઆંગણે મળી રહે તેની તકેદારી આ હોસ્પિટલના નિર્માણ અને સંચાલનમાં રાખવામાં આવી છે.

દરરોજ વિવિધ રોગના ૧૫૦૦ જેટલા દર્દીઓની સારવારનું પણ લક્ષ્યાંક રાખવામાં આવ્યું છે. જે લોકો માટે ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓની પહોંચને પણ મજબૂત બનાવશે. આવતી કાલનો દિવસ દમણ જિલ્લાના આરોગ્ય ક્ષેત્રના ઈતિહાસમાં સ્વર્ણ અક્ષરે અંકિત થશે. કારણ કે, દરેક પ્રકારના રોગની સારવાર એક છત્ર નીચે મળી શકે તે પ્રકારનું આયોજન એક ટચૂકડા જિલ્લા માટે કરવામાં આવ્યું છે. જેના માટે દમણ સહિત આજુબાજુના વિસ્તારના લોકો પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી અને સંઘપ્રદેશના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલના ઋણી પણ રહેશે.

# આજથી ઉમરગામના ધોડીપાડા ખાતે સાંસ્કૃતિક હોલમાં વિશ્વપ્રસિદ્ધ ભાગવતાચાર્ય પ્રફુલભાઈ શુક્લની ભાગવત કથા યોજાશે

**■ ઉમરગામના ધારાસભ્ય રમણલાલ પાટકર દ્વારા સમસ્ત પિતૃઓના સ્મરણાર્થે આયોજીત ભાગવત કથા માટે પધારેલા પ.પૂ. બાપુનું ભાવિક ભક્તોએ કરેલું શાનદાર સ્વાગત**

**■ ધોડીપાડા સહિત સમગ્ર પંથક ભાગવતમય બન્યોઃ કથાના આયોજનને સફળ બનાવવા કથા કન્વીનર વિજયભાઈ પાટકર અને તેમની ટીમ દ્વારા થઈ રહેલા તનતોડ પ્રયાસ**



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ધોડીપાડા, તા.૧૨**

આવતી કાલે હિંદુ સનાતન ધર્મના પવિત્ર શ્રાવણ માસના આરંભના દિવસથી ઉમરગામના ધોડીપાડા ખાતે સાંસ્કૃતિક હોલમાં વિશ્વપ્રસિદ્ધ ભાગવતાચાર્ય શ્રી પ્રફુલભાઈ શુક્લની ભાગવત કથાનું આયોજન થઈ રહ્યું છે.

આજે ઉમરગામના ધોડીપાડા ખાતે પધારેલા વિશ્વપ્રસિદ્ધ ભાગવતાચાર્ય શ્રી પ્રફુલભાઈ શુક્લનું ભાવભક્તિ સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું. ઉમરગામના ધારાસભ્ય શ્રી રમણલાલ પાટકર દ્વારા આયોજીત ભાગવતકથાના સફળ આયોજન માટે કથા કન્વીનર યુવા નેતા શ્રી વિજયભાઈ પાટકર અને સરપંચ શ્રીમતી મીનાબેન પાટકર પોતાની ટીમ સાથે તનતોડ પ્રયાસ કરી રહ્યા છે. સમસ્ત પિતૃઓના સ્મરણાર્થે આયોજીત ભાગવત કથા માટે સમસ્ત ધોડીપાડા, મરોલી સહિત ઉમરગામમાં ઉત્સાહનું વાતાવરણ ઉભું થયું છે.

આજે વિશ્વપ્રસિદ્ધ કથાકાર શ્રી પ્રફુલભાઈ શુક્લના સ્વાગત માટે કથા કન્વીનર યુવા નેતા શ્રી વિજયભાઈ પાટકર, સરપંચ શ્રીમતી મીનાબેન પાટકર, બ્રહ્મ સમાજના આગેવાન શ્રી અક્ષયભાઈ ઓઝા, શ્રીમતી મયુરીબેન બારિયા, શ્રીમતી ટીનાબેન પટેલ, શ્રી અરવિંદભાઈ પસાગિયા, શ્રીમતી ભાવિણાબેન કામલી, શ્રીમતી લલીતાબેન દુમાડા, શ્રીમતી નીતાબેન નિતેશભાઈ પાટકર, શ્રી ઉત્તમભાઈ વારલી, શ્રી રાજુભાઈ પટેલ, શ્રી ઉપેનભાઈ મીટના, શ્રી ભીખુભાઈ ધોડી, શ્રી પરસોત્તમભાઈ ખરપડિયા, માંડા, સરઈ, કનાડુથી મોટી સંખ્યામાં લોકો બાપુના સ્વાગત માટે ઉપસ્થિત રહ્યા હતા.

આવતી કાલે ઉમરગામના બાવન ગામોમાંથી ૧૦૮ પોથીયાત્રા ધારાસભ્ય શ્રી રમણભાઈ પાટકરના નિવાસ સ્થાનેથી હજારોની સંખ્યામાં સાંસ્કૃતિક હોલ ધોડીપાડા ખાતે પહોંચશે.

# સેલવાસમાં પ્રેમિકાની હત્યા કરીને ફરાર આરોપીને યુ.પી. એસટીએફ અને દાનહ પોલીસે વારાણસીથી ઝડપી પાડ્યો



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૧૨**

ગત તા.૩ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ સેલવાસના પાતળિયા ફળિયા વિસ્તારમાં સુટકેસમાંથી મળી આવેલી મહિલાની લાશનો મામલો દાનહ પોલીસને ઉકેલવા સફળતા મળી છે. દાનહ પોલીસે મહિલાની હત્યાના આરોપીને ઉત્તરપ્રદેશના વારાણસીથી ધરપકડ કરી છે. આરોપીને ટ્રાન્સફર વોરંટથી સેલવાસા ખાતે લાવવામાં આવ્યો અને કોર્ટમાં રજૂ કરતા જ્યાં તેને છ દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલવામાં આદેશ નામદાર કોર્ટે આપ્યો હતો.

- (વધુ પાના નં.૨ પર)

## રસોડામાં કામ કરતા ફૂડ હેન્ડલર/કૂકનું જરૂરી મેડિકલ ફિટનેસ પ્રમાણપત્ર પણ ઉપલબ્ધ ન હોવાથી

# વણાંકબારા ખાતેના અમર ફરસાણ એન્ડ કેટરર્સની દુકાન સામે ફૂડ સેફ્ટી વિભાગે કરેલી કાર્યવાહી

**ગંભીર ખામીઓને ધ્યાનમાં રાખીને ફૂડ સેફ્ટી ઓફિસર ટિંકેશ હસમુખલાલ બામણિયાએ અમર ફરસાણ એન્ડ કેટરર્સને પાંચ દિવસ માટે બંધ કરાવ્યું**










**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા.૧૨**

દીવના વણાંકબારા ખાતે ફૂડ સેફ્ટી વિભાગ દ્વારા અમર ફરસાણ એન્ડ કેટરર્સની દુકાનમાં અચાનક તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન પ્રતિષ્ઠાનમાં ગંભીર સ્વચ્છતા સંબંધિત ખામીઓ જોવા મળી હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે પ્રતિષ્ઠાનનું FSSAI

- (વધુ પાના નં.૨ પર)

# ભારત સરકાર ચંદીગઢ અને દાદરા નગર હવેલી કેન્દ્રશાસિત પ્રદેશોમાં સેન્ટ્રલ બેંક ડિજિટલ કરન્સી આધારિત ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર લોન્ચ કરશે

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**અમદાવાદ, તા.૧૨**

ભારત સરકાર ૧૪ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ ચંદીગઢ અને દાદરા નગર હવેલી કેન્દ્રશાસિત પ્રદેશોમાં પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના (PMGKAY) હેઠળ સેન્ટ્રલ બેંક ડિજિટલ કરન્સી (CBDC)આધારિત ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT) લોન્ચ કરશે. આ લોન્ચિંગ પ્રસંગે કેન્દ્રીય ઉપભોક્તા બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રી શ્રી પ્રહ્લાદ જોશી, પંજાબના રાજ્યપાલ અને કેન્દ્રશાસિત પ્રદેશ ચંદીગઢના વહીવટકર્તા શ્રી ગુલાબચંદ કટારિયા, કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શ્રી શિવરાજ સિંહ ચૌહાણ;

- (વધુ પાના નં.૨ પર)




## સુવિચાર - સદ્‌વિચાર

સાચો સંબંધ એ છે જેમાં શબ્દો કરતાં આંખોની ભાષા વધુ સમજી શકાય

## કવિતા

### બાપજી, પાપ મેં કોણ કીધાં હશે?

બાપજી, પાપ મેં કોણ કીધાં હશે? - નામ લેતાં તારું નિદ્રા આવે;
ઊંઘ, આળસને આહાર મેં આદર્યા, લાભ વિના લવ કરવી ભાવે.

દિન પૂઠે દિન તો વહી જાય છે, દુર્મતિનાં મેં ભર્યાં રે ડાલાં;
ભક્તિ ભૂતળ વિશે નવ કરી તાહરી, ખાંડ્યાં સંસારમાં થોથાં

દેહ છે જૂઠડી, કરમ છે જૂઠડાં, ‘ભીડભંજન તારું નામ સાચું,
ફરી ફરી વર્ણવું, શ્રીહરિ! તુજને, પતિતપાવન તારું નામ જાચું.

તારી ક્રિપા વિના, કૃષ્ણ કોડામણા! કળવિકળનું મને બળ ન ફાવે.
નરસૈંયા રંકને ઝંખના તાહરી, હેડ-બેડી ભાંગો, શરણ આવે.

- **નરસિંહ મેહતા**

## આજની જોક

લગનમાં મહારાજે બુમ પાડી, પૂજાની થાળી લઈને આવો,
મે પૂજાની થાળી લઈને આવ્યો તો, પૂજા મારી પાછળ દોડી
અને મને કહે, અરે મને જમવા તો દે...




## કબીર વાણી

**સાધુ ભૂખા ભાવ કા, ધન કા ભૂખા નાહી,**
**ધન કા ભૂખા જો ફીરે, સો તો વો સાધુ નાહી.**

**-અર્થાત-**

સાધુ સંતો ફક્ત ભાવ અને જ્ઞાનની ઈચ્છા રાખે છે, તેઓ ધનના ભૂખા હોતા નથી, જે વ્યક્તિ સાધુ બન્યા બાદ ધનની પાછળ ભાગે છે તો તે સાધુ સંત બની શકતો નથી.



## ચાણક્ય ઉવાચ

**શૈલે શૈલે ના માણિક્યં મૌક્તિકં ન ગજે ગજે ।**
**સાધવો ન હિ સર્વત્ર, ચંદન ન વને વને ॥**

**-અર્થાત-**

પ્રત્યેક પર્વત પર મણી માણેક હોતા નથી, પ્રત્યેક હાથીના મસ્તક પર માણિક્ય મોતી હોતા નથી, સંસારમાં મનુષ્યની કમી થતા પણ સાધુ મળતા નથી તેવી જ રીતે બધા જંગલોમાં ચંદન મળતા નથી.

## આજનો દિન વિશેષ

### વિનોદ જોશી

વિનોદ જોશી (જન્મ ૧૩ ઓગસ્ટ ૧૯૫૫) એ ગુજરાત, ભારતના ગુજરાતી ભાષાના ભારતીય કવિ, લેખક અને સાહિત્યિક વિવેચક છે. તેમની નોંધપાત્ર કૃતિઓમાં ગીત (ગીત કવિતા)નો સંગ્રહ ‘‘પરંતુ’’, મહાભારતના પાત્ર ‘‘શિખંડી’’ પર આધારિત લાંબી કથા કવિતા ‘‘શિખંડી’’, રેડિયો નાટકઃ સ્વરૂપ અને સિદ્ધાંત (રેડિયો નાટકઃ સ્વરૂપ અને સિદ્ધાંત, સંક્ષિપ્ત પીએચ.ડી. થીસીસ), ‘‘ટુંડીલ-ટુંડિકા’’, પદ્યવર્તનું એક સ્વરૂપ, ગુજરાતી મધ્યયુગીન સાહિત્ય શૈલી, અને ‘‘ઝાલર વાગે ઝૂઠડી’’, કવિતાઓનો સંગ્રહ શામેલ છે. તેઓ જયંત પાઠક પુરસ્કાર (૧૯૮૫), વિવેચક પુરસ્કાર (૧૯૮૬), કવિશ્વર દલપતરામ પુરસ્કાર (૨૦૧૩), સાહિત્ય ગૌરવ પુરસ્કાર (૨૦૧૫), નરસિંહ મહેતા પુરસ્કાર (૨૦૧૮), કલાપી પુરસ્કાર (૨૦૧૮), દર્શક સાહિત્ય પુરસ્કાર (૨૦૧૮), દર્શક સાહિત્ય પુરસ્કાર (૨૦૧૮)ના પ્રાપ્તકર્તા છે. (૨૦૨૨) અને સાહિત્ય અકાદમી પુરસ્કાર (૨૦૨૩). વિનોદ જોશીનો ગુજરાત રાજ્યના અમરેલી જિલ્લાના ભોરિંગડા ગામમાં થયો હતો. તેમનો પરિવાર બોટાદનો વતની છે. તેમના પિતા, હરગોવિંદદાસ જોષી, સંસ્કૃત વિદ્વાન હતા, અને ગ્રામીણ સૌરાષ્ટ્રમાં પંચાયત મંત્રી તરીકે સેવા આપી હતી. જોષી તેમની માતા લીલાવતી જોષીની લોકકથા ગુજરાતી ભાષાથી પ્રભાવિત છે. જોષીએ તેમનું પૂર્વશાળાનું શિક્ષણ મોહનલાલ મોતીચંદ બાલમંદિર, ગઢડા ખાતે પૂર્ણ કર્યું. તેમણે પોતાનું પ્રાથમિક શિક્ષણ ૧૯૬૦ થી ૧૯૬૬ દરમિયાન બોટાદ જિલ્લાના તુર્ખા ગામની સરકારી શાળામાં પૂર્ણ કર્યું. તેમણે માધ્યમિક શિક્ષણ સુરેન્દ્રનગરની એન.ટી.એમ. સરકારી ઉચ્ચ શાળા (૧૯૬૭-૧૯૬૮); સર્વોદય વિદ્યાલય, લાઠીદાદ (૧૯૬૯) અને સરકારી ઉચ્ચ શાળા, બોટાદ (૧૯૭૦)માંથી મેળવ્યું. જોષીએ ૧૯૭૫માં કવિશ્રી બોટાદકર આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, બોટાદમાંથી ગુજરાતી સાહિત્યમાં સ્નાતકની ડિગ્રી મેળવી. તેમણે ભાવનગરની સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે ગુજરાતી અનુસ્નાતક કેન્દ્ર (ગુજરાતી અનુસ્નાતક કેન્દ્ર) (૧૯૭૬) અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે ગુજરાતી ભાષા સાહિત્ય ભવન (ગુજરાતી ભાષા અને સાહિત્ય વિભાગ) (૧૯૭૭)માંથી માસ્ટર ઓફ આર્ટસની ડિગ્રી મેળવી. તેમણે પીએચ.ડી.ની ડિગ્રી મેળવી. ૧૯૮૦ માં, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ગુજરાતી ભાષા સાહિત્ય ભવન તરફથી, તેમના સંશોધન મહાનિબંધ ‘‘રેડિયો નાટકનું કલાસ્વરૂપ અને ગુજરાતીમાં તેમનો વિકાસ’’ (ગુજરાતી ભાષામાં રેડિયો નાટકની કળા અને તેનો વિકાસ) માટે ઈશ્વરલાલ આર. દવેની દેખરેખ હેઠળ પુરસ્કાર પ્રાપ્ત થયો. તેમના લગ્ન વિમલ જોષી સાથે થયા છે, અને તેમને એક પુત્ર આદિત્ય છે.

## રેસીપી : ગુજરાતી ખીચું

ઘર આંગણે લારી જેવું સ્વાદિષ્ટ અને નરમ ગુજરાતી ખીચું (ચોખાના લોટનું) બનાવવા માટે ૨ કપ પાણીમાં ૧ ચમચી જીરું, અડધી ચમચી અજમો, ૧ ચમચી લીલા મરચાની પેસ્ટ, સ્વાદ મુજબ મીઠું અને ૧/૪ ચમચી પાપડ ખાર ઉકાળીને તેમાં ૧ કપ ચોખાનો લોટ ઉમેરી બફાવા દેવું.

**ખીચું બનાવવાની સરળ રીત નીચે મુજબ છે :** સામગ્રી ચોખાનો લોટ ૧ કપ, પાણી ૨ થી ૨.૫ કપ જીરું ૧ નાની ચમચી, અજમો ૧/૨ નાની ચમચીલીલા મરચાંની પેસ્ટ ૧ નાની ચમચી પાપડખાર (સોડા), ૧/૪ નાની ચમચી મીઠું સ્વાદ મુજબ સીંગતેલ અને અથાણાનો મસાલો (મરચું-મેથી) પીરસવા માટે.

**બનાવવાની રીત :** એક કઢાઈમાં પાણી ગરમ કરવા મુકો. તેમાં જીરું, અજમો, લીલા મરચાંની પેસ્ટ, પાપડખાર અને મીઠું નાખો. પાણીમાં સરસ ઉભરો (ઉકાળો) આવવા દો. ગેસની આંચ ધીમી કરો અને ધીમે-ધીમે ચોખાનો લોટ ઉમેરતા જાઓ. લોટ નાખતી વખતે સતત હલાવતા રહવું જેથી ગાંઠ ન પડે. કઢાઈ પર ઢાંકીને ૨ થી ૩ મિનિટ માટે મધ્યમ આંચ પર ભાફવા (બાફવા) દો. ગેસ બંધ કરી લોટને બરાબર મિક્સ કરી લો. તૈયાર ખીચું ગરમ-ગરમ ડિશમાં કાઢી ઉપરથી સીંગતેલ અને અથાણાનો મસાલો (અથવા મેથી મસાલો) રેડીને પીરસો.

# ખેલ મંત્રાલયે ટેબલ ટેનિસ ફેડરેશનને કર્યું સસ્પેન્ડ

## ફેડરેશનમાં સમયસર ચૂંટણી યોજાઈ નહોતી : આ ઉપરાંત ફેડરેશનની કામગીરીમાં કેટલીક ખામીઓ જોવા મળી




(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૧૨**

આજે એટલે કે ૧૨ ઓગસ્ટના રોજ ટેબલ ટેનિસ ફેડરેશન ઓફ ઈન્ડિયાને (TTFI) મોટો આંચકો લાગ્યો છે. ખેલ મંત્રાલયે ટેબલ ટેનિસ ફેડરેશન ઓફ ઈન્ડિયાને સસ્પેન્ડ કરી નાખ્યું છે. મંત્રાલયે ફેડરેશનની ખામીઓ દર્શાવતા તેને સસ્પેન્ડ કર્યું છે. મંત્રાલયે ભારતીય ઓલિમ્પિક સંઘને ટેબલ ટેનિસનું એડમિનિસ્ટ્રેશન સંભાળવા માટે એક કમિટી બનાવવાનો નિર્દેશ આપ્યો છે. આવો જાણીએ કે આખરે ખેલ મંત્રાલયે આવો નિર્ણય કેમ લીધો?

રમત મંત્રાલયના જણાવ્યા અનુસાર, ફેડરેશનમાં સમયસર ચૂંટણી યોજાઈ નહોતી. આ ઉપરાંત ફેડરેશનની કામગીરીમાં પણ કેટલીક ખામીઓ જોવા મળી હતી. ત્યારબાદ મંત્રાલયે TTFIને કારણદર્શક નોટિસ પાઠવી હતી. જોકે મંત્રાલયે ફેડરેશન તરફથી મળેલા જવાબને અસંતોષકારક ગણાવ્યો હતો. આથી રમત મંત્રાલયે TTFIને સસ્પેન્ડ કરી દીધું છે. હવે ભારતીય ઓલિમ્પિક સંઘ એક કમિટી બનાવશે, જે TTFIમાં વ્યવસ્થા પુનઃસ્થાપિત ન થાય ત્યાં સુધી ફેડરેશનની કામગીરી પર નજર રાખશે.

વર્ષ ૨૦૨૨માં પણ TTFIને સસ્પેન્ડ કરવામાં આવ્યું હતું. ફેબ્રુઆરી ૨૦૨૨માં દિલ્હી હાઈકોર્ટે ફેડરેશનની એક્ઝિક્યુટિવ કમિટીને સસ્પેન્ડ કરવાનો આદેશ આપ્યો હતો. સ્ટાર ટેબલ ટેનિસ ખેલાડી મનિકા બત્રાની અરજી બાદ આ કાર્યવાહી કરવામાં આવી હતી. મનિકા બત્રાએ ફેડરેશનની સિલેક્શન પોલિસી સામે સવાલો ઉઠાવ્યા હતા. જોકે ડિસેમ્બર ૨૦૨૨માં TTFI પરથી સસ્પેન્શન હટાવી લેવામાં આવ્યું હતું. આ પહેલીવાર નથી જ્યારે કોઈ ભારતીય સ્પોર્ટ્સ ફેડરેશનને સસ્પેન્ડ કરવામાં આવ્યું હોય. આ પહેલાં વર્ષ ૨૦૨૩માં રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાને પણ સસ્પેન્ડ કરવામાં આવ્યું હતું. **સમયસર ચૂંટણી ન યોજવાના કારણે રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા સામે આ કાર્યવાહી કરવામાં આવી હતી.** આ ઉપરાંત વર્ષ ૨૦૨૨માં ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશનને FIFAએ સસ્પેન્ડ કર્યું હતું.

ફેડરેશનમાં બહારના લોકોની દખલગીરીને કારણ ગણાવીને FIFAએ આ નિર્ણય લીધો હતો. જોકે માર્ચ ૨૦૨૫માં ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશનને ફરીથી બહાલ કરવામાં આવ્યું હતું.

# ટેબલસ્પેસ ટેક્નોલોજીસ લિમિટેડે આઈપીઓ માટે સેબીમાં ડીઆરએચપી ફાઈલ કર્યું

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સુરત, તા.૧૨**

વર્કસ્પેસ સોલ્યુશન્સ પ્રોવાઈડર ટેબલસ્પેસ ટેક્નોલોજીસ લિમિટેડ (Table Space) તેના પ્રસ્તાવિત આઈપીઓ માટે સેબી સમક્ષ ડીઆરએચપી ફાઈલ કર્યું છે.

ડીઆરએચપી મુજબ, પ્રસ્તાવિત આઈપીઓમાં રૂ. ૮૦૦ કરોડ સુધીના ઈક્વિટી શેરના ફ્રેશ ઈશ્યૂ અને રૂ.૧ની ફેસ વેલ્યૂ ધરાવતા ૬,૫૪,૭૫,૪૩૨ સુધીના ઈક્વિટી શેરની ઓફર ફોર સેલ (ઓએફએસ) નો સમાવેશ થાય છે. ઓએફએસમાં ઈન્વેસ્ટર પ્રમોટર સેલિંગ શેરહોલ્ડર એજીએસ ટીએસ ૨ હોલ્ડિંગ્સ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા ૪,૯૮,૩૪,૧૪૦ સુધીના ઈક્વિટી શેરનો સમાવેશ થાય છે. (જેનો આખરે માલિકી હક અને નિયંત્રણ હિલહાઉસ ઈન્વેસ્ટમેન્ટના ફંડ્સ પાસે છે).

કંપની ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સ (જીસીસી), ફોર્ચ્યુન ૫૦૦કંપનીઓ અને બહુરાષ્ટ્રીય કંપનીઓ માટે તેમની જરૂરિયાત મુજબ તૈયાર કરવામાં આવેલા, એન્ટરપ્રાઈઝ-ગ્રેડ મેનેજ્ડ વર્કસ્પેસ સોલ્યુશન્સ પૂરા પાડે છે. કંપની વર્કસ્પેસના સમગ્ર જીવનચક્ર દરમિયાન લીઝિંગ, ડિઝાઈન, ફિટ-આઉટ, કામગીરી, ફેસિલિટી મેનેજમેન્ટ અને નિયમોના પાલન સહિતની તમામ સેવાઓ એકીકૃત ‘સિંગલ-ચેક’ મોડલ હેઠળ પૂરી પાડે છે.

એક્સિસ કેપિટલ લિમિટેડ, બેંક ઓફ અમેરિકા સિક્યોરિટીઝ ઈન્ડિયા લિમિટેડ, સીએલએસએ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ, આઈઆઈએફએલ કેપિટલ સર્વિસીસ લિમિટેડ (અગાઉ આઈઆઈએફએલ સિક્યોરિટીઝ લિમિટેડ તરીકે જાણીતી) અને જેએમ ફાઈનાન્શિયલ લિમિટેડ આ ઈશ્યૂના બુક રનિંગ લીડ મેનેજર્સ છે, જ્યારે કેફિન ટેક્નોલોજીસ લિમિટેડ રજિસ્ટ્રાર છે.

# અદાણી ગૃપના ચેરમેન ગૌતમ અદાણી તરફથી ખાસ સંદેશ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**

**સુરત, તા.૧૨ :** અદાણી પરિવારના મારા સાથી સભ્યો નિશંકપણે આ સમાચાર ખુશી લાવ્યા છે, પરંતુ તેથી પણ વિશેષ આ અનુભવે મને નમ્ર બનાવ્યો છે.

આપ સહુ જાણો છો કે, આરંભથી જ આપણે આપણા ઉપર મુકવામાં આવેલા આરોપોને સ્પષ્ટપણે નકારી કાઢ્યા હતા. તેથી, કદાચ આપને એવી અપેક્ષા હશે કે આજે હું એમ કહીશ કે,આપણી વાત સાચી સાબિત થઈ છે.




ના, હું એવું નહીં કહું. કારણ કે આજે, મારી જાતને સાચી સાબિત કરવા કરતાં, મારા માટે એ સમગ્ર સફરને નમ્રતાપૂર્વક યાદ કરવી વધુ મહત્ત્વની છે. એ એક એવી સફર હતી જે કઠિન હતી, પરંતુ તેણે મને ઘણું બધું શીખવ્યું. મને ઘણી સમજણ આપી અને સૌથી વિશેષ તોતેણે, જીંદગી, લોકો અને સંબંધોને એક નવા દ્રષ્ટિકોણથી જોવાની તક આપી. લગભગ બે વર્ષ સુધી આ પ્રક્રિયા ચાલી. આ સફર મુશ્કેલ અને પીડાદાયક બંને હતી, પરંતુ તેણે કાયદાના શાસન અને ન્યાયતંત્રમાં મારા વિશ્વાસને વધુ સુદ્રઢ બનાવ્યો છે. પોતાના સત્યમાં વિશ્વાસ હોવો જરૂરી છે, એ સાથે વ્યક્તિએ પોતાના સત્ય માટે અડગ ઊભા રહેવું પડે અને તેના માટે લડવું પણ પડે છે. અને તે સંપૂર્ણ નિર્ભય બનીને કરવું જોઈએ. આજે, જ્યારે આ પ્રકરણ સમાપ્ત થયું છે, ત્યારે ન્યાયતંત્રમાં મારો વિશ્વાસ પહેલા કરતા પણ વધુ દ્રઢ બન્યો છે. પ્રથમ પેઢીના ઉદ્યોગ સાહસિક તરીકે, હું એ કદીયે ભૂલી શકતો નથી કે અદાણીની પોતાની યાત્રા એ સમાન તકો અને અવસરોની કથા છે. જે કાયદાના શાસન દ્વારા પૂરા પાડવામાં આવ્યા છે. આ યાત્રાએ મને મારા પોતિકા લોકોની તાકાત પણ દર્શાવી. જ્યારે બહાર ઘણો હોબાળો મચેલો હતો, ત્યારે આપણી ટીમો, કર્મચારીઓ, કામદારો, સપ્લાયર્સ, વિક્રેતાઓ, કોન્ટ્રાક્ટર્સ અને ભાગીદારો પોતપોતાનું કામ શાંતિથી કરી રહ્યા હતા. અને કદાચ એટલે જ, જે વર્ષોને આપણા માટે સૌથી કઠીન ગણવામાં આવતા હતા, તે આપણા સમૂહના અસ્તિત્વના ઈતિહાસના શ્રેષ્ઠ વર્ષો પૂરવાર થયા. આનો શ્રેય આપ સર્વને ફાળે જાય છે.

એટલું જ નહીં આ સફરે માનવતામાં પણ મારા વિશ્વાસને વધુ ગાઢ બનાવ્યો છે. હું દેશમાં જ્યાં પણ ગયો, જેમને હું ઓળખતો પણ નહોતો. એવા લોકોને મળ્યો તે વખતે કોઈ મારો હાથ પકડીને કહેતું, ‘અમે તમારી સાથે છીએ.’કોઈ કહેતા હતા- ‘અમે તમારા માટે પ્રાર્થના કરી રહ્યા છીએ.’ તો ઘણા એક પણ શબ્દ બોલ્યા વિના માત્ર હાથ જોડતા હતા.તેઓનો મારામાં કોઈ સ્વાર્થ નહોતો. માત્ર સ્નેહ હતો. આ સ્નેહ..હું જીવીશ ત્યાં સુધી કદાપી નહીં ભૂલું. હું તેમનો પણ આભારી છું જેમણે આપણી ટીકા કરવા સાથે કઠિન પ્રશ્નો પણ પૂછેલા.હું ટીકાને પણ હંમેશા એક તક તરીકે જોઉ છું. ટીકાનો હેતુ ગમે તે હોય, મારા માટે તે પોતાનામાં ડોકિયું કરવાની અને મારી જાતને સુધારવાની એક તક છે.અને આખરે પરમતત્વનો આભાર; તેમણે મને જીવનમાં મારી અપેક્ષા કરતાં અનેકગણું વધારે આપ્યું છે.તેમણે મને સારા સમયની સાથે કઠિન કસોટીઓ પણ આપી. આજે, હું એમ નથી પૂછતો કે આ કસોટી શા માટે આવી.

હું એટલા માટે આભારી છું કે કસોટીઓના લીધે મને થોડું વધારે શીખવાની, વધારે સમજવાની અને કદાચ થોડો વધુ વિનમ્ર બનવાની તક મળી.આજે જ્યારે હું આ સમગ્ર અધ્યાયના પાછલા પાના ઉપર નજર નાખું છું, ત્યારે મને વિનમ્રતા અને કૃતજ્ઞતાનો અહેસાસ થાય છે...

તે સાથે જ આ યાત્રામાંથી મળેલા બોધપાઠોનું પણ સ્મરણ થાય છે. પરંતુ મિત્રો, આ અટકવાનું કે પછી સિદ્ધિઓથી સંતોષ માનીને બેસી રહેવાનું ટાણું નથી. એક અધ્યાય સમાપ્ત થયો છે, પરંતુ આપણી મજલ લાંબી છે અને આપણી જવાબદારી પણ વધુ મોટી છે. તેથી, આવો, આપણે આ યાત્રામાંથી ભણેલા પાઠોને આગળ વધારીએ, વધુ કઠોર પરિશ્રમ કરીએ, રોજેરોજ સુધારો કરીએ અને સૌ સાથે મળી વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરીએ. છેલ્લે, આપનો ભરોસો, આપ બધાનું પ્રચંડ પીઠબળ અને આપના લાગણીસભર સ્નેહ બદલ સૌનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરૂ છું.

## સુરતમાં પૂર અસરગ્રસ્તો હજુ સહાયથી વંચિત

# ખાડી પૂરના કારણે ઘરોમાં થયું નુકસાન, વળતર નહીં મળતાં મહિલાઓએ ધરણાં શરૂ કર્યા

(સંપૂર્ણ સમાચાર સેવા) **સુરત,તા.૧૨**

સુરત શહેરમાં તાજેતરમાં ભારે વરસાદ અને ખાડી પૂરના કારણે અનેક વિસ્તારો જળબંબાકાર થયા હતા.આ પૂરના પાણી ઘરોમાં ઘૂસી જતાં રહીશોને ભારે આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો હતો.સરકાર દ્વારા પૂર અસરગ્રસ્તો માટે કેશ ડોલ અને રાહત સહાયની જાહેરાત કરવામાં આવી હતી પરંતુ દિવસો વિતી ગયા છતાં ડીંડોલી અને ગોડાદરા વિસ્તારના અનેક રહીશો આજે પણ આ સરકારી સહાયથી વંચિત રહ્યા છે.તંત્રના ઉપેક્ષિત વલણથી કંટાળીને આજે ૫૦થી વધુ મહિલાઓ સુરત જિલ્લા કલેક્ટર કચેરી ખાતે આવી પહોંચી હતી અને યોગ્ય જવાબ ન મળતાં કચેરી પરિસરમાં જ ધરણા પર બેસીને વિરોધ શરૂ કર્યો હતો.



પ્રાપ્ત વિગતો અનુસાર, ગોડાદરા અને ડીંડોલી વિસ્તારમાં આવેલી રણછોડ નગર, વૃંદાવન, દેવીદર્શન, સાંઈ ધામ, પ્રિયંકા ૧ અને પ્રિયંકા ૨ સહિતની ૧૫થી વધુ સોસાયટીઓના રહીશોને હજુ સુધી સરકારી રાહત કે કેશ ડોલની ચૂકવણી કરવામાં આવી નથી.પૂર દરમિયાન આ તમામ સોસાયટીઓ સતત ત્રણ-ત્રણ દિવસ સુધી પાણીમાં ગરકાવ રહી હતી.ઘરવખરી અને કિંમતી સામાન પાણીમાં પલળી જતાં લોકોને મોટું આર્થિક નુકસાન થયું હતું.અસરગ્રસ્ત મહિલાઓએ આક્રોશ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, શહેરમાં અન્ય તમામ પૂર અસરગ્રસ્તોને સરકારની કેશ ડોલ સહાય મળી ગઈ છે પરંતુ અમારી સોસાયટીઓ સાથે અન્યાય થઈ રહ્યો છે. કલેક્ટર વિભાગથી લઈને સ્થાનિક મહાનગરપાલિકા તંત્ર સુધી અવારનવાર રજૂઆતો કરવા છતાં માત્ર પોલા આશ્વાસનો જ મળે છે.સ્થાનિક અધિકારીઓ સતત ધક્કા ખવડાવી રહ્યા છે પણ અમારી કોઈ વાત સાંભળવા તૈયાર નથી.કલેક્ટર કચેરી ખાતે પહોંચેલી મહિલાઓએ જ્યારે અધિકારીઓ સમક્ષ રજૂઆત કરી ત્યારે ફરી એકવાર સંતોષકારક જવાબ ન મળતાં મામલો બિચક્યો હતો. રોષે ભરાયેલી મહિલાઓએ કચેરી આગળ બેસીને સૂત્રોચ્ચાર કર્યા હતા અને ધરણા શરૂ કરી દીધા હતા. મહિલાઓએ સ્પષ્ટ માગ કરી છે કે જ્યાં સુધી ૧૫ થી વધુ સોસાયટીના તમામ અસરગ્રસ્ત પરિવારોને હકની કેશ ડોલ સહાય ચૂકવવામાં નહીં આવે ત્યાં સુધી તેમનો વિરોધ ચાલુ રહેશે.

**(પહેલાં પાનાનું ચાલુ)**

**સેલવાસમાં પ્રેમિકાની હત્યા...**

સેલવાસમાં ચાલીના બાથરૂમમાંથી બેગની અંદરથી મહિલાની લાશ આવી મળી હતી. જેના આરોપીને ઉત્તરપ્રદેશ(યુ.પી.) એસટીએફ અને દાનહ પોલીસ દ્વારા પકડી ધરપકડ કરવામાં આવી છે. પ્રેમીના પ્રેમમાં પડી પોતાના પહેલા પતિને છોડનાર એક મહિલાનો ખતરનાક અંત આવ્યો હતો. મહિલાના પ્રેમીએ જ એની બેરહેમીથી હત્યા કરી અને લાશને બે મહિના સુધી સુટકેશમાં બંધ રાખી હતી. આ ઘટનામાં આરોપી પ્રેમી ઋષભ કુમાર સિંહને યુપી એસટીએફ અને સેલવાસ પોલીસની ટીમે વારાણસીના મંડુવાડીહ વિસ્તારમાં ચાંદપુર ઔદ્યોગિક વિસ્તારમાંથી ધરપકડ કરવામાં આવી હતી.

પોલીસની ટીમ નામ બદલીને ફેક્ટરીમાં મજૂરી કામ કરતા હતા. પોલીસ અધિકારીના અનુસાર આરોપી ઋષભ કુમાર સિંહ બિહારના નવાડા સ્થિત સિંદુરનો રહેવાસી છે. તે પોતાની પ્રેમિકા છોટી ઉપાધ્યાય (ઉ.વ.૨૦)ની હત્યા કર્યા બાદ સેલવાસથી ફરાર થઈ વારાણસીમાં છુપાયેલ હતો. ત્યાં તે પોતાની ઓળખ છુપાવી એક ફેકટરીમાં મજૂરીનું કામ કરી રહ્યો હતો. યુપી એસટીએફ અને સેલવાસ પોલીસુ સંયુક્ત કાર્યવાહી કરી ગુપ્ત માહિતીના આધારે ચાંદપુર સ્થિત શુભકામના રિયલ ટેકમાં નજર રાખી આરોપીની ધરપકડ કરી હતી.

આ આખી ઘટના ત્યારે સામે આવી જ્યારે ૦૩ ઓગસ્ટના રોજ સેલવાસ ટોકરખાડામાં એક ચાલીમાં બંધ રૂમમાં દુર્ગંધ આવવા લાગી ત્યારે મકાન માલિકે જ્યારે રૂમ ખોલ્યો તો જોતા સાથે દંગ રહી ગયા હતા. રૂમની અંદર બાથરૂમમાં બેગમાં મહિલાની લાશ હતી જે આખી પ્લાસ્ટિકથી ઢાકેલ હતી. પોલીસ તપાસમાં લાશની ઓળખ છોટી ઉપાધ્યાય તરીકે થઈ હતી. પીએમ રિપોર્ટના આધારે આ લાશ બે મહિના જૂની હોવાનું માલુમ થયું હતું.

જાણકારી અનુસાર મૃતક છોટી નવાડા રહેવાસી બિહાર. જે પોતાના પતિને છોડીને એના પ્રેમી ઋષભની સાથે ભાગી ગઈ હતી અને બન્નેએ સેલવાસ આવી લગ્ન કર્યા હતા. આ ઘટનામાં આરોપી ઋષભ વિરુદ્ધ બિહારમાં અગાઉથી જ અપહરણની પ્રાથમિક ફરિયાદ દાખલ થયેલ હતી.

ઉત્તરપ્રદેશની પોલીસે ધરપકડ કર્યા બાદ આરોપી ઋષભ સિંહને કોર્ટમાં રજૂ કર્યો હતો. કોર્ટની મંજૂરી બાદ સેલવાસ પોલીસે આરોપીને ટ્રાન્સફર રિમાન્ડ પર લાવી હતી. બાદમાં વધુ તપાસ સેલવાસ પોલીસ કરી હતી. સેલવાસ પોલીસ દ્વારા કોર્ટમાં રજૂ કરાતા નામદાર કોર્ટે આરોપીના છ દિવસના પોલીસ રિમાન્ડ મંજૂર કર્યા હતા.

**(પહેલાં પાનાનું ચાલુ)**

**વણાંકબારા ખાતેના...**

લાઈસન્સ આશરે એક વર્ષ અગાઉ જ સમાપ્ત થઈ ગયું હતું અને તેનું સમયસર નવીનીકરણ કરવામાં આવ્યું ન હતું. આ ઉપરાંત, દુકાન તથા રસોડાની સ્વચ્છતા પણ યોગ્ય ન હોવાનું જણાયું હતું. ઉપયોગમાં લેવામાં આવતી કેટલીક ખાદ્ય સામગ્રીમાં કીટકો જોવા મળ્યા હતા. અનેક ખાદ્ય પદાર્થો યોગ્ય રીતે ઢાંકીને રાખવામાં આવ્યા ન હતા તેમજ કેટલાક ખાદ્ય પદાર્થો પર ઉત્પાદન તારીખ અને એક્સપાયરી તારીખની કોઈ વિગતો ઉપલબ્ધ નહોતી.

તપાસ દરમિયાન ઉપયોગમાં લેવાતો ફ્રીઝર પણ અસ્વચ્છ હાલતમાં જોવા મળ્યો હતો. તેમજ ખાદ્ય સામગ્રી પર જરૂરી FSSAI માર્કિંગ તથા લેબલિંગની વિગતો ઉપલબ્ધ ન હોવાનું પણ જણાયું હતું. રસોડામાં કામ કરતા ફૂડ હેન્ડલર/કૂકનું જરૂરી મેડિકલ ફિટનેસ પ્રમાણપત્ર પણ ઉપલબ્ધ નહોતું.

આ તમામ ગંભીર ખામીઓને ધ્યાનમાં રાખીને ફૂડ સેફટી ઓફિસર શ્રી ટિંકેશ હસમુખલાલ બામણિયા દ્વારા અમર ફરસાણ એન્ડ કેટરર્સને પાંચ દિવસ માટે બંધ કરાવવામાં આવ્યું છે. પ્રતિષ્ઠાનના સંચાલકને પાંચ દિવસ દરમિયાન સંપૂર્ણ સ્વચ્છતા જાળવવા, રસોડું અને ફ્રીઝરની યોગ્ય સફાઈ કરવા, તમામ ખાદ્ય સામગ્રીને યોગ્ય રીતે ઢાંકીને અને સ્વચ્છ રીતે સંગ્રહિત કરવા, માન્ય FSSAI લાઈસન્સનું નવીનીકરણ કરાવવા તથા ફૂડ હેન્ડલર/કૂકનું મેડિકલ કરાવવા સૂચના આપવામાં આવી છે. સાથે જ, સંચાલકને સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે કે ભવિષ્યમાં માત્ર માન્ય FSSAI લાઈસન્સ ધરાવતી અને યોગ્ય લેબલિંગ, ઉત્પાદન તારીખ તથા એક્સપાયરી તારીખ દર્શાવતી ખાદ્ય સામગ્રીનો જ ઉપયોગ કરવામાં આવે. તૈયાર ફરસાણ, ભજીયા, ખમણ, વડાપાઉં વગેરેને સીધા અખબારના કાગળમાં આપવાને બદલે ફૂડ-ગ્રેડ પેપર અથવા સલામત પેકિંગ સામગ્રીનો ઉપયોગ કરવા પણ માર્ગદર્શન આપવામાં આવ્યું છે.

પાંચ દિવસ બાદ ફૂડ સેફટી વિભાગ દ્વારા પ્રતિષ્ઠાનનું પુનઃનિરીક્ષણ કરવામાં આવશે. તમામ ખામીઓ દૂર કરવામાં આવી હોવાની અને જરૂરી નિયમોનું સંપૂર્ણ પાલન થતું હોવાનું જણાયા બાદ જ દુકાન ફરી શરૂ કરવાની મંજૂરી આપવામાં આવશે.

આ કાર્યવાહી ડેઝિગ્નેટેડ ઓફિસર ડૉ. અશોક મુંચવાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી. ફૂડ સેફટી વિભાગ દ્વારા તમામ ખાદ્ય વ્યવસાય સંચાલકોને સ્વચ્છતા, ખાદ્ય સુરક્ષા અને FSSAIના નિયમોનું કડક પાલન કરવા અપીલ કરવામાં આવી છે. સાથે જ સામાન્ય જનતાને પણ અપીલ કરવામાં આવે છે કે તેઓ હંમેશા સ્વચ્છતા જાળવતા અને માન્ય લાઈસન્સ ધરાવતા પ્રતિષ્ઠાનમાંથી જ ખાદ્ય પદાર્થોની ખરીદી કરે અને ખાદ્ય પદાર્થોની ગુણવત્તા, પેકિંગ, ઉત્પાદન તારીખ તથા એક્સપાયરી તારીખની ચકાસણી કર્યા બાદ જ તેનો ઉપયોગ કરે.

**(પહેલાં પાનાનું ચાલુ)**

**ભારત સરકાર ચંદીગઢ...**

ઉપભોક્તા બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ રાજ્ય મંત્રી શ્રીમતી નિમુબેન જયંતીભાઈ બાંભણિયા અને અન્ય મહાનુભાવો હાજર રહેશે.

PMGKAY હેઠળ સીબીડીસી (CBDC) આધારિત ડીબીટી (DBT)નું લોન્ચિંગ આધુનિક, પારદર્શી અને ટેક્નોલોજી સંચાલિત કલ્યાણકારી વિતરણ ઈકોસિસ્ટમ બનાવવા તરફની ભારતની યાત્રામાં એક મહત્ત્વપૂર્ણ માઈલસ્ટોન દર્શાવે છે.

ચંદીગઢ અને દાદરા નગર હવેલી તમામ પાત્ર પીએમજીકેએવાય લાભાર્થીઓને પ્રોગ્રામેબલ સેન્ટ્રલ બેંક ડિજિટલ કરન્સી (CBDC ડિજિટલ રૂપિયો) ટોકન્સના રૂપમાં સીધા તેમના સીબીડીસી વોલેટમાં ખાદ્ય સબસિડી ટ્રાન્સફરને કાર્યરત કરનારા દેશના પ્રથમ કેન્દ્રશાસિત પ્રદેશો બનવા માટે તૈયાર છે.

પુડુચેરી અને ગુજરાતમાં અગાઉના પાઈલટ અમલીકરણ પર નિર્માણ કરીને, આ રોલઆઉટ લક્ષ્યાંકિત કેન્દ્રશાસિત પ્રદેશોમાં તમામ પાત્ર લાભાર્થીઓના સંપૂર્ણ ડિજિટલ સ્વીકાર અને સેચ્યુરેશન દર્શાવે છે.

સીબીડીસી આધારિત ડીબીટી મોડેલ હેઠળ, પાત્ર પીએમજીકેએવાય લાભાર્થીઓને પરંપરાગત બેંક ખાતામાં ટ્રાન્સફર કરવાના બદલે સીધા તેમના સીબીડીસી વોલેટમાં ખાદ્ય સબસિડી મળશે. ત્યારબાદ સબસિડીનો ઉપયોગ પેનલબદ્ધ વેપારીઓ પાસેથી સુરક્ષિત, શોધી શકાય તેવી અને રિયલટાઈમ ડિજિટલ પેમેન્ટ સિસ્ટમ દ્વારા અન્ન ધાન્ય ખરીદવા માટે કરી શકાશે.

સીબીડીસી સક્ષમ ડીબીટી મોડેલ જાહેર ભંડોળનું પારદર્શક અને એન્ડ ટુ એન્ડ ટ્રેસેબલ વિતરણ સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કરે છે, જ્યારે પરંપરાગત સબસિડી વિતરણ પ્રણાલીઓ સાથે સંકળાયેલી લીકેજ, ડાયવર્ઝન અને રોકડ હેન્ડલિંગ ઘટાડે છે. તે લાભાર્થીઓને તાત્કાલિક અને સુરક્ષિત લાભો ટ્રાન્સફર કરવા માટે સુગમ બનાવશે અને સરળ વોલેટ આધારિત વ્યવહારો દ્વારા નાણાકીય સમાવેશને પ્રોત્સાહન આપશે.

આ પહેલ સબસિડીના ઉપયોગના ઉત્તરદાયિત્વ અને રિયલટાઈમ મોનિટરિંગને વધુ મજબૂત બનાવશે અને ભવિષ્યની ચુકવણી પ્રણાલીઓ માટે ડિજિટલ રૂપિયાની ક્ષમતા દર્શાવશે.

આ રોલઆઉટ દેશ માટે એક પ્રૂફ ઓફ કન્સેપ્ટ અને અન્ય રાજ્યો તથા કેન્દ્રશાસિત પ્રદેશો દ્વારા અપનાવવા માટે સ્કેલેબલ ટેમ્પલેટ તરીકે પરિકલ્પિત છે. તે કલ્યાણકારી યોજનાઓ સાથે સીબીડીસીના એકીકરણ અંગે મૂલ્યવાન ઓપરેશનલ અનુભવ પૂરો પાડે તેવી અપેક્ષા છે અને ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત કરવા તથા નવીન તકનીકો દ્વારા નાગરિક કેન્દ્રિત સેવાઓ પૂરી પાડવાના સરકારના દ્રષ્ટિકોણને ટેકો આપશે.

દાંડી દરિયા કિનારાની સ્વચ્છતા, પ્રવાસી સુવિધાઓ અને વિકાસલક્ષી કામગીરીનું જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાની દ્વારા સ્થળ નિરીક્ષણ

# સ્વચ્છતા અભિયાન હેઠળ દાંડી દરિયા કિનારાની સ્વચ્છતા માટે ૮૫૦ જેટલા સેવાકર્મીઓ જોડાયા

**સ્વચ્છતા માટે વસૂલાતી રકમ અંગે વાર્ષિક ઓડિટ રિપોર્ટ રજૂ કરવા કલેક્ટર મનીષ ગુરવાનીએ આપેલી કડક સૂચના**



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
નવસારી, તા.૧૨

નવસારી જિલ્લા કલેક્ટરશ્રી મનીષ ગુરવાનીએ દાંડી ગામ અને દાંડી દરિયા કિનારાની મુલાકાત લઈ સ્વચ્છતા, પ્રવાસી સુવિધાઓ, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ તથા વિવિધ વિકાસલક્ષી કામગીરીનું સ્થળ નિરીક્ષણ કર્યુ હતું. મુલાકાત દરમિયાન જિલ્લા કલેક્ટરશ્રી મનીષ ગુરવાનીએ સંબંધિત અધિકારીઓ અને ગ્રામજનો પાસેથી વિવિધ કામગીરી અંગે વિગતવાર જાણકારી મેળવી જરૂરી સૂચનાઓ આપી હતી.

કલેક્ટરશ્રી મનીષ ગુરવાનીએ સૌપ્રથમ દાંડી દરિયા કિનારાની સ્વચ્છતા વ્યવસ્થાની મુલાકાત લઈ સફાઈ કામગીરીની સમીક્ષા કરી હતી. દાંડી બીચની સ્વચ્છતા જાળવવા માટે આશરે ૮૫૦ જેટલા સેવાકર્મીઓ જોડાયા હતા. દરિયા કિનારા પર સ્વચ્છતા સતત જળવાઈ રહે, કચરાનું યોગ્ય રીતે એકત્રીકરણ અને નિકાલ થાય તથા પ્રવાસીઓને સ્વચ્છ અને સુંદર વાતાવરણ મળી રહે તે અંગે કલેક્ટરશ્રીએ સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચનાઓ અને માર્ગદર્શન આપ્યું હતું.

**દાંડી પ્રાર્થના મંદિર, સૈફીવિલા અને નેશનલ સોલ્ટ મેમોરિયલની મુલાકાત લઈ પ્રવાસન સુવિધાઓ અંગે તાગ મેળવ્યો અને જરૂરી માર્ગદર્શન આપ્યું**

ત્યારબાદ કલેક્ટરશ્રીએ વન ચેતના કેન્દ્ર, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટની કામગીરી તેમજ પ્રવાસીઓ માટે ઉપલબ્ધ વિવિધ સુવિધાઓનું સ્થળ નિરીક્ષણ કર્યુ હતું. પ્રવાસન સ્થળ તરીકે દાંડી ખાતે આવતા પ્રવાસીઓને સ્વચ્છ, સુઘડ અને સુવિધાયુક્ત વાતાવરણ મળી રહે તે માટે જરૂરી કામગીરી સુનિશ્ચિત કરવા સૂચના આપવામાં આવી હતી.

દાંડી ગામ ખાતે ગ્રામ વિકાસ સેવા સમિતિ દ્વારા પ્રવાસીઓ પાસેથી સ્વચ્છતા માટે વાહન દીઠ રકમ વસૂલવામાં આવતી હોવા અંગે કલેક્ટરશ્રીએ વિગતવાર માહિતી મેળવી હતી. આ વિશે તેમણે સમિતિની રચના કયા અધિકૃત ઠરાવ/આદેશથી કરવામાં આવી છે, તેની સંપૂર્ણ વિગતો રજૂ કરવા તેમજ સ્વચ્છતા માટે વસૂલવામાં આવતી રકમનો યોગ્ય હિસાબ રાખી વાર્ષિક ઓડિટ રિપોર્ટ રજૂ કરવા કડક સૂચના આપી હતી. સમગ્ર કામગીરીમાં પારદર્શિતા અને નિયમોનુસાર નાણાકીય વ્યવસ્થા જળવાય તે અંગે પણ તેમણે ભાર મૂક્યો હતો.

આ ઉપરાંત કલેક્ટરશ્રીએ પ્રાર્થના મંદિર ખાતે ૧૫મા નાણાં પંચની ગ્રાન્ટ હેઠળ બનાવવામાં આવેલ ફિલ્ટર રૂમ તથા દુકાનનું નિરીક્ષણ કર્યું હતું. સ્થળ પરની કામગીરી, ઉપયોગિતા અને જાળવણી અંગે જાણકારી મેળવી જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.

કલેક્ટરશ્રીએ સૈફીવિલા અને નેશનલ સોલ્ટ મેમોરિયલની પણ મુલાકાત લઈ ત્યાં ઉપલબ્ધ પ્રવાસન સુવિધાઓ અને વ્યવસ્થાઆનું નિરીક્ષણ કર્યું હતું. પ્રવાસન સ્થળોની જાળવણી, સ્વચ્છતા, સુવિધાઓમાં સુધારો તથા મુલાકાતીઓને વધુ સારી સુવિધા મળી રહે તે માટે સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચના આપી હતી.

આ મુલાકાત દરમિયાન જિલ્લા વિકાસ અધિકારીશ્રી કાર્તિક જીવાણી, પ્રાંત અધિકારીશ્રી જનમ ઠાકોર, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી ખ્યાતિ પટેલ, મામલતદારશ્રી ઈસરાની, તાલુકા વિકાસ અધિકારીશ્રી, સરપંચશ્રી તેમજ ગામના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# અતુલ ફાઉન્ડેશન દ્વારા નવનિર્મિત આંગણવાડીઓનું લોકાર્પણ કરાયું



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
વલસાડ, તા.૧૨

વલસાડ જિલ્લાનાં અંતરિયાળ ગામો નવેરા, કચીગામ અને પંચલાઈ ખાતે બાળકોને સુવિધાયુક્ત અને સુરક્ષિત વાતાવરણમાં પ્રાથમિક શિક્ષણ, પોષણ અને સંભાળ મળી રહે તે હેતુથી અતુલ ફાઉન્ડેશન દ્વારા નવનિર્મિત આંગણવાડી કેન્દ્રનું ભવ્ય લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

નવનિર્મિત આંગણવાડી કેન્દ્રનું લોકાર્પણ અતુલ કંપનીનાં જનરલ મેનેજર શ્રી ગૌતમભાઈ દેસાઈનાં શુભ હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અતુલ ફાઉન્ડેશનનાં અધિકારીઓ, ગામનાં સરપંચ, આંગણવાડી કાર્યકર બહેનો, શિક્ષકો, વાલીઓ તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી ગૌતમભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, આંગણવાડી કેન્દ્ર માત્ર બાળકોના શિક્ષણ માટેનું સ્થળ નથી, પરંતુ બાળકોના સર્વાંગી વિકાસ, પોષણ અને આરોગ્ય માટે પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. નવા આંગણવાડી કેન્દ્રમાં બાળકોને અનુકૂળ વાતાવરણ, જરૂરી પાયાની સુવિધાઓ તથા અભ્યાસ અને રમતગમત માટેની વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ સુવિધાના કારણે ગામના નાના ભૂલકાંઓને વધુ સારૂ અને સુવિધાયુક્ત વાતાવરણ મળશે જે તેમના સર્વાંગી વિકાસમાં મદદરૂપ થશે.

આ પ્રસંગે સરપંચશ્રીઓ, આંગણવાડીની બહેનો, ગામનાં આગેવાનો તથા ગ્રામજનો દ્વારા નવનિર્મિત આંગણવાડીની ભેટ બદલ અતુલ ફાઉન્ડેશનનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. સાથે જ આંગણવાડી કેન્દ્રનો યોગ્ય ઉપયોગ અને જાળવણી કરી બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે સૌ સાથે મળીને કાર્ય કરવાનો સંકલ્પ કરવામાં આવ્યો હતો.

# પારડીમાં ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ વિશ્વકર્માના જન્મદિવસે વાત્સલ્ય શાળાના બાળકોને ભોજન કરાવ્યું

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
પારડી, તા.૧૨

તારીખ ૧૨ ઓગસ્ટના રોજ ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ પ્રમુખ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માજીનો જન્મદિવસ હોય પારડી શહેર ભાજપ સંગઠન દ્વારા પારડીની માનસિક તથા શારીરિક રીતે દિવ્યાંગ બાળકોની વાત્સલ્ય શાળાના બાળકોને ભોજન કરાવી સેવા સંવેદના અને સંગઠનની ભાવનાને વધુ મજબૂત બનાવતો પ્રસંગ ઉજવાયો હતો જે સૌ માટે પ્રેરણાદાયી ઉદાહરણ



બની રહ્યો હતો.

આ પ્રસંગે પારડી શહેર ભાજપ પ્રમુખ વિપુલભાઈ પટેલ મહામંત્રી ઝુબીનભાઈ દેસાઈ, પારડી નગરપાલિકા કારોબારી અધ્યક્ષ ચેતનભાઈ ભંડારી, ટી.પી. ચેરમેન શિરીષભાઈ પટેલ, બાંધકામ અધ્યક્ષ પ્રણવભાઈ દેસાઈ, નગરપાલિકા સદસ્ય ભૂમિબેન પારેખ, શહેર સંગઠનના મુન્નાભાઈ, અજીતભાઈ ભંડારી, લાલજીભાઈ સહિત મોટી સંખ્યામાં શહેર સંગઠનના હોદ્દેદારો તથા પારડી નગરપાલિકાના સદસ્યો ઉપસ્થિત રહી આજના આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

નાનાપોંઢા ખાતે નારી વંદન ઉત્સવ-૨૦૨૬ અંતર્ગત

# મહિલા કર્મયોગી દિવસ નિમિત્તે વિદ્યાર્થીઓ માટે જાગૃતિ કાર્યક્રમ યોજાયો



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
વલસાડ, તા.૧૨

રાજ્ય સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા આયોજિત નારી વંદન ઉત્સવ-૨૦૨૬ અંતર્ગત ઉજવાતા મહિલા કર્મયોગી દિવસ નિમિત્તે વલસાડ જિલ્લાના નાનાપોંઢા તાલુકામાં આવેલી વિનયન વાણિજ્ય કોલેજ એન્ડ હાઈસ્કૂલ ખાતે ૧૮૧ અભયમ્ મહિલા હેલ્પલાઈન દ્વારા જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓને ૧૮૧ અભયમ્ મહિલા હેલ્પલાઇન, ૧૮૧ મોબાઈલ એપ્લિકેશન, ૧૧૨ ઈમરજન્સી સેવા, મહિલા સુરક્ષા, સાયબર સુરક્ષા, મહિલા અધિકારો તથા કટોકટીની પરિસ્થિતિમાં ઉપલબ્ધ સરકારી સહાય સેવાઓ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. ઉપરાંત મહિલાઓ અને કિશોરીઓ પોતાની સુરક્ષા માટે ઉપલબ્ધ સેવાઓનો અસરકારક ઉપયોગ કેવી રીતે કરી શકે તે અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

મહિલા કર્મયોગી દિવસની ઉજવણીનો મુખ્ય હેતુ મહિલાઓ અને કિશોરીઓમાં સુરક્ષા અંગે જાગૃતિ લાવવી, આત્મવિશ્વાસ વધારવો તેમજ સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવતી વિવિધ સેવાઓ અને કલ્યાણકારી યોજનાઓ વિશે માહિતગાર કરવાનો છે. આવા કાર્યક્રમો દ્વારા મહિલા સશક્તિકરણને પ્રોત્સાહન મળે છે અને સુરક્ષિત સમાજના નિર્માણમાં મહત્વપૂર્ણ યોગદાન મળે છે.

કાર્યક્રમમાં ૧૮૧ અભયમ્ મહિલા હેલ્પલાઈન વલસાડ લોકેશનના કાઉન્સેલર કંચન ટંડેલ દ્વારા વિદ્યાર્થીઓને ઉપયોગી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક કાર્યક્રમમાં ભાગ લઈ વિવિધ પ્રશ્નોના સંતોષકારક જવાબો મેળવ્યા હતા, જેના પરિણામે કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

સુરત શહેરમાં વેસુ-મુક્તિમહાનગરે ખાતે વિરાટ ગુણાનુવાદ સભા યોજાઈ

# જિનશાસનજ્યોતિર્ધર જૈનાચાર્યશ્રી વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા શાસનના આરાધક-પ્રભાવક અને રક્ષક હતા: વિજયમુક્તિપ્રભસૂરિજી

(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૧૨

આજથી બરાબર ૧૧૩ વર્ષ પૂર્વે ગુજરાતના ગંધાર બંદરે વિ.સં.૧૯૬૯ના પોષ સુદ ૧૩ના જૈનદીક્ષા અંગીકાર કરનાર ત્રિભુવનકુમારમાંથી મુનિરામવિજયજી બનેલા અને આગળ વધતાં વીસમી સદીના સુપ્રસિદ્ધ મહાન જૈનાચાર્યશ્રી વિજયરામચન્દ્રસૂરીશ્વરજી તરીકે વિશ્વવિખ્યાત બન્યા હતા.





ગઈકાલે અષાઢ વદ-૧૪ તા.૧૧ ઓગસ્ટ મંગળવારના રોજ ભારતભરના અનેક જૈન સંઘોમાં સ્વર્ગસ્થ જૈનાચાર્યશ્રીની સ્વર્ગતિથિ નિમિત્તે ગુણાનુવાદ પ્રવચન યોજાયા હતા.

સુરત શહેરના વૈભવશાળી વેસુ વિસ્તારમાં મુક્તિમહાનગરી ખાતે આજરોત તા.૧૨ ઓગસ્ટના સુરત શહેરના આઠ જૈન સંઘો દ્વારા સંયુક્તપણે વિરાટ ગુણાનુવાદ સભાનું આયોજન દીક્ષાયુગપ્રવર્તક ''સૂરિરામચન્દ્ર'' સમુદાયના તેજસ્વી સિતારા સમા જૈનાચાર્યશ્રી વિજયમુક્તિપરભસૂરીશ્વરજી મહારાજા તથા જૈનાચાર્યશ્રી વિજયશ્રેયાંસપ્રભસૂરીશ્વરજી મહારાજાની પ્રમુખ નિશ્રામાં સવારે ૯:૦૦ પ્રારંભ થયેલ અને બપોરે ૨:૦૦ કલાકે સમાપન થયો હતો.

આ વિરાટ ગુણાનુવાદ સભાનો પ્રારંભ જૈનાચાર્યશ્રીના મંગલાચરણથી થયા બાદ સુપ્રસિદ્ધ સંગીતકાર નિલેશ શાહ દ્વારા ગુરુગુણગીતની પ્રસ્તુતિ થયેલ. ત્યારબાદ સૌપ્રથમ (૧) મુ.શ્રી હર્ષકીર્તિવિજયજી મહારાજે સ્વર્ગસ્થ જૈનાચાર્યશ્રીની પંચાચારની વિશુદ્ધિ કેવી હતી? તે પોતાના ગુણાનુવાદમાં વર્ણવી હતી. (૨) ઉપાધ્યાયશ્રી શ્રમણતિલકવિજયજી મહારાજે પંચિદિયસૂત્રના આધારે આચાર્યશ્રીના ૩૬ ગુણો બતાવેલ. (૩) આચાર્યશ્રી વિજયપુણ્યરક્ષિતસૂરિજીએ જૈનાચાર્યશ્રીની શુદ્ધપુરૂપણા ગુણને વર્ણવી ૯ નો આંકડો સાથે જૈનાચાર્યશ્રીનો શું સંબંધ હતો? તે વર્ણવી પ્રવચનસભાના શ્રોતાઓમાં આનંદનું વાતાવરણ પેદા કરી દીધું હતું. (૪) પૂ.આ.શ્રી વજિયસમ્યગદર્શનસૂરિજીએ જૈનાચાર્યશ્રીનો દેવ-ગુરુ પ્રત્યે જે ''સમર્પણ'' ભાવનો વિશિષ્ટ ગુણ હતો તેનું પ્રકાશન કરેલ. (૫) પૂ.આ.શ્રી વિજયવજ્રભૂષણસૂરિજીએ જૈનાચાર્યશ્રીએ જૈનશાસનમાં દીક્ષાધર્મનો કેવો ડંકો વગાડ્યો? તેની અનુમોદના કરેલ. (૬) પૂ.આ.શ્રી ભુવનભૂષણસૂરિજીએ જૈનાચાર્યશ્રીની નિસ્પૃહતા-નિર્લેપતા-નિર્ભયતા-સહનશીલતા ગુણોની પ્રશંસા કરી હતી. (૭) પૂ.આ.શ્રી ભવ્યભૂષણસૂરિજીએ જૈનાચાર્યશ્રી અડોલ વ્યક્તિત્વના ધારક તરીકે નવાજ્યા હતા. (૮) પૂ.આ.શ્રી વિજયશ્રેયાંસપ્રભસૂરિજીએ જૈનાચાર્યશ્રીએ જૈનશાસનની કરેલ આરાધના-પ્રભાવના અને રક્ષાની અનેક વાતો વિવિધ દૃષ્ટાંતો દ્વારા વર્ણવી હતી. (૯) પ્રમુખ જૈનાચાર્યશ્રી વિજયમુક્તિપ્રભસૂરીશ્વરજી મહારાજાએ સ્વર્ગસ્થ પૂજ્યશ્રીના પુણ્યપ્રભાવને નજર સમક્ષ રાખતા તેઓમાં ભાવિ તીર્થંકર આત્માના દર્શન થઈ રહ્યાં છે તેમ જણાવ્યું હતું.

સુરત શહેરના આઠ જૈન સંઘો દ્વારા આયોજિત આ વિરાટ ગુણાનુવાદ સભામાં ઉપસ્થિત થયેલ ગુરુભક્તોથી મુક્તિમહાનગરીનો વિશાળ ડોમ પણ નાનો પડી ગયો હતો.

૧૦ જૈનાચાર્યો- ૨ ઉપાધ્યાયજી ભગવંતો- અનેક પંન્યાસજી ભગવંતો- ગણિવરો સાથે ૩૦૦ જેટલા શ્રમણ-શ્રમણી ભગવંતોની ઉપસ્થિતિ દ્વારા યાદગાર ઐતિહાસિક ગુણાનુવાદ સભા સદૈવ અવિસ્મરણીય બની રહેશે.

# વાપીની નેશનલ ગર્લ્સ હાઈસ્કૂલમાં ''એક પેડ માઁ કે નામ ૩.૦''કાર્યક્રમનું યોજાયો

(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૧૨

નેશનલ ગર્લ્સ હાઈસ્કૂલ, વાપીએ એક ખૂબ જ પ્યારી અને અર્થપૂર્ણ પરંપરા શરૂ કરી છે, જે હવે રાષ્ટ્રીય અભિયાન ''એક પેડ મા કે નામ ૩.૦'' સાથે જોડાયેલી છે.



સ્કૂલના નવા નિયમ મુજબ, જ્યારે પણ કોઈ બાળકીનો જન્મદિવસ હોય, ત્યારે તે સ્કૂલમાં એક વૃક્ષ અવશ્ય વાવે છે અને તેની સંભાળ પોતે જ કરે છે – સવારે, ઈન્ટરવલમાં અને સ્કૂલ છૂટ્યા પછી. બાળકીઓ પોતાના વૃક્ષને માતાના નામે વાવે છે અને વૃક્ષ પર માતાનું નેમ-પ્લેટ પણ લગાવે છે.

નેશનલ ગર્લ્સ હાઈ સ્કૂલ, વાપી (વલસાડ)ની જન્મદિવસ પર વૃક્ષારોપણની પરંપરાને ''એક પેડ મા કે નામ ૩.૦'' સાથે સરસ રીતે જોડી છે. આ અભિયાન મિશન લાઈફના Eco Clubs under Department of School Education & Literacy હેઠળ ચાલી રહ્યું છે અને પોર્ટલ ecoclubs.education.gov.in પર નોંધાવવાનું સૂચન પણ સાચું છે. સ્કૂલે ૪૦ છોડ વાવ્યા હોવાનું પ્રમાણપત્ર (UDISE ૨૪૨૫૪૧૦૦૮૭૩, Certificate ID ૫૮૭૮૨૮૮૭૦, તારીખ ૧૦/૦૮/૨૦૨૬) પણ આગળના મેસેજમાં આપ્યું હતું, જે આ વાતને મજબૂત બનાવે છે.

આ પહેલ શિક્ષણ મંત્રાલયના Eco Clubs for Mission LiFE હેઠળ ચાલતા રાષ્ટ્રીય કાર્યક્રમ ''એક પેડ મા કે નામ ૩.૦''ના બિલકુલ મધ્યમાં બેસે છે. સ્કૂલ આ અભિયાનને પોતાની રીતે જીવંત બનાવી રહી છે.

આ નાની પહેલ પર્યાવરણ માટે ફાયદાકારક છે અને બાળકોમાં જવાબદારી, પ્રકૃતિ પ્રત્યેનો પ્રેમ અને માતા પ્રત્યેનો આદર – ત્રણેયને એકસાથે વધારી રહી છે.

સ્કૂલની મેનેજમેન્ટને આ સુંદર પહેલ અને Mission LiFE સાથે જોડાવા બદલ હૃદયપૂર્વક અભિનંદન અને આભાર. તેમની વિચારધારાએ માત્ર એક સ્થાનિક નિયમ નહીં, પરંતુ બાળકોના હૃદયમાં પ્રકૃતિ અને માતા સાથે ઊંડો સંબંધ જોડી દીધો છે.

## વાપીના ચલાથી ૮૪ વર્ષીય વૃદ્ધ ગુમ

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

**વલસાડ, તા.૧૨:** વાપીના ચલા, પટેલ ફળિયા, સ્વામિનારાયણ મંદિરની સામે રહેતા ૮૪ વર્ષીય અંબાલાલ કલ્યાણજી પટેલ તા.૦૭/૦૮/૨૦૨૬ના રોજ સવારે ૧૦ વાગે પોતાના ઘરેથી વાપી ટાઉન ખાતે જાઉં છું એમ કહી કશે જતા રહ્યા હતા. તેમની શોધખોળ કરતા તેમની કોઈ ભાળ મળી નથી અને તેઓ આજદિન સુધી પરત



ફર્યા નથી. ગુમ અંબાલાલ પાતળો બાંધો, ઘઉંવર્ણ અને ૫ ફૂટ ૫ ઈંચ ઉંચાઈ ધરાવે છે. તેમણે સફેદ કલરનો ફૂલ બાંયનો શર્ટ અને ગ્રે કલરનો પેન્ટ પહેરેલો હતો. તેઓ ગુજરાતી અને હિન્દી ભાષા જાણે છે. જો કોઈને પણ આ વ્યક્તિની ભાળ મળે તો વાપી ટાઉન પોલીસ સ્ટેશનનો ૯૭૨૨૨ ૧૮૦૦૭, પોલીસ કંટ્રોલ રૂમ નં.-૦૨૬૩૨-૨૫૩૩૩૩/૨૪૨૯૦૦ ઉપર સંપર્ક કરી જાણ કરવા અખબારી યાદીમાં જણાવાયું છે.

અમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક
વર્તમાન પ્રવાહ

## તંત્રી લેખ

# અમેરિકાની સંરક્ષણ બાંયધરી પર અરબ રાષ્ટ્રોને બહુ વિશ્વાસ નથી

**પા**કિસ્તાન, તુર્કીયે અને સાઉદી અરેબિયાએ 'મક્કા સંયુક્ત સંરક્ષણ કરાર' પર કરેલી સહીથી એક પર હુમલો ત્રણેય પર હુમલા બરાબર ગણાશે. આ કરારને ઈસ્લામિક નાટોની દિશામાં પહેલું પગલું ગણાવવાનું નિરીક્ષણ કરાઈ રહ્યું છે. નૉર્થ ઍટલાન્ટિક ટ્રીટી ઑર્ગેનાઈઝેશન (નાટો) કરાર જેવી ભાષાને જોગવાઈ ધરાવતા આ કરારને કારણે ભારત પર કોઈ અસર થશે કે કેમ એ ચર્ચા થઈ રહી છે એ યોગ્ય પણ છે. જોકે, અત્યારની પરિસ્થિતિમાં આ કરારને કારણે અનેક સવાલ પુછાઈ રહ્યા છે. ભારત પ્રત્યે નકારાત્મક વલણ ધરાવતા તુર્કીયેના રાષ્ટ્રપતિ રેસેપ તૈયપ એર્દોગને આ કરારને વિશુદ્ધપણે સંરક્ષાત્મક ગણાવતાં કહ્યું છે કે આ કરાર કોઈ ચોક્કસ દેશ સામે નથી. ઈરાનનું પીઠબળ ધરાવતાં પ્રૉક્સી જૂથ હૂથીઓએ ગત માર્ચ મહિનાથી સાઉદીના મહત્ત્વના લક્ષ્યાંકો પર મિસાઈલડ્રૉન હુમલા કર્યા છે અને હૉર્મુઝ ખાડીમાંથી પસાર થતાં આ આરબ રાષ્ટ્રનાં તેલ ટેન્કરો પર ઍટેક કર્યા છે. ઈરાનના વધતા હુમલાઓને જોતાં અન્ય રાષ્ટ્રો પણ આ ઈસ્લામિક નાટોમાં જોડાઈ શકે એવી શક્યતા છે. જોકે, ઈરાન જેવા ઈસ્લામિક રાષ્ટ્ર સામે તો આ રાષ્ટ્રોનું સંગઠન શસ્ત્ર ઉગામે નહીં. સાઉદી અને અમેરિકા વચ્ચેના સંબંધોમાં તણાવ છે, આથી અમેરિકાની સંરક્ષણ બાંયધરી પર અરબ રાષ્ટ્રોને બહુ વિશ્વાસ નથી. ખાડીના દેશો નજીકના ઈઝરાયલ પાસે પરમાણુ શસ્ત્ર છે અને ન્યુક્લીયર પાવર પાકિસ્તાનને પોતાની પડખે કરી સાઉદી ઈસ્લામી બિરાદરીની એકતાનું પત્તું ઉતર્યું હોય એ નકારી શકાય નહીં. ગયા વર્ષે ઑપરેશન સિંદૂર પછી સાઉદીએ પાકિસ્તાન સાથે સંરક્ષણ કરાર કર્યા ત્યારે એક રાષ્ટ્ર પર હુમલો બન્ને પર હુમલો ગણાશે અને તેનો એવો જ જવાબ અપાશે, એવો તેનો સૂર હતો. હવે તેમાં તુર્કીયે ઉમેરાયું છે. તુર્કી હાલ દસ અબજ ડૉલરથી વધુના સંરક્ષણ ઉત્પાદનોનો નિકાસ કરનારો દેશ છે અને ત્યાં ડિફેન્સ સાધનોનું ઉત્પાદન કરતી ચારેક હજાર કંપનીઓ છે. ઑપરેશન સિંદૂરના જવાબમાં પાકિસ્તાને કરેલા હુમલામાં વપરાયેલા ડ્રૉન્સ ટર્કિસ બનાવટના હતા. આમ, તુર્કી શસ્ત્રાસ્ત્રો વેચવા માટે કરારમાં જોડાયું છે એવું અનુમાન લગાડી શકાય. બીજી તરફ, ભારત અને સાઉદી સંબંધો ઉષ્માભર્યા છે, એ એકમાત્ર રાહતની બાબત છે. જોકે, અત્યાર સુધી અમેરિકાની કદમબોસી કરનારાં આ ત્રણ રાષ્ટ્રો સાથે આવ્યાં છે એ ચિંતાનો વિષય ખરો. અમેરિકા ઈઝરાયલની છૂંછીઓને નજરઅંદાજ કરી રહ્યું છે, આથી આરબ રાષ્ટ્રોના રક્ષક તરીકેની તેની ભૂમિકા નબળી પડી છે. તો બીજી તરફ, પાકિસ્તાન આમ પણ કંઈકને કંઈક કારસ્તાન કરી ભારતને હેરાન કરતું રહે છે. વળી, પાકિસ્તાન ચીનનું બગલબચ્ચું છે અને પાકિસ્તાનના નબળા શાસકોને સાધી બેજિંગ, સાઉદી તથા અન્ય આરબ દેશોમાં અમેરિકાની સંરક્ષક તરીકેની ખાલી જગ્યા ભરી કાઢી શકે છે. આ બધી શક્યતાઓ જોતાં આ સમગ્ર પરિસ્થિતિ અને ચિત્ર ભારતની ચિંતા વધારનારું અને ચિંતન માટે ફરજ પાડનારું છે.

# ૧૩ ઓગસ્ટ, 'વિશ્વ અંગદાન દિવસ'

**દ**ર વર્ષે અંગદાન અંગેની જાગૃતિ હેતુ 'વિશ્વ અંગદાન દિવસ' ઉજવવામાં આવે છે. ભારતમાં ખાસ કરીને ગુજરાતમાં માણસનાં મૃત્યુ પછી ચક્ષુદાન, અંગદાન કે દેહદાન કરવાની જાગૃતિ ખુબ ઓછી છે. ક્યાંક સમાજિક કે ધાર્મિક બંધનોમાં રહીને વ્યક્તિ આ અંગે કોઈ પહેલ કરતો નથી. મૃત્યુ પછી શરીર નિશ્ચેત બની જાય છે. આવા સમયે શરીરમાં રહેલા અંગો દુનિયામાં વાસ કરી રહેલા કોઈ બીમાર કે નિઃસહાય વ્યક્તિને કામ આવી શકે છે. ધારો કે કોઈ વ્યક્તિ અંધ છે અને અન્ય વ્યક્તિનું મૃત્યુ થાય છે એ પહેલા એણે ચક્ષુદાનનું સંકલ્પ પત્ર ભરેલું છે તો તેની આંખો લઈને અંધ વ્યક્તિને આપવામાં આવે છે. જે વ્યક્તિ અંધ છે, જેણે આજ સુધી દુનિયા જોઈ જ નથી તે કોઈ મૃત્યુ પામેલ વ્યક્તિની આંખો થકી દુનિયાને જોઈ શકે છે. આવી જ રીતે અંગદાનમાં કોઈ વ્યક્તિનું બ્રેન ડેડ થઈ ગયું હોય પણ તેનાં સમગ્ર અંગો કાર્ય કરતા હોય તો તેનું હૃદય, બંને કીડની, લીવર, પેન્ક્રીયાઝ વગેરે લઈ લેવામાં આવે છે અને કોઈ બીમાર વ્યક્તિ કે જેના આ અંગોમાં કોઈ ખામી હોય અથવા આ અંગો નબળા પડી ગયા હોય તો તેનું રીપ્લેસમેન્ટ કરીને વ્યક્તિ કોઈ મોટી બીમારી કે બીમારીનાં કારણે અકાળે થતાં મૃત્યુથી બચી શકે છે. આ પ્રક્રિયાને તબીબી વિજ્ઞાન Deceased Organ Transplant એટલે કે બ્રેઈન ડેડનાં અંગોનું પ્રત્યારોપણ એ નામે ઓળખાય છે. આધુનિક તબીબી વિજ્ઞાને માનવજાત માટે કરેલી આ અદ્ભૂત અનુકૂળતા છે. સામે આવીને ઉભેલા મૃત્યુને મ્હાત કરવાનો આ કિમીયો છે. દેહદાનમાં વ્યક્તિનું સમગ્ર શરીર દાન કરી દેવામાં આવે છે. જે મેડીકલ કોલેજ, યુનિવર્સિટીનાં વિદ્યાર્થીઓને તેનાં પર રીસર્ચ કરી, ભણવામાં કામ લાગે છે. અંગદાનની ઈચ્છા ધરાવનાર વ્યક્તિએ પોતાના ઘરનાં સભ્યોને અગાઉથી જાણ કરવી જોઈએ. એનું કારણ એ છે કે જયારે પણ ભવિષ્યમાં વ્યક્તિનું બ્રેઈન ડેડ થાય તો તેના અવયવો સરળતાથી મળી શકે, જેનાથી અન્ય દર્દીને લાભ થાય. વ્યક્તિએ પોતાના સૌથી નજીકનાં કુટુંબીજનને એક અગત્યનાં ફોર્મ દસ્તાવેજ પર સહી કરવાની હોય છે. જેથી કોઈ સંજોગોમાં અકસ્માતે મગજને ઈજા પહોંચે અને તમે બ્રેઈન ડેડ થાવ તો તમારા સંકલ્પ પ્રમાણે અંગદાન લઈ શકાય. માનવીનું તંદુરસ્ત જીવન આ બધા અવયવો સાબૂત હોય અને સ્વસ્થતાથી પોતાનું કામ કરતા હોય તેના પર આધારીત છે. વિજ્ઞાને આ અવયવોની ખરાબ અવસ્થામાં પણ માનવીનું જીવન યથાવત રહે તે માટે ઘણી શોધો કરી છે. કૃત્રિમ વ્યવસ્થાઓ (શ્વસન માટે Ventilator કિડનીની નિષ્ફળતા વખતે Dialysis Machine વગેરે) મશીનોની શોધો તો કરી છે. પણ તોય કુદરતી અવયવોનું સ્થાન એ કૃત્રિમ મશીનો અત્યારે તો લઈ શકે તેમ નથી. પણ વિજ્ઞાને અને તબીબી વિજ્ઞાને એક લાજવાબ વ્યવસ્થા ઉભી કરી છે અંગ પ્રત્યારોપણ (Organ Transplant)ની. જીવંત અવયવો જો મળી જાય ને જેના અવયવો કામ નથી કરતા એવી વ્યક્તિમાં તેનું પ્રત્યારોપણ થાય તો એ વ્યક્તિ(દર્દી)ને નવું જીવન મળે છે. આ માટે જરૂર પડે છે માનવીનાં અંગોની. આ અંગોની સતત ખેંચ હોય એ સ્વાભાવિક છે. કેટલાંક દર્દીઓને તેમનાં સગા સ્નેહીનાં અંગ મળી જતાં હોય છે, પણ આ મુખ્ય અંગોની ગંભીર માંદગીવાળા હજારો દર્દી એવાં અંગો માટે તરસતાં હોય છે. બીજી તરફ માર્ગ અકસ્માત, બ્રેઈન હેમરેજ કે અન્ય રીતે તંદુરસ્ત વ્યક્તિના મગજને ગંભીર ઈજાઓ Dead પહોંચે ત્યારે ઘણા બધાં સંજોગોમાં વ્યક્તિનું મગજ નકામું થઈ જાય છે. તબીબી ભાષામાં એ વ્યક્તિ બ્રેઈન ડેડ ગણાય છે. આવી વ્યક્તિનાં કિડની, લીવર, હૃદય, પેન્ક્રીયાસ, ફેફસાં જેવા અંગો તદન સાબૂત અને જીવંત હોય છે. જો એ અંગો કાઢીને જેનાં આવા અંગો નિષ્ક્રિય થઈ ગયા છે તેમને અપાય તો તેમની જીંદગી બચી શકે છે. આ કાર્ય (Cadaver Organ Harvesting અથવા તો Cadavor Organ Donation) એટલે કે કેડેવર ઓર્ગન હાર્વેસ્ટીંગ અથવા કેડેવર ઓર્ગન ડોનેશન તરીકે ઓળખાતું હતું. હવે અંગ્રેજી શબ્દ Cadavor(કેડેવર)ને બદલે Deceased Organ (ડીસીઝડ ઓર્ગન) તરીકે ઓળખાય છે. To Decease(ડીસીઝ) એટલે મૃતપ્રાય થવું, મરણ પામવું એના પરથી વિશેષણ Deceased(ડીસીઝડ) જેનો અર્થ થાય છે હાલમાં મૃત્યુ પામેલું. સેંકડો વ્યક્તિઓનાં અંગો આખરે અંતિમ ક્રિયા થતાં નાશ પામે છે. જે ખરેખર ઘણા લોકોને જીંદગી આપી શકે તેમ હોય છે. આ સમજ સમગ્ર સમાજમાં જેટલી વધુ ફેલાવી શકાય, તેટલાં વધુ અંગદાન થાય તો વધુ ને વધુ લોકોની જીંદગી બચી શકે, નવપલ્લીત થઈ શકે. વિદેશોમાં આ ડીસીઝડ ઓર્ગન હાર્વેસ્ટીંગ (Decease Organ Harvesting)ની પ્રવૃતિ ખૂબ મોટાપાયે થતી હોય છે. તામિલનાડુ રાજ્યને બાદ કરતાં અન્ય રાજ્યોમાં આ પ્રવૃતિ તદ્દન ઓછી છે. ખૂબ જ વિકસીત અને વિકાસશીલ ગણાતા ગુજરાતમાં પણ આ સેવા પ્રવૃતિ નહીંવત છે. ભારતમાં અંગદાનનું ચિત્ર સાવ કંગાળ છે. ૨૦૧૩ના આંકડા મુજબ દર દસ લાખ જણે ૮૫૧ અંગદાન થાય છે. એમાં તામિલનાડુનો હિસ્સો ૪૫.૫૩ ટકા જેટલો સિંહભાગ છે. તામિલનાડુ પછી આંધ્રપ્રદેશનો હિસ્સો ૧૩.૧૬ ટકા અને કેરળનો હિસ્સો ૧૦.૩૨ ટકા છે. આ ત્રણ પૈકી તામિલનાડુ અને આંધ્રપ્રદેશ ઓછાં વિકસીત ગણાય અને કેરળ સાવ ટચૂકડું ગણાય. આ ત્રણે રાજ્યોનો હિસ્સો આખા દેશના કુલ અંગદાનોમાં ૭૧.૪૨ ટકા જેટલો એટલે કે લગભગ પોણા ભાગ જેટલો થાય છે. બાકીના ૨૮.૫૩ ટકામાં આંખો દેશ. સૌથી મોટા રાજ્ય ઉતર પ્રદેશનો, પંજાબ, જેવા વિકસિત રાજ્યોમાં નહીંવત અંગદાન થાય છે. દુનિયામાં ભારત અંગદાનના કિસ્સામાં ખૂબ જ પછાત છે. ભારતમાં મગજમૃત અંગદાન ખૂબ જ ઓછા થાય છે. વિશ્વમાં અંગદાનમાં સૌથી મોખરે ટચૂકડો દેશ ક્રોશિયા છે. જ્યાં દર દસ લાખે ૩૬.૫ અંગદાન થાય છે. સ્પેનમાં દર દસ લાખે ૩૫ અંગદાન થાય છે. તામિલનાડુ સરકાર અને મોહન ફાઉન્ડેશન જેવાં એનજીઓએ જબરજસ્ત કામ કર્યુ છે. દેશમાં આર્થિક વિકાસ માટે ભલે ગુજરાતમાં ધાર્મિક સંસ્થાઓ, ટ્રસ્ટો, રોટરી ક્લબ, લાયન કલબ જેવી સેવાભાવી સંસ્થાઓ આ લોકજાગૃતિની પ્રવૃતિ હાથ ધરે તો જેમ રક્તદાનમાં ગુજરાતનો આખા દેશમાં ડંકો વાગે છે તેમ થઈ શકે. હજારો દર્દીઓ જે મરણોન્મુખ છે, એમને નવી જીંદગી મળી શકે.

શરીરનાં અવયવોનું દાન સ્ત્રીપુરુષ બંને કરી શકે છે. તેને કોઈ પણ ઉંમર, ધર્મ કે જાતિ સાથે કોઈ નિસબત નથી. કોઈ ભેદભાવ નથી. કોઈ પણ વ્યક્તિ અંગદાન કરી શકે છે. બ્રેઈન ડેડ થયેલ દર્દીએ અંગદાન કર્યું હોય તો ટ્રાન્સપ્લાન્ટની ટીમ બ્રેઈન ડેડ દર્દીનું તબીબી પરીક્ષણ કરીને અવયવોનું દાન કરવા યોગ્ય છે કે નહીં તે તપાસીને તેની ચકાસણી કરે છે. શરીરમાંથી અવયવ બહાર કાઢીને તેનું પ્રત્યારોપણ કરવું એ એક વ્યવસ્થિત પ્રક્રિયા છે. તેમાં શરીરનું બિનજરૂરી ડિસેક્શન કરવામાં આવતું નથી. તેના લીધે અંતિમવિધિમાં કોઈ પણ પ્રકારની અડચણ થતી નથી. અંગદાનને મહાદાન કહેવામાં આવ્યું છે, કારણ કે તેનાંથી આ દુનિયામાંથી જતા જતા પણ કોઈ અન્ય મનુષ્યનું જીવન અમર બનાવી શકાય છે.

- **મિત્તલ ખેતાણી(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

# વાચકોમાં ફરીથી રસ જગાવવો લિવિંગ રૂમમાં પુસ્તકોને ફરી જગ્યા આપવી

## બાળકની દુનિયાને સમૃદ્ધ બનાવવાના ઘણાં નાના નાના રસ્તા છે તેમાંનો સૌથી શ્રેષ્ઠ રસ્તો છે, વાંચનનો આનંદ

**ભા**રતમાં શિક્ષણ પરની ચર્ચા લાંબા સમયથી 'ઍક્સેસ' પર કેન્દ્રિત રહી છે એટલે કે, શાળાઓ, પુસ્તકો, ડિજિટલ સંસાધનોની ઍક્સેસ. આ મહત્ત્વપૂર્ણ છે, પરંતુ જેમ જેમ આપણે ભારતીય શિક્ષણમાં એક નવા તબક્કાના ઉંબરે ઉભા છીએ, તેમ તેમ આપણે એક સમાન મહત્ત્વપૂર્ણ પ્રશ્નનો સામનો કરીએ છીએ.'

**શું આપણે એવી પેઢી તૈયાર કરી રહ્યા છીએ, જેને વાંચનમાં રુચિ છે?**

આ પ્રશ્ન સરળ લાગે છે, પરંતુ તેના અર્થ ઊંડા છે જેના કારણે રાષ્ટ્રીય ઈ-લાઈબ્રેરી (REP) અથવા રાષ્ટ્રીય ડિજિટલ લાઈબ્રેરી શરૂ થઈ. આ પ્લેટફોર્મની કલ્પના ફક્ત ડિજિટલ મ્યુઝિયમ તરીકે જ નહીં, પરંતુ ઘર, શાળા અને સમુદાય સ્તરે ભારતની વાંચન સંસ્કૃતિને સમૃદ્ધ બનાવવાના એક જીવંત પ્રયાસ તરીકે કરવામાં આવી હતી.




લેખક- સુશ્રી અર્ચના શર્મા અવસ્થી અને શ્રી યુવરાજ મલિક

આજે REPમાં ૨૩ ભાષાઓમાં ૭,૦૦૦થી વધુ પસંદગીની પુસ્તકો ઉપલબ્ધ છે, જે સેંકડો પ્રકાશકો સાથેની ભાગીદારીથી તૈયાર કરવામાં આવી છે અને 'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦'ના વિઝનને અનુરૂપ છે. પરંતુ ધ્યેય ક્યારેય એવો સંગ્રહ બનાવવાનો નહોતો જે સતત વધતો રહે. આની પાછળ એક ઈરાદાપૂર્વકનો અભિગમ છે: એક એવો સંગ્રહ જાળવી રાખવો જે પસંદગીયુક્ત, સુસંગત અને ગતિશીલ હોય જે સતત અપડેટ થતો રહે, મહત્ત્વપૂર્ણ પુસ્તકો ઉમેરતો રહે અને અપ્રસ્તુત પુસ્તકો દૂર કરતો રહે. સ્કેલ મહત્ત્વપૂર્ણ છે, પરંતુ સુસંગતતા, ગુણવત્તા અને સુસંગત જોડાણ વધુ મહત્ત્વપૂર્ણ છે.

**અડચણો દૂર કરવી, આદતોનું સ્થાન લેવું નહીં**

ભારતમાં ઘણા બાળકો માટે ખાસ કરીને ગ્રામીણ, અર્ધશહેરી અને પછાત વિસ્તારોમાં પાઠ્યપુસ્તકો સિવાયના પુસ્તકોની પહોંચ એક મોટો પડકાર છે. નજીકનું પુસ્તકાલય ઘણા કિલોમીટર દૂર હોઈ શકે છે. શાળાના પુસ્તકાલયોમાં પુસ્તકો કાં તો જૂના થઈ ગયા હોય છે અથવા શાળાના સમય પછી ઉપલબ્ધ ન હોય. આ બાળકો પાસે કલ્પનાશક્તિ હોય તો છે, પરંતુ વાંચન સામગ્રી હોતી નથી.

રાષ્ટ્રીય ઈ-લાઈબ્રેરી આ ખાલી જગ્યાને પૂર્ણ કરે છેઃ બાળક, તેના સ્થાન અથવા કૌટુંબિક આવકને ધ્યાનમાં લીધા વિના, હવે તેના ઘરમાં પહેલેથી જ રહેલા ઉપકરણનો ઉપયોગ કરીને હજારો પુસ્તકોની લાઈબ્રેરી સુધી પહોંચી શકે છે. બાળકો આ પુસ્તકો ગમે ત્યારે, ગમે ત્યાં વાંચી શકે છે. તે હિન્દી અને અંગ્રેજી સિવાયની ભાષાઓમાં પુસ્તકો વાંચવાની તક પણ આપે છે. પરંતુ આ પહેલ શું નથી તે સમજવું પણ એટલું જ મહત્વપૂર્ણ છે.

આ નાના બાળકોને લાંબા સમય સુધી સ્ક્રીન સામે બેસાડવાનો પ્રયાસ નથી. આ પરિવારો માટે આમંત્રણ છે કે તેઓ પોતાની પાસે રહેલાં ઉપકરણોનો વધુ અર્થપૂર્ણ ઉપયોગ કરે એવા સમયને સહિયારા અને સમૃદ્ધ અનુભવમાં ફેરવે, જે અન્યથા નિષ્ક્રિય રીતે, એકલા બેસીને અથવા હાનિકારક રીતે સ્ક્રોલિંગ કે અન્ય વસ્તુઓ જોવામાં પસાર થઈ જાય છે.

**માતા-પિતા નાના બાળકને મોટેથી વાંચીને સંભળાવે.**

**ભાઈ કે બહેને સાથે મળીને કહાની સાંભળવી.**

**પરિવાર સાથે બેસીને વાંચવા માટે સમય કાઢવો.**

આવા સમયમાં જ્યારે સ્ક્રીન ઘણીવાર લોકોને એકબીજાથી દૂર કરીને પોતાની દુનિયામાં વ્યસ્ત રાખે છે, ત્યારે પુસ્તકો જે આ જ ઉપકરણો દ્વારા વાંચી શકાય છે લોકોને ફરી એકસાથે લાવવાની શક્તિ ધરાવે છે.

**વાંચનને સ્ક્રીન ટાઈમ નહીં, પરંતુ પારિવારિક સમય બનાવવો.**

નેશનલ ઈ-લાઈબ્રેરીનો હેતુ પ્લેટફોર્મના પરિમાણો કરતાં વધુ ગાઢ છેઃ તેનો હેતુ લિવિંગ રૂમમાં વાંચનની આદત પાછી લાવવાનો છે.

વાંચન એ માત્ર એક શૈક્ષણિક પ્રવૃત્તિ નથી. તે એક સામાજિક અને ભાવનાત્મક પ્રવૃત્તિ પણ છે. જ્યારે પરિવારના સભ્યો અથવા મિત્રો એકસાથે વાંચે છે, ત્યારે તેઓ વાતચીત, સહાનુભૂતિ અને વિચારવા સમજવા માટે જગ્યા ઊભી કરે છે સાથે મળીને ધ્યાન આપવાની આ એવી ટેવ છે, જે એપની સૂચનાઓ અને રોજિંદી જરૂરિયાતોમાં વહેંચાયેલા જીવનમાં હવે ઓછી જોવા મળે છે. અભ્યાસો સતત દર્શાવે છે કે જે બાળકોને વાંચીને સંભળાવવામાં આવે છે કે જે બાળકો પોતાની આસપાસના મોટા લોકોને અને તેમની આસપાસના લોકોને વાંચતા જુએ છે તેઓ માત્ર વાંચન અને લેખનની સારી સમજ જ નહીં પરંતુ એક સમૃદ્ધ આંતરિક વિશ્વનો પણ વિકાસ કરે છે.

REP પેઢીઓ વચ્ચેના સહયોગની શક્યતા પણ ખોલે છે. યુવાન વાચકો તેમના દાદા-દાદી કે નાના-નાનીને વાંચીને સંભળાવી શકે છે. કિશોરો તેમના વડીલોની મનપસંદ વાર્તાઓ વાંચી શકે છે. આમ કરવાથી, વાંચન ફક્ત એકલતામાં કરવામાં આવતું કે મજબૂરીનું કામ નથી રહેતું, પરંતુ તે કંઈક વધુ બની જાય છે તેને 'મારો સમય' તેમજ 'આપણો સમય' કહી શકાય છે.

**ભારતમાં ઘણાં બાળકો માટે ખાસ કરીને ગ્રામીણ, અર્ધશહેરી અને પછાત વિસ્તારોમાં પાઠ્યપુસ્તકો સિવાયના પુસ્તકોની પહોંચ એક મોટો પડકાર**

આમ કરવાથી, વાંચન હવે ફક્ત એકલતા કે ફરજિયાત પ્રવૃત્તિ નથી રહેતી, પરંતુ કંઈક વધુ બની જાય છે તેને 'મારો સમય' તેમજ 'આપણો સમય' પણ કહી શકાય છે.

એક સમાજ તરીકે, આપણે પોતાને એક સરળ પરંતુ ગહન પ્રશ્ન પૂછવો જોઈએઃ શું આપણે સ્ક્રીનના નિષ્ક્રિય ઉપયોગનો થોડો સમય પાછો મેળવી શકીએ અને તેને ઉપયોગી વાંચનમાં ફેરવી શકીએ? અમારું માનવું છે કે તેનો જવાબ હા છે જો આપણે પુસ્તકો ઉપલબ્ધ કરાવીએ, તેમને રસપ્રદ બનાવીએ અને વાંચનને બોજ નહીં, પરંતુ પોતાની પસંદગીનું કાર્ય બનાવીએ.

**શિક્ષકો સાથે કામ કરવુંઃ આગળનાં પગલાં**

રાષ્ટ્રીય ઈ-લાઈબ્રેરી તેના આગલા તબક્કામાં પ્રવેશી રહી છે, પરંતુ શિક્ષકોની મહત્ત્વપૂર્ણ ભૂમિકાને ઓછી આંકી શકાય નહીં. શિક્ષકો, ગ્રંથપાલો અને શાળાના નેતાઓ માત્ર શિક્ષણ અને શિક્ષણના સહાયક જ નથી, પરંતુ સંસ્કૃતિના ઘડવૈયા પણ છે. શાળામાં બાળકો જે વાંચન ટેવો વિકસાવે છે તે ઘણીવાર તેમના જીવનભર તેમની સાથે રહે છે. ગ્રંથપાલ દ્વારા ભલામણ કરાયેલા પુસ્તકો યુવાન વ્યક્તિના વિચારસરણીનો માર્ગ બદલી શકે છે.

**શાળાના દિવસોમાં REPના અર્થપૂર્ણ એકીકરણ માટે અનેક સ્તરે ઈરાદાપૂર્વકના પ્રયત્નોની જરૂર છેઃ**

'પુસ્તકાલયના વર્ગખંડોને માત્ર દેખરેખ હેઠળના અભ્યાસખંડને બદલે સક્રિય જ્ઞાનપ્રાપ્તિના સ્થળ તરીકે પુનર્જીવિત કરવા.'

'માર્ગદર્શિત વાંચન અને વાર્તા કહેવાના સત્રોને પ્રોત્સાહન આપવું, જ્યાં શિક્ષકો તેમના મનપસંદ પુસ્તકો શેર કરે છે.'

'સહપાઠીઓના નેતૃત્વ હેઠળ પુસ્તક ચર્ચા અને વાંચનજૂથો બનાવવાં, જેથી વિદ્યાર્થીઓને વાંચનની આદત પર પોતાનો અધિકાર હોવાનો અહેસાસ થાય.'

'વાંચનને શાળાના દૈનિક જીવનનો ભાગ બનાવવો, જેથી તે સવારની પ્રાર્થનાસભા જેટલું જ સ્વાભાવિક લાગે.'

'વિવિધ લેખન શૈલીઓને સમજીને લેખન કૌશલ્યમાં સુધારો કરવો.'

**એક જીવંત અને વિકસિત થતું પુસ્તકાલય**

પરંપરાગત પુસ્તકાલયો સ્થિર અને ભૌતિક પરિમાણોથી બંધાયેલા હોય છે તેનાથી વિપરીત, રાષ્ટ્રીય ઈ-પુસ્તકાલય ગતિશીલ રહેવા માટે રચાયેલ છે. તે તમારા હાથમાં પુસ્તકોનો ખજાનો છે. તે વાચકોને અન્ય કયા પુસ્તકો ઉમેરવા જોઈએ તેના પર તેમના મંતવ્યો વ્યક્ત કરવાની તક પણ આપે છે. ઉપલબ્ધ પુસ્તકો ભારતના સમૃદ્ધ વારસા અને સંસ્કૃતિને પણ પ્રતિબિંબિત કરે છે, જેના વિશે યુવા પેઢીએ જાણવું જોઈએ.

તેનો બહુભાષી આધાર પણ એટલો જ મહત્ત્વપૂર્ણ છે. બાળક જે ભાષામાં વિચારે છે તે ભાષામાં શ્રેષ્ઠ અને સૌથી કુદરતી રીતે વાંચે છે. ૨૩ ભાષાઓમાં પુસ્તકો આપીને વધુ વિસ્તરણ કરવાની મહત્ત્વાકાંક્ષા સાથે- REP ભારતની ભાષાકીય વિવિધતાનો આદર કરે છે, તેને ફક્ત એક વ્યવસ્થાપિત પડકાર તરીકે જ નહીં, પરંતુ ઉજવણી કરવા માટે એક સર્જનાત્મક શક્તિ તરીકે જુએ છે. પ્લેટફોર્મ પરની દરેક ભાષા એક દરવાજા જેવી છે જેમાંથી બાળક નવી દુનિયામાં પ્રવેશ કરી શકે છે. ૮ વર્ષ સુધીની ઉંમરના બાળકો માટે, આ પ્લેટફોર્મ માતા-પિતા અને શિક્ષકોને વાર્તાઓ મોટેથી વાંચીને સંભળાવવા માટે પ્રોત્સાહિત કરે છે.

**સામૂહિક જવાબદારી**

અંતે, રાષ્ટ્રીય ઈ-પુસ્તકાલયની સફળતા માત્ર ડાઉનલોડ અને નોંધાયેલા વપરાશકર્તાઓની સંખ્યાથી નક્કી નહીં થાય, ભલે આ મહત્ત્વપૂર્ણ સંકેતો હોય. તેની સફળતા એ વાતથી નક્કી થશે કે શું વાંચન ફરી એકવાર આદત બની શકે છે, ઘરોમાં, શાળાઓમાં અને ભારતના વૈવિધ્યસભર તથા અનોખા સમુદાયોના અંતરિયાળ વિસ્તારોમાં. કોઈ દૂરના વિસ્તારના બાળકની આંખોમાં ત્યારે ચમક આવી ઊઠે છે, જ્યારે તે એવી પુસ્તક વાંચે છે, જેના વિશે તેણે માત્ર સાંભળ્યું હોય.

**વાંચન માટે રાષ્ટ્રીય આહ્વાન**

આ પ્લેટફોર્મ 'રાષ્ટ્રીય કવિતા મહોત્સવ' જેવી પ્રવૃત્તિઓનું પણ આયોજન કરે છે અને નાગરિકોને વાર્તા કહેવા માટે યોગદાન આપવા માટે આહ્વાન કરે છે. રાષ્ટ્રીય ઈ-લાઈબ્રેરી ઘણી વધુ મનોરંજક અને આકર્ષક પ્રવૃત્તિઓ ઉમેરવાનું ચાલુ રાખશે.

ભારત હંમેશાંથી વાર્તાઓની સંસ્કૃતિ ધરાવતો દેશ રહ્યો છે. લેખિત સ્વરૂપ પહેલાંની મૌખિક પરંપરાઓથી લઈને હિન્દી, સંસ્કૃત, તમિલ, બંગાળી, મરાઠી અને અન્ય અનેક ભાષાઓના મહાન સાહિત્ય સુધી, આ દેશમાં વાર્તાઓની ક્યારેય કમી રહી નથી. આજે સંકટ વાર્તાઓનું નથી, પરંતુ તેમને શોધવાની આદતનું છે એટલે કે શાંતિથી બેસીને કોઈ વાક્યને સમજવાની અને કોઈ પુસ્તકને જેટલો સમય જોઈએ તેટલો સમય આપવાની ઈચ્છાશક્તિનું છે.

**"જ્યારે નાગરિકો વાંચે છે, ત્યારે દેશ આગળ વધે છે."**

**- પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી**

(**નોંધઃ** અર્ચના શર્મા અવસ્થી ભારત સરકારના શિક્ષણ મંત્રાલયના શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગના અધિક સચિવ છે. જ્યારે યુવરાજ મલિક ભારતના નેશનલ બુક ટ્રસ્ટના ડિરેક્ટર છે.)

**નેશનલ ઈ-લાઈબ્રેરી https://ndl.education.gov.in/home પર ઉપલબ્ધ છે અને Android અને iOS પર મફતમાં ઉપલબ્ધ છે.**

# રાષ્ટ્રીય તહેવારોને લોકો હવે રજા તરીકે માણે છે

## આપણાં દેશનેતાઓને આપણું રાષ્ટ્રીય ગીત 'જન ગણ મન અધિનાયક જય હે' પણ પુરૂં ગાતાં આવડતું નથી, આવા દેશનેતાઓ પાસેથી દેશપ્રેમની શું અપેક્ષા રાખી શકાય?

**આ**પણો ભારત દેશ અગાઉ અલગ અલગ પ્રાંતોમાં વહેંચાયેલો હતો અને દેશી રજવાડાઓની આણ પ્રવર્તતી હતી. આ દેશી રજવાડાઓના મોટાભાગના રાજાઓ ઐય્યાશ અને એશઆરામી હતા અને દરેક રજવાડાઓમાં અંદરોઅંદર કુસંપ હતો આ કુસંપનો ગેરલાભ ઉઠાવી વેપાર અર્થે આવેલા અંગ્રેજોએ મોકાનો ફાયદો ઉઠાવી, દેશી રજવાડાઓને એકબીજા સાથે લડાવી સત્તાના સૂત્રો હાંસિલ કર્યા અને આપણા દેશમાં જ આપણી ભોળી પ્રજા ગુલામ બની ગઈ. ત્યાર પછી પુનઃ આઝાદી મેળવવાને કાજે કેટલાય વીર સપૂતોએ પોતાનાં પ્રાણ ન્યોછાવર કરી દીધાં હતાં અને અંતે મોહનદાસ કરમચંદ ગાંધીના નેતૃત્વ હેઠળ ૧૫મી ઓગસ્ટ ૧૯૪૭ના દિવસે આપણો દેશ ગુલામીમાંથી મુક્ત થયો હતો. આના કારણેજ લોકોએ આઝાદીનો જશ્ન મનાવ્યો હતો. ૧૫મી ઓગસ્ટને આપણે આઝાદ દિન અથવા સ્વાતંત્ર્ય દિન તરીકે ઉજવીએ છીએ. ત્યાર પછી આપણું સત્તાવાર બંધારણ ૨૬મી જાન્યુઆરી ૧૯૫૦ના રોજ અમલમાં આવ્યું અને એના માનાર્થે ૨૬મી જાન્યુઆરીને પ્રજાસત્તાક દિન તરીકે ઉજવવામાં આવે છે. ૧૫મી ઓગસ્ટ અને ૨૬મી જાન્યુઆરીએ ખરેખર તો આપણાં દેશ કાજે ખપી જનારા વીર સૈનિકો, વીર સપૂતો અને આઝાદીના લડવૈયાઓને શ્રધ્ધા સુમન અર્પણ કરવાના દિવસો છે તથા આન, બાન અને શાનથી, આપણાં રાષ્ટ્ર ધ્વજ તિરંગાને સલામી આપવાનાં પર્વો છે.




પરંતુ બદલાયેલા સમયમાં હવે રાષ્ટ્ર ધ્વજની ગરિમા કોણ જાળવે છે? આપણાં બની બેઠેલાં દેશનેતાઓને પોતાની ખુરશીની જ પડેલી હોય છે એમના મતે દેશદાઝની કોઈ કિંમત હોતી નથી. આપણાં દેશનેતાઓને આપણું રાષ્ટ્રીય ગીત 'જન ગણ મન અધિનાયક જય હે' પણ પુરૂં ગાતાં આવડતું નથી. આવા દેશનેતાઓ પાસેથી દેશપ્રેમની શું અપેક્ષા રાખી શકાય? બીજી તરફ સામાન્ય પ્રજાજનો ૧૫મી ઓગસ્ટ અને ૨૬મી જાન્યુઆરીને 'રાષ્ટ્રીય દિવસ' તરીકે ઉજવવાને બદલે બહાર ફરવાના પ્લાન બનાવે છે. શાળા કોલેજના વિદ્યાર્થીઓ રજાના દિવસોને મજાનાં દિવસો ગણી મોજ મસ્તી કરે છે તો ઘણાં ઘરોમાં આરામ ફરમાવવાનું વિચારે છે. આમ આપણે બધાં દિવસે દિવસે આઝાદીની ગરિમા અને મહત્તા ભુલતાં ગયાં છીએ અને હવે રાષ્ટ્રીય તહેવારો માત્ર એક પ્રોટોકોલ (શિષ્ટાચાર) તરીકે જ રહી ગયાં છે.

# સ્પોર્ટ્સ ન્યુઝ

પથુમ નિસાન્કા ઈજાના કારણે પહેલી ટેસ્ટમાંથી બહાર

## ભારત સામેની પહેલી ટેસ્ટ માટે શ્રીલંકાની ટીમ જાહેર

**૧૫ ઓગસ્ટથી ગાલેમાં રમાનારી ભારત સામેની પ્રથમ ટેસ્ટ માટે શ્રીલંકાએ ૧૬ સભ્યોની ટીમની જાહેરાત કરી**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**કોલંબો, તા.૧૨ :** ક્રિકેટ ચાહકો માટે મોટા સમાચાર આવી ગયા છે! ભારત અને શ્રીલંકા વચ્ચે આગામી ૧૫ ઓગસ્ટથી શરૂ થનારી ટેસ્ટ સિરીઝ માટે શ્રીલંકા ક્રિકેટ બોર્ડે પોતાની ટીમની જાહેરાત કરી દીધી છે. ગાલે ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં રમાનારી આ પહેલી ટેસ્ટ મેચ માટે બંને ટીમો કમર કસી રહી છે.

ભારતીય ટીમ તો મંગળવારે જ ગાલે પહોંચી ગઈ છે, ત્યારે હવે યજમાન શ્રીલંકાએ પણ પોતાના ૧૬ યોદ્ધાઓના નામ જાહેર કરી દીધા છે. શ્રીલંકાની આ ૧૬ સભ્યોની ટીમની કમાન ધનંજય ડી સિલ્વાને સોંપવામાં આવી છે. જોકે, ટીમ અને તેના ચાહકો માટે એક ખરાબ સમાચાર એ છે કે તેમના સ્ટાર બેટ્સમેન પથુમ નિસાન્કાને ઈજા થઈ હોવાથી તે આ પહેલી ટેસ્ટમાંથી બહાર થઈ ગયો છે.

ટીમમાં એક મોટો ફેરફાર જોવા મળ્યો છે. અનુભવી વિકેટકીપર-બેટ્સમેન નિરોશન ડિકવેલા ફરી એકવાર શ્રીલંકન ટીમમાં પાછો ફર્યો છે. ૩૩ વર્ષીય ડિકવેલાનો અનુભવ ટીમ માટે ઘણો કામ લાગી શકે છે. તેણે અત્યાર સુધીમાં ૫૪ ટેસ્ટ મેચોની ૯૬ ઈનિંગ્સ રમી છે, જેમાં ૨૨ અડધી સદી ફટકારીને કુલ ૨૭૫૭ રન બનાવ્યા છે. આ ઉપરાંત, ટીમમાં એક નવો ચહેરો પણ સામેલ કરાયો છે - અનકેપ્ડ ઓફ-સ્પિનર કેસરા નુવંથા. ગાલેની પિચ હંમેશા સ્પિનરોને મદદ કરે છે, ત્યારે આ નવો ખેલાડી ભારતીય બેટ્સમેનો માટે મહત્વપૂર્ણ પડકાર સાબિત થઈ શકે છે.

જો ગાલે ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમના રેકોર્ડ પર નજર કરીએ, તો અહીં ભારત અને શ્રીલંકા વચ્ચે અત્યાર સુધીમાં કુલ ૫ ટેસ્ટ મેચો રમાઈ છે. જેમાં યજમાન શ્રીલંકાનો હાથ ઉપર રહ્યો છે; તેમણે ૩ મેચ જીતી છે જ્યારે ભારતે ૨ મેચમાં જીત મેળવી છે. જોકે, રસપ્રદ વાત એ છે કે અહીં છેલ્લી વખત બંને ટીમો ૨૦૧૭ માં ટકરાઈ હતી, જેમાં ટીમ ઈન્ડિયાએ શ્રીલંકાને ૩૦૪ રનના જંગી અંતરથી હરાવીને શાનદાર વિજય નોંધાવ્યો હતો.

એક ખાસ વાત એ પણ છે કે, ભારતની વર્તમાન ટીમમાં સામેલ મોટાભાગના ખેલાડીઓ પહેલીવાર શ્રીલંકાની ધરતી પર ટેસ્ટ મેચ રમવા ઉતરશે. માત્ર રવિન્દ્ર જાડેજા, કેએલ રાહુલ અને કુલદીપ યાદવ જ એવા ખેલાડીઓ છે જેમને આ પહેલા શ્રીલંકામાં ટેસ્ટ રમવાનો અનુભવ છે.

ભારત અને શ્રીલંકા વચ્ચેની આ રોમાંચક પહેલી ટેસ્ટ મેચનું લાઈવ પ્રસારણ તમે સોની સ્પોર્ટ્સ નેટવર્કની ચેનલો પર જોઈ શકશો. જો તમે મોબાઈલ કે લેપટોપ પર મેચ જોવા માંગતા હોવ, તો સોની લિવ એપ અને તેમની વેબસાઈટ પર લાઈવ સ્ટ્રીમિંગ ઉપલબ્ધ રહેશે. આ મેચ ભારતીય સમય મુજબ સવારે ૧૦:૦૦ વાગ્યે શરૂ થશે.

**પહેલી ટેસ્ટ માટે શ્રીલંકાની સંપૂર્ણ ટીમઃ** ધનંજય ડી સિલ્વા (કેપ્ટન), કમિન્દુ મેન્ડિસ (ઉપ-કેપ્ટન), લાહિરુ ઉદારા, નિશાન મદુષ્કા, દિનેશ ચંદીમલ, પાસિન્દુ સૂરિયાબંદારા, સોનલ દિનુષા, નિરોશન ડિકવેલા (વિકેટકીપર), રમેશ મેન્ડિસ, પ્રભાત જયસૂર્યા, કેસરા નુવંથા, મિલન રથનાયકે, અસિતા ફર્નાન્ડો, લાહિરુ કુમાર, વિશ્વ ફર્નાન્ડો, દિલશાન મદુષ્કા.

સૂર્યવંશી ટુર્નામેન્ટમાં પૂર્વ ઝોન માટે રમતો જોવા મળશે

## IND vs AFG શ્રેણી પહેલા જ મેદાન પર વાપસી કરશે વૈભવ સૂર્યવંશી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૨ :** ભારત અને અફઘાનિસ્તાન વચ્ચેની T20 શ્રેણીની જાહેરાત કરવામાં આવી છે. બંને દેશો વચ્ચે ૧૩ સપ્ટેમ્બરથી ત્રણ મેચની શ્રેણી શરૂ થવાની છે. વૈભવ સૂર્યવંશી આ શ્રેણીમાં જોવા મળે તેવી શક્યતા છે. સૂર્યવંશી છેલ્લે ઝિમ્બાબ્વે સામેની શ્રેણી દરમિયાન ક્રિકેટના મેદાન પર જોવા મળ્યો હતો. ચાહકો આશા છે કે તે અફઘાનિસ્તાન સામેની T20 શ્રેણીમાં સીધો રમતો જોવા મળશે. જોકે, ૧૫ વર્ષીય યુવા બેટ્સમેન તેના પહેલા જ મેદાનમાં વાપસી કરશે.



વૈભવ સૂર્યવંશીની ક્રિકેટના મેદાન પર વાપસી માટે હવે ૧૧ દિવસ જ બાકી છે. દુલીપ ટ્રોફી ભારતની બીજી સૌથી મોટી સ્થાનિક રેડ બોલ ક્રિકેટ ટુર્નામેન્ટ છે, ૨૩ ઓગસ્ટથી શરૂ થઈ રહી છે.

સૂર્યવંશી આ મુખ્ય ટુર્નામેન્ટમાં પૂર્વ ઝોન માટે રમતો જોવા મળશે. વૈભવ ટીમનો વાઈસ-કેપ્ટન છે, તો ઈશાન કિશન પૂર્વ ઝોન ટીમનું નેતૃત્વ કરશે. તેમની ટીમમાં મોહમ્મદ શમી, મુકેશ કુમાર અને અનુકુલ રોય જેવા અગ્રણી ખેલાડીઓ પણ છે.

દુલીપ ટ્રોફીમાં પૂર્વ ઝોનનો પહેલો મુકાબલો ૨૩ ઓગસ્ટે નોર્થ ઈસ્ટ ઝોન સામે થશે. વૈભવ આ મેચ દ્વારા ક્રિકેટ પીચ પર વાપસી કરશે. વૈભવ સૂર્યવંશી મર્યાદિત ઓવરના ક્રિકેટમાં પોતાને સાબિત કરી ચૂક્યો છે, પરંતુ તેને રેડ-બોલ ક્રિકેટમાં ખાસ અનુભવ નથી. તેના માટે દુલીપ ટ્રોફીમાં શાનદાર પ્રદર્શન દ્વારા ભારતીય ટેસ્ટ ટીમમાં ડેબ્યૂ માટે દાવો કરવાની તક છે.

૨૦૨૬-૨૭ દુલીપ ટ્રોફી પછી વૈભવ સૂર્યવંશી અફઘાનિસ્તાન સામે ૩ મેચની T20 શ્રેણીમાં રમશે. તે પછી પણ તે રમતો જોવા મળશે. ૨૦૨૬ એશિયન ગેમ્સમાં ક્રિકેટ ટુર્નામેન્ટ ૨૪ સપ્ટેમ્બરથી શરૂ થઈ રહી છે. BCCIએ આ ઈવેન્ટ માટે ટીમ ઈન્ડિયાની ટીમની સત્તાવાર જાહેરાત કરી દીધી છે, જેમાં વૈભવ સૂર્યવંશીનો પણ સમાવેશ થાય છે.

ખાનગી સમારોહમાં યોજાયા લગ્ન, ફેન્સને મળ્યું સરપ્રાઈઝ

## ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ ૧૧ વર્ષ બાદ ગર્લફ્રેન્ડ જોર્જિના સાથે લગ્ન કર્યા

**રોનાલ્ડો અને જોર્જિના લગ્ન પહેલાં જ માતા-પિતા બની ચૂક્યા છે અને તેમને પાંચ બાળકો છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**પોર્ટુગલ, તા.૧૨ :** પોર્ટુગલના દિગ્ગજ ફૂટબોલર ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ પોતાની લોંગ ટાઈમ ગર્લફ્રેન્ડ જોર્જિના રોડ્રિગેઝ સાથે લગ્ન કરી લીધા છે. રોનાલ્ડો અને જોર્જિનાએ સોશિયલ મીડિયા હેન્ડલ પર આ સમાચારની પુષ્ટિ કરી છે. આ કપલ છેલ્લા ૧૧ વર્ષથી રિલેશનશિપમાં હતું. બંનેના લગ્ન ૧૧ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ પોર્ટુગલના કાસકૈસમાં એક ખાનગી સમારોહમાં યોજાયા હતા.



બરાબર એક વર્ષ પહેલા આ જોડીએ ૧૧ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ સગાઈ કરી હતી. રોનાલ્ડો અને જોર્જિનાના આ ખાસ પ્રસંગે પરિવારના નજીકના લોકો અને તેમના પાંચેય બાળકો હાજર રહ્યા હતા. ૪૧ વર્ષીય રોનાલ્ડોએ પોતાના લગ્નને સંપૂર્ણપણે પ્રાઈવેટ રાખ્યા હતા. તેમણે અગાઉ ક્યારેય એવો સંકેત આપ્યો ન હતો કે તે લગ્ન કરવા જઈ રહ્યા છે, જેના કારણે ફેન્સ માટે આ એક મોટું સરપ્રાઈઝ સાબિત થયું છે. રોનાલ્ડો અને જોર્જિનાએ પોતાના ઈન્સ્ટાગ્રામ પર જે ફોટો શેર કર્યો છે, તેમાં બંનેના ડાબા હાથમાં રિંગ્સ દેખાઈ રહી છે. આ સિવાય તેમના લગ્નની અન્ય કોઈ તસવીર કે વીડિયો હજુ સુધી સામે આવ્યા નથી.

રોનાલ્ડો અને જોર્જિના લગ્ન પહેલાં જ માતા-પિતા બની ચૂક્યા છે અને તેમને પાંચ બાળકો છે. જેમના નામ ક્રિસ્ટિયાનો જુનિયર, જોડિયા બાળકો ઈવા અને માટેઓ, અલાના માર્ટિના તેમજ બેલા એસ્મેરાલ્ડા છે. આ કપલે વર્ષ ૨૦૧૭માં અલાનાનું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ ૨૦૨૨માં જોર્જિનાએ ફરીથી જોડિયા બાળકોને જન્મ આપ્યો હતો, પરંતુ જન્મના થોડા સમય બાદ જ તેમના પુત્ર એન્જલનું અવસાન થયું હતું, જ્યારે તેની જોડિયા બહેન બેલા જીવિત રહી હતી.

વિપક્ષના હોબાળા પર અમિત શાહની પ્રથમ પ્રતિક્રિયા

# વિપક્ષ ચર્ચા માટે સામે આવે, હું દરેક પ્રશ્નનો જવાબ આપીશ

**વિપક્ષ પર નિશાન સાધતા અમિત શાહે કહ્યું હતું કે, હું એ પણ ચર્ચા કરીશ કે તમે ચર્ચા કેમ નથી ઇચ્છતા : NDA સરકાર દરેક બાબત પર ચર્ચા કરવા તૈયાર**



(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૨**

સંસદના ચોમાસુ સત્રમાં ચાલી રહેલા મડાગાંઠ વચ્ચે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે તેઓ બધા પ્રશ્નોના જવાબ આપવા તૈયાર છે. તેમણે કહ્યું હતું કે, "તમે લખીને આપો કે ચર્ચા ઈચ્છો છો, હું જવાબ આપીશ. શાહના નિવેદન પછી તરત જ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, "અમિત શાહના ભાષણોમાં અમને રસ નથી. અમે જાણવા માંગીએ છીએ કે બાળકોને કોણે ગોળી મારી."

વિપક્ષ પર નિશાન સાધતા અમિત શાહે કહ્યું હતું કે, "હું એ પણ ચર્ચા કરીશ કે તમે ચર્ચા કેમ નથી ઈચ્છતા. ભાજપ સરકાર, પીએમ મોદીના નેતૃત્વ હેઠળની NDA સરકાર દરેક બાબત પર ચર્ચા કરવા તૈયાર છે. તેઓ સંસદને કામ કરવા દેતા નથી."

અમિત શાહે કહ્યું કે, સૌ પ્રથમ તો "ગુમ થઈ જવું," "ફરાર થવું," અને "ભાગેડુ" જેવી ભાષા સંભળાઈ રહી છે. તેમણે ઉમેર્યું હતું કે, "વિપક્ષ સંસદને બંને ગૃહોમાં કામ કરવા દેતું નથી, તો ત્યાં જવાથી શું થશે? હું સંસદમાં કોઈપણ પ્રશ્નનો જવાબ આપવા તૈયાર છું. અમે આજે બપોરે ૩ વાગ્યાથી કાલે બપોરે ૩ વાગ્યા સુધી ચર્ચા માટે તૈયાર છીએ." વિપક્ષે પત્ર લખીને બપોરે ૨ વાગ્યા સુધીમાં સ્પીકર ઓમ બિરલાને સુપરત કરવો જોઈએ. અમિત શાહે કહ્યું, "સરકાર દરેક બાબતમાં ચર્ચા કરવા તૈયાર છે. વિપક્ષે સંસદને કામ કરવા દેવી જોઈએ." તેમણે વિપક્ષને ચર્ચા માટે બપોરે ૨ વાગ્યા સુધીમાં સ્પીકરને પત્ર સુપરત કરવા કહ્યું. આ પછી સરકાર આજે બપોરે ૩ વાગ્યાથી મધ્યરાત્રિ અને કાલે બપોરે ૩ વાગ્યા સુધી પણ ચર્ચા માટે તૈયાર છે. અમિત શાહે કહ્યું કે, તેઓ પોતે ચર્ચામાં ભાગ લેશે. તેમણે કહ્યું કે, વિપક્ષ સંસદને કામ કરવા દેતું નથી. અમિત શાહે સ્પષ્ટતા કરી કે, સત્ર શરૂ થયું ત્યારથી તેઓ નિયમિતપણે સંસદમાં આવી રહ્યા છે.

અમિત શાહે જણાવ્યું હતું કે, સરકાર પાસે છૂપાવવા માટે કંઈ નથી અને NEET પેપર લીક અંગે વિદ્યાર્થીઓના વિરોધને લગતા તમામ પ્રશ્નોના જવાબ આપવા તૈયાર છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, તેઓ વિપક્ષે સંસદને કેમ કામ કરતા અટકાવી તે પ્રશ્નનો જવાબ આપશે. અમિત શાહે વિપક્ષને કહ્યું હતું કે, હવે ચર્ચામાં જોડાવું કે ચર્ચા ટાળવી તે નિર્ણય તેમણે કરવાનો છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે, વડા પ્રધાન મોદીના નેતૃત્વમાં સરકાર હંમેશા દરેક મુદ્દા પર ચર્ચા કરવા તૈયાર છે. તેમણે વિપક્ષને સંસદને કામ કરવા દેવાની અપીલ કરી હતી.

ગૃહમંત્રીએ જણાવ્યું હતું કે, સંસદમાં ચર્ચા માટે સ્થાપિત નિયમો અને પ્રક્રિયાઓ છે. આવા ગંભીર મુદ્દા પર ફક્ત નિવેદન આપીને ચર્ચા કરી શકાતી નથી. સંસદ કોઈપણ મુદ્દા પર વિગતવાર ચર્ચા કરે છે, અને સરકાર દરેક પ્રશ્નનો જવાબ આપવા તૈયાર છે. જો સ્પીકર પરવાનગી આપે તો સરકાર જરૂર પડ્યે પ્રશ્નકાળ મુલતવી રાખવા તૈયાર છે.

## જસ્ટિસ યશવંત વર્મા પરના ત્રણેય આરોપો સાબિત

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૨**

જસ્ટિસ યશવંત વર્મા સામે તપાસ કરી રહેલી સમિતિએ તેના અહેવાલમાં તેમની સામે મૂકવામાં આવેલા ત્રણેય આરોપને સાબિત માન્યા છે. સમિતિએ જણાવ્યું છે કે, તેમના સરકારી નિવાસસ્થાનના સ્ટોર રૂમમાંથી મોટી માત્રામાં ૫૦૦ રૂપિયાની બળેલી અને અડધી બળેલી નોટો મળી આવી હતી. જો કે, આ નોટોના સ્રોત કે માલિકી હક્ક અંગે જસ્ટિસ વર્મા કોઈ સંતોષકારક જવાબ આપી શક્યા નહોતા.

અહેવાલ મુજબ, ૧૪ અને ૧૫ માર્ચ ૨૦૨૫ ની રાત્રે દિલ્હીના ૩૦ તુગલક ક્રેસન્ટ સ્થિત સરકારી નિવાસસ્થાનના સ્ટોર રૂમમાં આગ લાગી હતી. આગ ઓલવવા પહોંચેલા દિલ્હી પોલીસ અને ફાયર બ્રિગેડના અધિકારીઓએ ત્યાં મોટી સંખ્યામાં બળેલી, અડધી બળેલી, ભીની અને વિખરાયેલી ૫૦૦ રૂપિયાની નોટો જોઈ હતી. ઘણા અધિકારીઓના નિવેદનો અને ફોટો-વીડિયો રેકોર્ડ પણ આ વાતની પુષ્ટિ કરે છે.

સમિતિએ જણાવ્યું કે, ઘટનાસ્થળેથી નોટો જપ્ત કરવામાં આવી નહોતી, ન તો તેમની ગણતરી કરવામાં આવી કે ન તો તેમની પૂરી યાદી બનાવવામાં આવી હતી. આ જ કારણે અહેવાલમાં રોકડની સાચી રકમ જણાવવી શક્ય નથી. સમિતિના જણાવ્યા અનુસાર, તેનો અર્થ એ નથી કે ત્યાં ઓછી નોટો હતી. ઉપલબ્ધ પુરાવાઓ પરથી સ્પષ્ટ થાય છે કે, સ્ટોર રૂમમાં ૫૦૦ રૂપિયાની નોટો મોટી સંખ્યામાં હતી.

પહેલા આરોપમાં જણાવાયું હતું કે, ન્યાયમૂર્તિ વર્માના નિયંત્રણ હેઠળના સરકારી પરિસરમાં મોટી માત્રામાં એવી રોકડ મળી, જેનો કોઈ સ્પષ્ટ સ્રોત કે માલિકી હક્ક સામે આવ્યો નથી. સમિતિએ આ આરોપને સાબિત માન્યો છે. અહેવાલમાં જણાવાયું છે કે, ન્યાયમૂર્તિ વર્મા નોટો મળવા, તેના સ્રોત અને તેની માલિકી અંગે સંતોષકારક જવાબ આપી શક્યા નથી. બીજા આરોપમાં આગ ઓલવ્યા પછી ઘટનાસ્થળ અને ત્યાં રહેલા પુરાવાઓને યોગ્ય રીતે સુરક્ષિત ન રાખવાની વાત હતી. સમિતિએ આ આરોપ પણ સાબિત માન્યો છે. અહેવાલ મુજબ, સરકારી અધિકારીઓની તપાસ અને જગ્યાને સીલ કરતા પહેલા સ્ટોર રૂમની સ્થિતિમાં ફેરફાર થયો હતો અને પાછળથી ત્યાં હાજર નોટો પણ મળી નહોતી.

સમિતિએ કહ્યું કે, આ આરોપ સાબિત કરવા માટે એ જરૂરી નહોતું કે ન્યાયમૂર્તિ વર્માએ પોતે જઈને નોટો હટાવી હોય. તેમના નિયંત્રણ હેઠળના પરિસરમાં પુરાવા સુરક્ષિત રાખવામાં આવ્યા નહોતા અને તેનાથી મહત્વપૂર્ણ પુરાવા નષ્ટ થઈ ગયા. ત્રીજા આરોપમાં ન્યાયમૂર્તિ વર્માની અલગ-અલગ સ્પષ્ટતાઓને લઈને સવાલો ઉઠાવવામાં આવ્યા હતા. સમિતિએ કહ્યું કે, તેમના જવાબમાં એ સ્પષ્ટ માહિતી નહોતી જેની આ મામલે એક બંધારણીય પદ પર બેઠેલી વ્યક્તિ પાસેથી અપેક્ષા રાખવામાં આવે છે.

સમિતિના જણાવ્યા અનુસાર, ૨૨ માર્ચ ૨૦૨૫ ના જવાબમાં ન્યાયમૂર્તિ વર્માએ રોકડ વિશે જાણકારી હોવાનો ઈનકાર કર્યો હતો. પાછળથી વલણમાં ફેરફાર આવ્યો અને તેમણે ઘટનાસ્થળની જપ્તી, રોકડની ગણતરી અને પાછળથી થયેલી સફાઈ જેવા મુદ્દા ઉઠાવ્યા.

અહેવાલમાં એ પણ કહેવામાં આવ્યું છે કે, ન્યાયમૂર્તિ વર્માએ સ્ટાફની ભૂમિકા, રોકડ ત્યાં રાખવામાં આવી હોવા, રોકડ હટાવવામાં આવી હોવા કે કોઈ કાવતરા જેવી વાતો તરફ ઈશારો કર્યો હતો. જો કે, આ દાવાઓને સાબિત કરવા માટે કોઈ ઠોસ પુરાવા કે સાક્ષી રજૂ કર્યા નહોતા. સમિતિએ અંતમાં કહ્યું કે, તેમની સ્પષ્ટતા ગોળ-ગોળ, અધૂરી અને ગેરમાર્ગે દોરનારી હતી. તેના આધારે ત્રીજા આરોપને પણ સાબિત માનવામાં આવ્યો છે.

અહેવાલના સૌથી મહત્વપૂર્ણ ભાગમાં સમિતિએ સ્પષ્ટપણે કહ્યું છે કે, આરોપ નંબર એક, બે અને ત્રણ-ત્રણેય સાબિત થાય છે. સમિતિએ કહ્યું કે, સરકારી નિવાસસ્થાનના સ્ટોર રૂમમાંથી મોટી માત્રામાં ૫૦૦ રૂપિયાની નોટો મળી, તેનો સંતોષકારક સ્રોત બતાવવામાં આવ્યો નહીં, મહત્વપૂર્ણ પુરાવા સુરક્ષિત રાખવામાં આવ્યા નહીં અને પાછળથી રોકડ ગાયબ થવાનો પણ કોઈ સંતોષકારક જવાબ મળ્યો નથી. સમિતિએ પોતાનો અહેવાલ અને તપાસ સંબંધિત દસ્તાવેજો આગળની કાર્યવાહી માટે લોકસભા અધ્યક્ષને સોંપવામાં આવ્યા હોવાની વાત કહી છે.

**રશિયાએ ભારતના પૂર્વ ચીફ જસ્ટિસ ચંદ્રચૂડને સોંપી મોટી જવાબદારી**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૨**

ભારતના ભૂતપૂર્વ ચીફ જસ્ટિસ(CJI) ડી.વાય. ચંદ્રચૂડને એક મહત્ત્વની આંતરરાષ્ટ્રીય જવાબદારી મળી છે. રશિયાએ યુક્રેનની સરકારી ઓશાડબૅંક સાથે ચાલી રહેલા કરોડો ડૉલરના રોકાણ વિવાદમાં તેમને પોતાના મધ્યસ્થ (સંચાલક) તરીકે પસંદ કર્યા છે. આ સમગ્ર વિવાદ રશિયા-યુક્રેન યુદ્ધ દરમિયાન બૅંકને થયેલા મોટા આર્થિક નુકસાન અને તેના વળતરના દાવાઓ સાથે જોડાયેલો છે. ગ્લોબલ આર્બિટ્રેશન રિવ્યૂના અહેવાલ મુજબ, આ હાઈ-પ્રોફાઈલ વિવાદનો ઉકેલ લાવવા માટે ત્રણ સભ્યોની એક સમિતિ (ટ્રિબ્યુનલ) બનાવવામાં આવી છે. આ સમિતિના અધ્યક્ષ તરીકે કોસ્ટા રિકાના પૂર્વ વેપાર મંત્રી ડિયાલા જિમેનેજને રશિયા અને યુક્રેન બંનેની સંમતિથી પસંદ કરવામાં આવ્યા છે. જ્યારે રશિયા તરફથી ભારતના પૂર્વ સીજેઆઈ ડી.વાય. ચંદ્રચૂડ અને યુક્રેનની ઓશાડબૅંક તરફથી ગ્રીસના પ્રોફેસર સ્તાવરોસ બ્રેકૌલકિસ આ કમિટીમાં મધ્યસ્થ તરીકે સામેલ થશે.

આ મધ્યસ્થતા પ્રક્રિયા રશિયા અને યુક્રેન વચ્ચે વર્ષ ૧૯૯૮માં થયેલી દ્વિપક્ષીય રોકાણ સંધિ હેઠળ શરૂ કરવામાં આવી છે. યુક્રેનની ઓશાડબૅંકનો દાવો છે કે ૨૦૨૨માં રશિયાના લશ્કરી હુમલાને કારણે ડોનેટ્સક, લુહાન્સ્ક, ખેરસાન અને ઝાપોરિઝિયા જેવા વિસ્તારોમાં તેની મિલકતો અને બિઝનેસ સંપૂર્ણપણે છીનવાઈ ગયા છે, જેનાથી તેને ભારે આર્થિક નુકસાન થયું છે. આ નુકસાનને સરભર કરવા માટે બૅંકે જુલાઈ ૨૦૨૫માં રશિયાને નોટિસ મોકલી હતી, પરંતુ રશિયા તરફથી કોઈ જવાબ ન મળતાં બૅંકે કાનૂની કાર્યવાહી શરૂ કરી હતી.

## વોશિંગ્ટન સુંદર શ્રીલંકા સામેની ટેસ્ટ સિરીઝ ગુમાવી શકે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૨

ખેલાડીઓ હાલમાં સેન્ટર ઓફ એક્સેલન્સ (CoE)માં તેમની સંબંધિત ઈજાઓમાંથી સ્વસ્થ થઈ રહ્યા છે. સ્ટાર ફાસ્ટ બોલર બુમરાહ અને યુવા બેટ્સમેન સુદર્શનને શરૂઆતમાં શ્રીલંકા શ્રેણી માટે પસંદ કરવામાં આવ્યા હતા, જે ફિટનેસ ક્લિયરન્સને આધીન હતા, પરંતુ પછીથી તેમને બહાર કરવામાં આવ્યા હતા. બુમરાહ ઘૂંટણની ઈજાનો સામનો કરી રહ્યો છે, જ્યારે સુદર્શનને તેના પગના અંગૂઠામાં ઈજા છે.

૨૬ વર્ષીય સુંદર હેમસ્ટ્રિંગની ઈજાથી પીડાઈ રહ્યો છે. ગયા મહિને ઈંગ્લેન્ડ સામેની ODI શ્રેણી દરમિયાન તેને જમણા પગના સ્નાયુમાં ઈજા થઈ હતી. સુંદર શ્રીલંકા સામેની પહેલી મેચ માટે ઉપલબ્ધ નહોતો. બીજી ટેસ્ટ માટે તે ફિટ થવાની અપેક્ષા હતી. જોકે, હવે તે આશાઓ પર પાણી ફરી વળ્યું છે. ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના અહેવાલ મુજબ, સુંદરની વાપસી અંગે ન તો ઝઈ કે ન તો ભારતીય ટીમ મેનેજમેન્ટ ઉતાવળમાં છે. ઈજાગ્રસ્ત ખેલાડીઓની વધતી સંખ્યાને જોતાં સુંદર સાથે સાવચેતીભર્યું વલણ અપનાવવામાં આવશે.

BCCIના એક સૂત્રને ટાંકીને અહેવાલમાં જણાવાયું છે કે, હાલમાં, વોશિંગ્ટન સુંદર શ્રીલંકા જાય તેવી શક્યતાઓ ખૂબ જ ઓછી છે. ટીમ મેનેજમેન્ટને તે મુજબ યોજના બનાવવાનું કહેવામાં આવ્યું છે. BCCI મેડિકલ ટીમ તેને ટેસ્ટ મેચમાં ફિલ્ડિંગ કરવામાં સાવચેતી રાખી રહી છે. એવા કિસ્સાઓ બન્યા છે કે ખેલાડીઓ ઈજાઓમાંથી સ્વસ્થ થયા પછી તરત જ મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા. વોશિંગ્ટનની પસંદગી ફક્ત બીજી ટેસ્ટ માટે કરવામાં આવી હતી. ગયા મહિને ઈંગ્લેન્ડમાં ઈજા થયા પછી તે વધુ રમ્યો નથી. જો સુંદર શ્રીલંકા શ્રેણીમાંથી બહાર થાય છે, તો પસંદગીકારો આ ઓલરાઉન્ડરના સ્થાને કોઈ ખેલાડીની જાહેરાત કરે તેવી શક્યતા ઓછી છે. પસંદગીકારોએ પહેલાથી જ ૧૫ સભ્યોની ટીમની જાહેરાત કરી દીધી છે. એક સૂત્રએ જણાવ્યું છે કે, જો વોશિંગ્ટન ટીમમાં જોડાય છે, તો તે ૧૬મો સભ્ય હશે.

## ભારતનું પ્રથમ વેરહાઉસિંગ અને ઈન્ડસ્ટ્રીયલ પાર્ક્સ InvIT NDR InvIT રૂા. ૭૫૦ કરોડનો પબ્લિક ઈશ્યુ લાવશે

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**

**સુરત, તા.૧૨**

એનડીઆર વેરહાઉસિંગ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા પ્રાયોજિત પ્રાઈવેટ લિસ્ટેડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ NDR InvIT w. 750 કરોડ સુધીનાં યુનિટ્સની પ્રારંભિક જાહેર ઓફર દ્વારા પ્રાઈવેટ લિસ્ટેડ InvIT ને પબ્લિક InvIT માં પરિવર્તિત કરવાની યોજના ધરાવે છે. ઓફરમાં રૂા.૪૫૦ કરોડ સુધીના શેરોનો ફ્રેશ ઈશ્યુ અને ઈન્વેસ્ટકોર્પ ઈન્ડિયા વેરહાઉસિંગ આઈએફએસસી ટ્રસ્ટ દ્વારા રૂા.૩૦૦ કરોડની ઓફર ફોર સેલ (ઓએફએસ)નો સમાવેશ થાય છે.

જેએલએલ રિપોર્ટ પ્રમાણે, NDR InvIT ટ્રસ્ટ ભારતનું પ્રથમ કાયમી વેરહાઉસિંગ અને ઈન્ડસ્ટ્રીયલ પાર્ક્સ InvIT છે. ૩૦ જૂન, ૨૦૨૬નાં રોજ ટ્રસ્ટ ૨૨.૯૭ મિલિયન સ્કવેર ફુટનો કુલ ભાડાપટ્ટાલાયક વિસ્તારનું સંચાલન કરતુ હતું, જેમાંથી ૨૧.૫૮ મિલિયન સ્કવેર ફુટનો હાલમાં વિકાસ થઈ રહ્યો છે. તેનો પોર્ટફોલિયો અમદાવાદ, બેંગલુરુ, ચેન્નાઈ, હૈદરાબાદ, કોલકાતા, મુંબઇ, એનસીઆર દિલ્હી અને પૂણે સહિતનાં મહત્વનાં વેરહાઉસિંગ બજારોમાં ફેલાયેલો છે, જે ભારતનાં સંગઠિત વેરહાઉસિંગ સ્ટોકમાં આશરે ૮૦ ટકા હિસ્સો ધરાવે છે એમ જેએલએલનો અહેવાલ જણાવે છે.

સ્પોન્સર કંપની એનડીઆર વેરહાઉસિંગ પ્રાઈવેટ લિમિટેડ ભારતની અગ્રણી વેરહાઉસિંગ ડેવલપર્સ તરીકે જાણીતી છે અને મોટી વૈશ્વિક સંસ્થાઓ પાસેથી ભંડોળ પ્રાપ્ત કરવા માટે જનરલ વેરહાઉસિંગ ક્ષેત્રમાં પ્રવેશનાર પ્રથમ કંપની હતી એમ જેએલએલનો રિપોર્ટ જણાવે છે.

ફ્રેશ ઈશ્યુમાંથી મળનારા ભંડોળનો ઉપયોગ પ્રાથમિક સ્તરે રૂા.૨૯૭.૬ કરોડ સુધીમાં એનડીઆર એડવાન્સ્ડ સ્ટોરેજ પ્રાઈવેટ લિમિટેડનું ૧૦૦ ટકા એક્વિઝિશન કરવા અને રૂા. ૮૪.૨ કરોડ સુધીમાં એનડીઆર સ્ટોરવેલ વેરહાઉસિંગ એલએલપીનું ૧૦૦ ટકા એક્વિઝિશન કરવા અને બાકીની રકમનું સામાન્ય હેતુઓ માટે કરવામાં આવશે. સૂચિત એક્વિઝિશનથી ટ્રસ્ટની આવક પેદા કરતી જનરલ વેરહાઉસિંગ એસેટ્સને મજબૂત કરવા, વૈવિધ્યીકરણ કરવા અને તેની ભાવિ વૃદ્ધિને ટેકો આપવા માટે કરવામાં આવશે.

**NDR InvIT ટ્રસ્ટ અંગેઃ** NDR InvIT ટ્રસ્ટ સેબીમાં નોંધાયેલી અને એનડીઆર વેરહાઉસિંગ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા પ્રાયોજિત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ છે. ટ્રસ્ટ ભારતનાં મહત્વનાં બજારોમાં વેરહાઉસિંગ અને ઈન્ડસ્ટ્રીયલ એસેટ્સનો વૈવિધ્યીકૃત પોર્ટફોલિયોની માલિકી ધરાવે છે અને તેનું સંચાલન કરે છે.

# સ્વતંત્રતા દિવસ પર્વ પ્રસંગે ''અપની બાત, અપનો કે સાથ'' સંબોધન ''સંસ્કરણ ૨''

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
**સુરત, તા.૧૨**




અદાણી પરિવારના મારા સાથી સભ્યો, આપ સહુને સ્નેહભરી શુભેચ્છાઓ. નજીકના દિવસોમાં આપણે બધા ૧૫ ઓગસ્ટની ઉજવણી કરીશું. મારા માટે, ૧૫ ઓગસ્ટ માત્ર રાષ્ટ્રીય તહેવાર નથી. દર વર્ષે, આ પર્વ મને નમ્ર અને કૃતજ્ઞ બન્ને બનાવે છે. નમ્ર, એટલા માટે કારણ કે આજે આપણે શ્વાસ લઈએ છીએ તે સ્વતંત્ર ભારત એ વારસારુપે આપણને મળ્યું છે. અને કૃતજ્ઞ એટલા માટે કારણ કે આ સ્વતંત્રતા ખાતર અનેક લોકોએ પોતાનું સર્વસ્વ રાષ્ટ્રને સમર્પિત કર્યું છે. કેટલાકે પોતાના ઘરબાર છોડી દીધા. તો કેટલાકે પોતાના પરિવારો છોડી દીધા. કેટલાકે પોતાના જીવનના શ્રેષ્ઠ વર્ષો દેશને સમર્પિત કર્યા. અને કેટલાકે પોતાના જીવનનું મહામૂલું બલિદાન પણ આપ્યું. આજે આપણે જે કંઈ કરી શકીએ છીએ, જે કંઈ નિર્માણ કરી શકીએ છીએ, અને ભવિષ્ય માટે આપણે જે સપનાઓ જોઈ શકીએ છીએ, આ સઘળું તેઓના બલિદાનની ફળશ્રુતિ છે. તેથી જ ૧૫ ઓગસ્ટ મારા માટે ફક્ત ઉજવણીનો દિવસ નથી પરંતુ તે કૃતજ્ઞતાનો દિવસ પણ છે. અને કદાચ, કૃતજ્ઞતાની આ ભાવના આપણને જીવન વિશેનો અન્ય એક ગહન પાઠ ભણાવે છેઃ કોઈ પણ મોટું પરિવર્તન બલિદાન કે ધીરજ વિના થતું નથી. અને જો હું મારા પોતાના જીવનની સફર બાજું પાછળ ફરીને જોઉં છું, તો મને આ સત્ય દેખાય છે. ભગવાનની કૃપાથી, જીવનએ મને મેં ક્યારેય અપેક્ષા રાખી હતી તેના કરતાં ઘણું વિશેષ આપ્યું છે. પરંતુ તેનાથી પણ વધુ જીંદગીએ મને શીખવ્યું છે. અને કદાચ પરિવારના વડા તરીકે મારા માટે જીવનએ મને શીખવેલી કેટલીક બાબતો તમારી સાથે વહેંચવાનો સમય આવી ગયો છે.

સાથીઓ થોડા મહિના અગાઉ ૧લી મે ના રોજ મજૂર દિન પ્રસંગે આપણે ''અપની બાત, અપનોં કે સાથ'' શરૂ કરી હતી. ''અપની બાત, અપનોં કે સાથ'' દ્વારા આપણે પહેલી વાર જોડાયા ત્યારે આપણે શ્રમના ગૌરવ વિશે વાત કરી હતી. મેં કહ્યું હતું કે કોઈપણ સંગઠનની સૌથી મોટી તાકાત... તેના મશીનો નથી... પણ તેના લોકો છે. તે દિવસે, મારા મનમાં કંઈક બીજું પણ હતુંઃ કે આટલા વિશાળ પરિવારમાં સંવાદ માત્ર બેઠકો અને ઔપચારિક વાતચીત સુધી મર્યાદિત ન હોવો જોઈએ. તેમાં સ્વજન ભાવ પણ હોવો જોઈએ. તે વિશ્વાસમાં મૂળ હોવું જોઈએ. અને તેના દ્વારા એકબીજા પાસેથી શીખવાની તકો પ્રદાન કરવી જોઈએ. આ ભાવના સાથે આ સંવાદ શરૂ થયો.

આજે આપણે બીજા મેળાવડાને ચિહ્નિત કરીએ છીએ. અને મને વિશ્વાસ છે કે આવનારા વર્ષોમાં ''અપની બાત, અપનોં કે સાથ'' આપણા અદાણી પરિવારમાં એક સુંદર પરંપરા સ્થાપશે. એ એક એવો પ્રસંગ છે જ્યારે આપણે ફક્ત આપણા કામની જ નહીં, પણ આપણા જીવનની પણ ચર્ચા કરીએ છીએ. જ્યારે હું મારા જીવનની સફર પર નજર કરું છું, ત્યારે સૌથી પહેલા મારી નજરમાં મારા માતાપિતાના ચહેરા આવે છે. હું મારી જાતને ભાગ્યશાળી માનું છું કે મારો જન્મ એવા પરિવારમાં થયો હતો જ્યાં સંસાધનો મર્યાદિત હતા, પરંતુ મૂલ્યો અનંત હતા. મારા પિતા શ્રી શાંતિલાલજી, ક્યારેય અમને મહાન ઉપદેશો આપતા નહોતા. તેમણે અમને શીખવ્યું કે, પ્રામાણિકતા માત્ર નીતિ નથી તે વ્યક્તિના સ્વભાવનો એક ભાગ છે. તેમણે અમને શીખવ્યું કે વચન નાનું કે મોટું નથી, વચન ફક્ત એક વચન છે, અને તે પાળવું જ જોઈએ. અને જો લોકો તમારા શબ્દ પર વિશ્વાસ કરે છે, તો જીવનમાં આનાથી મોટું કોઈ સન્માન નથી.

આજે, જ્યારે હું ભૂતકાળ તરફ ફરીને જોઉં છું, મને ખ્યાલ આવે છે કે જો મારા જીવનમાં કોઈ મહાન વારસો છે, તો તે ધનનો નહીં, પરંતુ વિશ્વાસનો છે. મારી માતાએ અમને અલગ રીતે શીખવ્યું. તેમણે અમને બલિદાન, સાદગી અને પરિવારનો અર્થ શીખવ્યો. અને આ બધું એક પણ શબ્દ બોલ્યા વિના. માતુશ્રી બહુ ઓછું બોલ્યા, પણ તેમનું વાત્સલ્ય ઘણું બધું બોલતું હતું. આજે પણ, જ્યારે હું મારા બાળપણને યાદ કરું છું, ત્યારે સૌથી પહેલી વાત જે યાદ આવે છે તે છે માતાએ રાંધેલા ભોજનની સુગંધ. મને અમારા ઘરની હૂંફ યાદ આવે છે. તે સરળ પ્રશ્ન મારી માતા પૂછતી હતીઃ ''તમે જમ્યા?'' કદાચ આપણા બધાના જીવનમાં, એવી યાદો હોય છે જે સમય જતાં ઝાંખી પડતી નથી. અને આ જ યાદો છે જે આપણને મજબૂત રાખે છે. આપ જાણો છો કે મને ઉચ્ચ શિક્ષણની તક મળી ન હતી. તે સમયે તે એક કમી જેવું લાગતું હતું. પરંતુ, પાછળ વળીને જોતાં, આજે મને લાગે છે કે ભગવાને મારા માટે શીખવાનો એક અલગ માર્ગ પસંદ કર્યો હતો.

મારા ઘણા શિક્ષકો હતા, પણ સૌથી મહાન શિક્ષક જીવન જ હતું. જીવનના સૌથી મોટા પાઠ મોટી ઘટનાઓમાંથી હંમેશા મળતા નથી; ઘણીવાર તે નાની, રોજિંદી ક્ષણોમાં છુપાયેલા હોય છે. અને ઘણીવાર તો આપણે જે લોકોને દરરોજ મળીએ છીએ તે લોકો જ આપણને તે પાઠ શીખવે છે. ક્યારેક, પડોશનો કરિયાણાનો વેપારી જે કોઈપણ કાગળ વગર માત્ર વિશ્વાસના આધારે શ્રદ્ધા આપે છે. ક્યારેક, ટેકનિશિયનનું ફરજ પ્રત્યેનું સમર્પણ અથવા સુરક્ષા ગાર્ડની સતર્કતા આપણને જવાબદારીનો સાચો અર્થ શીખવે છે. જો કોઈ વ્યક્તિમાં શીખવાની નમ્રતા હોય તો જીવનમાં, કોઈપણ આપના શિક્ષક બની શકે છે.

# ઝિમ્બાબ્વેમાં મોટી હોનારત; ૯૫ મુસાફરો ભરેલી બોટ કરીબા તળાવમાં ડૂબી, ૧૫ લોકોના મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)
**કરીબા, હરારે, તા.૧૨**



ઝિમ્બાબ્વેમાં એક મોટી દુર્ઘટના સર્જાઈ હોવાનું પ્રકાશમાં આવ્યું છે. અહીં કરીબા તળાવમાં લોકોને લઈને જતી એક બોટ અચાનક પલટી ગઈ હોવાનું સામે આવ્યું છે. આ ઘટનાના અનેક વીડિયો પણ સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યાં છે. આ દુર્ઘટનામાં કુલ ૧૫ લોકોના મોત થયાં છે, જ્યારે ૨૦ થી વધારે લોકો હજી પણ લાપતા હોવાનું જાણવા મળ્યું છે. આ બોટમાં કુલ ૯૫ લોકો સવાર હતાં. લાપતા લોકોને શોધવા માટે સર્ચ ઓપરેશન શરૂ કરી દેવામાં આવ્યું છે.

વિગતે વાત કરવામાં આવે તો, કરીબા તળાવમાં બોટિંગ દરમિયાન આ બોટ પલટી ગઈ હતી. જેમાં ૯૫ લોકો સવાર હતાં. આ દુર્ઘટનામાં બાળકો અને મહિલાઓ સહિત ૧૫ લોકોના મોત થયાં છે. મૃતકોના મૃતદેહને બહાર કાઢી લેવામાં આવ્યાં છે. જ્યારે લાપતા લોકોને શોધખોળ કરવામાં આવી રહી છે. સોશિયલ મીડિયામાં આ દુર્ઘટનાના અનેક વીડિયો વાયરલ થઈ રહ્યાં છે.

આ મામલે પોલીસે જણાવ્યું કે, ઝિમ્બાબ્વેના ઉત્તરી શહેર કરીબાથી દ્વીપ સુધી જવા માટે બોટ દ્વારા મુસાફરી કરવામાં આવે છે. એટલું જ નહીં પરંતુ માછીમારી માટે પણ અહીં અવર જવર રહેતી હોય છે. અત્યારે ભયાનક મોજાના કારણે આ બોટ પલટી ગઈ હતી. જેમાં પાંચ ક્રૂ મેમ્બર અને ૯૫ મુસાફરો સવાર હતાં.

હવામાન ખરાબ હોવા છતાં પણ આ બોટ મુસાફરોને લઈને નીકળી હતી. તળાવની વચ્ચે પહોંચી ત્યારે મોજાના કારણે પલટી ગઈ હતી. આ દરમિયાન આસપાસ બોટિંગ કરી રહેલા લોકો સત્વરે અહીં પહોચ્યાં અને બચાવ કાર્ય શરૂ કરી દીધું હતું. આ સાથે પોલીસને પણ જાણ કરી દેવામાં આવી હતી. અત્યારે હેલિકોપ્ટર અને સેના દ્વારા બચાવકાર્ય કરવામાં આવલી રહ્યું છે. ૬૦ લોકોને સુરક્ષિત બહાર કાઢી લેવામાં આવ્યાં છે. બાકીના લોકોની પણ શોધખોળ કરવામાં આવી રહી છે. આ ઘટનાના કારણે લોકોમાં ભયનો માહોલ છવાયો હતો.

# ઓસ્ટ્રેલિયામાં એઆઇનો વેબસાઇટ પર હુમલો! : એઆઈએ પોતાના માલિકનો જિમ સ્લોટ બૂક કરવા માટે સિસ્ટમ હેક કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)
**સિડની, તા.૧૨**

ઓસ્ટ્રેલિયામાં એઆઈ (આર્ટિફિશિયલઇન્ટેલિજન્સ)નો ચોંકાવનારો મામલો સામે આવ્યો છે. આ કિસ્સામાં એઆઈ રીતસરનું દોઢડાહ્યુ થતાં તેને આપવામાં આવેલી સૂચનાનું પાલન કરવા માટે બધા નિયમોને ચાતરી ગયું હતું. તેના પરિણામે આ આખી ઘટના એઆઈ દ્વારા કોઈ વેબસાઈટ પર થયેલી સાઈબર હુમલાની પ્રારંભિક ઘટનાની એક ઘટના મનાય છે.

આ વાત ઓસ્ટ્રેલિયાની ટેક કંપની એઆઈ અફિંડાના એઆઈ હેડ એન્ડ્ર્યુ બર્ડ સાથે જોડાયેલી છે. તેને એક લોકપ્રિય જિમ ક્લાસમાં જગ્યા જોઈતી હતી, પરંતુ ક્લાસ બહુ ઝડપથી ભરાઈ જતો હતો. તેના કારણે તેમણે પોતાના વ્યક્તિગત એઆઈ આસિસ્ટન્ટને આ કામ સોંપી દીધું.

આ એઆઈ આસિસ્ટન્ટ ક્લાઉડ પર ચાલતું હતું. એઆઈએ બૂકિંગ સિસ્ટમ જોઈ અને જોયું કે વેબસાઇટના કેટલાક પ્રતિબંધો ફક્ત સામે દેખાતા હિસ્સામાં જ હતા. તેની પાછળની બાજુની સિસ્ટમમાં આવું કોઈ ચકાસણીનું સ્તર ન હતું. તેનો ફાયદો ઉઠાવીને એવો ક્લાસ બૂક કરી દીધો જે સામાન્ય રીતે તે આટલો વહેલા બૂક કરી શક્યા ન હોત. તેના પછી જ સાચો ખેલ શરૂ થયો.

એઆઈએ જોયું કે તેના માલિક વેઇટિંગ લિસ્ટમાં ચોથા નંબરે છે. તેમણે એઆઈને પૂછ્યું કે શું તે તેને આ લિસ્ટમાં ઉપર લાવી શકે છે. એઆઈએ સિસ્ટમનો ટેસ્ટ કરવાનો શરૂ કર્યો. આ દરમિયાન તેને ખબર પડી કે બીજા લોકોની બુકિંગ રદ કરવા માટે ઉપયોગમાં લેવાતા હિસ્સામાં જરૂરી પરમિશનની ચકાસણી યોગ્ય રીતે થતી ન હતી. તેના પછી એઆઈએ વેઇટિંગ લિસ્ટમાં પહેલા નંબર પર હાજર વ્યક્તિની બુકિંગ રદ કરી દીધી. તેથી બર્ડ ચોથા નંબરથી ત્રીજા નંબર પર આવી ગયા. અહેવાલ મુજબ બર્ડે એઆઈને કોઈ ત્રીજી વ્યક્તિનું બૂકિંગ રદ કરવાનો સીધો આદેશ આપ્યો ન હતો. આમ છતાં એઆઈએ એવો રસ્તો પસંદ કર્યો જેનાથી તેને સોંપવામાં આવેલું કામ પૂરું કરી શકાય, પરંતુ આમા બીજી કોઈ વ્યક્તિને નુકસાન થઈ ગયું.

બર્ડને જ્યારે ખબર પડી કે એઆઈએ બીજાનું બૂકિંગ રદ કર્યુ છે ત્યારે તેણે એઆઈને તેનું બૂકિંગ પાછું જેમ હતુ તેમ કરવા કહ્યુ. પરંતુ અહીં બીજી તકલીફ સામે આવી. એઆઈ એજન્ટ્સ તેણે જેનું નામ બૂકિંગમાંથી કાઢી નાખ્યું હતું તે પરત ન લાવી શક્યુ, કેમકે જે ખામી બૂકિંગ કેન્સલેશન સિસ્ટમમાં હતી તે ફરીથી બૂકિંગ કરવાની સિસ્ટમમાં ન હતી.


આશ્ચર્યની વાત એ હતી કે, એઆઈ પોતે જ બતાવતું હતું કે તેણે શું કર્યુ. એઆઈએ તેના પગલાં છૂપાવવાનો પ્રયત્ન પણ ન કર્યો.

કેટલાક અહેવાલમાં આ ઘટનાને એઆઈ તરફથી કરાયેલો પ્રથમ સાઈબર હુમલો ગણાવાયો છે, પરંતુ આને કંઇ જટિલ કે એડવાન્સ હેકિંગ ન કહી શકાય. વાસ્તવિક તકલીફ જિમ બૂકિંગ સિસ્ટમની ખામીની હતી. એઆઈએ આ ખામી ઓળખી તેનો ઉપયોગ કર્યો.

પહેલા કોઈ વેબસાઈટની નબળાઈનો ફાયદો ઉઠાવવા વ્યક્તિએ તે સિસ્ટમ સમજવી પડતી હતી, યોગ્ય પદ્ધતિ શોધવી પડતી હતી અને પછી પોતે કાર્યવાહી કરવી પડતી હતી. હવે એઆઈ એજન્ટ પોતે જ આવા કામ કરવા સમર્થ બની રહ્યા છે.




# ઋષભ શેટ્ટીની જય હનુમાનમાં વામિકા ગબ્બીની એન્ટ્રી




(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

વામિકા ગબ્બીને સાઉથની મોટી ફિલ્મ 'જય હનુમાન' માટે સાઇન કરવામાં આવી છે. ઋષભ શેટ્ટી આ ફિલ્મમાં મુખ્ય ભૂમિકામાં છે. વામિકાની કારકિર્દીની આ બહુ મોટી ફિલ્મ બની શકે છે.

૨૦૨૪માં આવેલી પ્રશાંત વર્માની હીટ ફિલ્મ 'હનુ-માન'ની સિક્વલમાં ઋષભ શેટ્ટી હનુમાનની ભૂમિકા ભજવી રહ્યો છે. ઉલ્લેખનીય છે કે, વામિકા ગબ્બીની રાજકુમાર રાવ સાથેની ફિલ્મ 'પ્રહાર' સપ્ટેમ્બરમાં રિલિઝ થઈ રહી છે.

તાજેતરમાં રિલિઝ થયેલી તમિલ ફિલ્મ 'ડીસીઃ ધ બ્લડી વેલેન્ટાઇન'માં પણ તેની ચન્દ્રા તરીકેની ભૂમિકા વખણાઇ હતી. જોકે, બોલિવુડ વર્તુળોમાં ચર્ચા છે કે તૃપ્તિ ડિમરીની સમકાલીન અને તેના જેટલી જ પ્રતિભાશાળી વામિકાની કારકિર્દી હજુ સુધી જોઈએ તેવી ઊંચકાઈ નથી. તેણે કારકિર્દીની શરૂઆતમાં ફિલ્મો સિલેક્ટ કરવામાં થાપ ખાધી છે.

# ''મને ગમતું ભોજન ખાઈ શકું એ માટે ફિટ રહેવું છે'' : તાપસી પન્નુ

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

તાપસી પન્નુએ અનેક વખત એક્ટિવ લાઈફ સ્ટાઈલ જાળવવાની સાથે પોતાને ગમતું ભોજન માણવાના મહત્વ વિશે વાત કરી છે. તેનાં માટે ફિટનેસનો અર્થ દરરોજ એક જ પ્રકારની કડક કસરતના રૂટિનનું પાલન કરવું નથી, પરંતુ એવી વિવિધ શારીરિક પ્રવૃત્તિઓ છે, જે તેનો ઉત્સાહ જાળવી રાખે અને જીવનમાં સંતુલન જાળવવામાં મદદ કરે.

ભોજન અને કસરત પ્રત્યેના પોતાનાં અભિગમ વિશે તાપસીએ ખાસ વાતચીતમાં જણાવ્યું, ''મને ભોજન કરવું ખૂબ ગમે છે. મેં એક વાત સમજી છે કે જો તમે કેલરી કેટલી છે અને ભોજન કર્યા પછી કેટલું વજન વધી શકે છે તેની વધુ ચિંતા કર્યા વિના તમને ગમતું ભોજન માણવા માંગતા હો, તો તમારે તમારું વર્કઆઉટ છોડવું ન જોઈએ.'' પરંપરાગત જિમ સેશન પર જ આધાર રાખવાને બદલે તાપસી પોતાનાં રૂટિનમાં વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓનો સમાવેશ કરે છે, જેથી ફિટનેસ એકધારી ન બની જાય.

તાપસીએ જણાવ્યું કે, સ્પોર્ટ્સ તેની ફિટનેસ રૂટિનનો અગત્યનો ભાગ છે અને સ્ક્વોશ તેની પસંદગીની પ્રવૃત્તિઓમાંની એક છે. આ ઉપરાંત તે જિમ વર્કઆઉટ્સ અને એરિયલ યોગા પણ કરે છે, જે તેને અલગ પ્રકારની શારીરિક ક્ષમતા આપે છે. તાપસીએ વધુમાં કહ્યું, ''હું અઠવાડિયામાં ઓછામાં ઓછા બે વખત સ્પોર્ટ્સ રમું છું, ખાસ કરીને સ્ક્વોશ. હું જિમ પણ જાઉં છું અને એરિયલ યોગા પણ કરું છું. જેઓ આ વિશે જાણતા ન હોય તેમના માટે એરિયલ યોગા છત પરથી લટકાવવામાં આવેલા કપડાના હેમોકની મદદથી કરવામાં આવે છે. આ બે-ત્રણ રીતો છે જેના દ્વારા હું મારી જાતને ફિટ રાખું છું, કારણ કે દરરોજ જિમ જવું થોડા સમય પછી કંટાળાજનક બની શકે છે. ફિટ રહેવાની મારી સૌથી મોટી પ્રેરણા સરળ છે—મને ગમતું ભોજન હું ખાઈ શકું એ માટે ફિટ રહેવું છે.''

### કોર્ટ સુનાવણી માટે તૈયાર

# Gen-Z ને 'ગટર જનરેશન' કહીને ફસાયા સાંસદ કંગના રણૌત

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

અભિનેત્રી અને ભાજપના લોકસભા સાંસદ કંગના રણૌત પોતાના વિવાદાસ્પદ નિવેદનોના કારણે ફરી એકવાર કાનૂની સંકટમાં ફસાયા છે. દિલ્હીના જંતર-મંતર પર વિરોધ પ્રદર્શન કરી રહેલા યુવાનો અને 'જેન ઝી' (Gen Z) ને 'ગટર જનરેશન' કહેવા બદલ તેમની સામે સ્પેશિયલ કોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી છે, જેને અદાલતે સુનાવણી માટે ગ્રાહ્ય રાખી છે.



ઉત્તર પ્રદેશના આગ્રાની સ્પેશિયલ MP-MLA કોર્ટે મંગળવારે કંગના રણૌત વિરુદ્ધ દાખલ કરાયેલી અરજીને સ્વીકારી લીધી છે. આ અરજી એડવોકેટ દ્વારા દાખલ કરવામાં આવી છે. કોર્ટે આ મામલે આગામી સુનાવણી માટે 21 ઓગસ્ટની તારીખ નક્કી કરી છે. જૂન-જુલાઈ દરમિયાન પેપર લીકના મુદ્દાને લઈને દિલ્હીના જંતર-મંતર પર વિદ્યાર્થીઓ અને તેમના માતા-પિતા દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યું હતું. આ દરમિયાન કંગના રણૌતે એક વીડિયો સંદેશમાં પ્રદર્શનકારી વિદ્યાર્થીઓને 'ગટર જનરેશન' કહ્યા હતા. તેમણે એવો પણ આરોપ લગાવ્યો હતો કે આ યુવાનોની સોશિયલ મીડિયા રીલ્સ જોઈને તેમને 'ઘીન' આવે છે અને સવાલ ઉઠાવ્યો હતો કે 'આવા લોકોને કોણ જન્મ આપી રહ્યું છે અને કોણ ઉછેરી રહ્યું છે?'

અરજીકર્તા અને વકીલ રમાશંકર શર્માએ જણાવ્યું હતું કે, કંગના રણૌતે દેશના ભવિષ્ય એવા વિદ્યાર્થીઓનું ભારે અપમાન કર્યું છે અને તેમના માતા-પિતા વિરુદ્ધ પણ અભદ્ર ભાષાનો પ્રયોગ કર્યો છે. તેમણે ઉમેર્યું હતું કે, જો આગ્રા કોર્ટ દ્વારા આ અરજી ફગાવી દેવામાં આવશે, તો તેઓ સેશન કોર્ટ અને જરૂર પડીએ આ મુદ્દાને સુપ્રીમ કોર્ટ સુધી લઈ જશે. બીજી તરફ, વિવાદ વધતાં કંગના રણૌતે પોતાની સફાઈમાં જણાવ્યું હતું કે, તેમણે તમામ યુવાનો માટે આ શબ્દ નહોતો વાપર્યો, પરંતુ રસ્તાઓ પર અશ્લીલ અને નૈતિકતા વગરનું વર્તન કરતા ચોક્કસ પ્રદર્શનકારીઓ માટે આ વાત કહી હતી. જોકે, તેમના આ નિવેદનને કારણે યુવા વર્ગ અને વિપક્ષી પક્ષોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

### ફિલ્મ ૭ એપ્રિલ, ૨૦૨૭ના રોજ રિલીઝ થશે

# ઓસ્કાર વિજેતા રસેલ ક્રો સાથે પ્રિયંકા લીડ રોલમાં જોવા મળશે

## પ્રિયંકા ચોપરા જોનાસ સાયન્સ-ફિક્શન એક્શન થ્રિલર 'બ્લુફ્લાય'માં રસેલ ક્રો સાથે જોવા મળશે

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

પ્રિયંકા ચોપરા જોનાસ હોલિવૂડ અને બોલિવૂડ બંનેમાં એક પછી એક પોતાની ફિલ્મ પસંદ કરી રહી છે. પ્રિયંકાએ હવે પોતાની હોલીવૂડ કારકિર્દીમાં વધુ એક મોટો પ્રોજેક્ટ ઉમેર્યો છે. તે હવે ઓસ્કાર વિજેતા એક્ટર રસેલ ક્રો સાથે આગામી સાયન્સ-ફિક્શન એક્શન થ્રિલર 'બ્લુફ્લાય'માં મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. ફિલ્મનું દિગ્દર્શન 'પ્રેડેટર્સ' અને 'સ્ટ્રેન્જર થિંગ્સ' સાથે જોડાયેલા નિમરોડ એન્ટલ કરશે. જ્યારે તેની સ્ક્રિપ્ટ ડેવિડ ફ્રિગેરિયો, વિલિયમ યુબેન્ક અને કાર્લાઈલ યુબેન્કે લખી છે.

તાજેતરમાં જ પ્રિયંકા ઓર્લાન્ડો બ્લૂમ સાથે સર્વાઈવલ થ્રિલર 'રીસેટ'માં જોવા મળશે તેવી જાહેરાત થઈ હતી. આ વર્ષે તેની પ્રાઈમ વિડિયો ફિલ્મ 'ધ બ્લફ' વૈશ્વિક સ્તરે નંબર-વન પર પહોંચી હતી. ત્યારબાદ તે ઈદ્રિસ એલ્બા અને જોન સીના સાથેની એક્શન-કોમેડી 'હેડ્સ ઓફ સ્ટેટ'માં જોવા મળી હતી, જે પ્રાઈમ વિડિયોની ચોથી સૌથી વધુ જોવાયેલી ફિલ્મ બની હતી. આ ફિલ્મને ૭૮મા પ્રાઈમટાઈમ એમી એવોર્ડ્સમાં આઉટસ્ટેન્ડિંગ ટેલિવિઝન મુવી માટે નોમિનેશન મળ્યું છે. ઉપરાંત 'ધ બ્લફ'માં તેના અભિનય બદલ પ્રિયંકાને ૨૦૨૬ ક્રિટિક્સ ચોઈસ સુપર એવોર્ડ્ઝમાં બેસ્ટ એક્ટ્રેસ ઈન એન એક્શન મુવી કેટેગરીમાં પણ નોમિનેશન મળ્યું છે. હવે તે એસ.એસ. રાજામૌલીની એક્શન-એડવેન્ચર ફિલ્મ 'વારાણસી'માં જોવા મળશે, જે ૭ એપ્રિલ, ૨૦૨૭ના રોજ રિલીઝ થવાની છે.

બ્લુફ્લાય ફિલ્મમાં એક દુઃખી સંયુક્ત રાષ્ટ્રની અનુવાદકને એવા રહસ્યમય વિમાનને શોધવાના ગુપ્ત મિશનમાં સામેલ થવું પડે છે, જેનું સત્તાવાર રીતે કોઈ અસ્તિત્વ જ નથી. મિલેશિયાના કબજાવાળા વિસ્તારમાં સ્પેશિયલ ઓપરેશન્સ ટીમ સાથેની આ સફર દરમિયાન એક પછી એક ચોંકાવનારા રહસ્યો સામે આવે છે અને આખરે ખુલાસો થાય છે કે આ વિમાનને ક્યારેય પાછું લાવવા માટે બનાવવામાં જ આવ્યું નહોતું.

ફિલ્મનું નિર્માણ માઈકલ જેફરસન, ડેવિડ ફ્રિગેરિયો, ડેબોરા ગ્લોવર, એરિયાને ફ્રેઝર, ડેલ્ફિન પેરિયર અને વેનેસા યાઓ ગુઓ કરી રહ્યા છે. હાઈલેન્ડ ફિલ્મ ગ્રુપ ફિલ્મના વૈશ્વિક વિતરણ અધિકારો સંભાળશે અને ટોરોન્ટો ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ દરમિયાન આંતરરાષ્ટ્રીય ખરીદદારો સમક્ષ ફિલ્મ રજૂ કરશે.

ફિલ્મનું શૂટિંગ આ વર્ષના અંતમાં ઓસ્ટ્રેલિયાના ગોલ્ડ કોસ્ટ ખાતે શરૂ થવાની સંભાવના છે. દિગ્દર્શક નિમરોડ એન્ટલે કહ્યું કે, 'બ્લુફ્લાય' એક પાત્રકેન્દ્રિત અને ગંભીર થ્રિલર છે, જે સાયન્સ-ફિક્શનના અનોખા આધાર પર રચાઈ છે અને આવી ફિલ્મ બનાવવાની તક મળવી તેમના માટે અત્યંત રોમાંચક છે.

પ્રિયંકા ચોપરા જોનાસ અભિનય, નિર્માણ અને આંતરરાષ્ટ્રીય પ્રોજેક્ટ્સ વચ્ચે સંતુલન જાળવીને વૈશ્વિક મંચ પર ભારતીય સિનેમાનું પ્રતિનિધિત્વ કરી રહી છે. 'બ્લુફ્લાય' તેની હોલીવૂડ કારકિર્દીમાં વધુ એક મહત્વપૂર્ણ ઉમેરો સાબિત થવાની અપેક્ષા છે.

# આજે વાપી ખાતે 'વંદે માતરમ્'ના ૧૫૦ વર્ષ અંતર્ગત 'વલસાડ જિલ્લા તિરંગા યાત્રા'નું ભવ્ય આયોજન

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૨**

વલસાડ જિલ્લાના વાપી ખાતે રાષ્ટ્રપ્રેમ અને એકતાના પ્રતિક સમી 'તિરંગા યાત્રા'નું આયોજન કરવામાં આવ્યું છે. 'વંદે માતરમ્' ગીતની રચનાના ૧૫૦ વર્ષ પૂર્ણ થવાના ઐતિહાસિક અવસરની ઉજવણીના ભાગરૂપે, જિલ્લા વહીવટી તંત્ર, વલસાડ અને વાપી મહાનગરપાલિકા વહીવટી તંત્ર દ્વારા સંયુક્તરૂપે વાપી મુકામે 'વલસાડ જિલ્લા તિરંગા યાત્રા'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

'વલસાડ જિલ્લા તિરંગા યાત્રા' તા. ૧૩-૦૮-૨૦૨૬ના રોજ સવારે ૯.૦૦ વાગ્યે વાપીના શ્યામજી કૃષ્ણ વર્મા ચોકથી પ્રસ્થાન કરશે. આ યાત્રા તેના નિર્ધારિત રૂટ મુજબ શ્યામજી કૃષ્ણ વર્મા ચોકથી શરૂ થઈને વંદે માતરમ્ ચોક, રોટરી સર્કલ અને માઁ ફાઉન્ડેશન સર્કલ થઈને શહીદ પ્રેમકુમાર પાટીલ ઉદ્યાન ખાતે સંપન્ન થશે.

આ રાષ્ટ્રીય પર્વની શાનદાર ઉજવણીમાં સહભાગી થવા અને દેશપ્રેમ વ્યક્ત કરવા માટે જિલ્લા વહીવટી તંત્ર, વલસાડ અને વાપી મહાનગરપાલિકા દ્વારા સર્વે જાહેર જનતાને આ યાત્રામાં પધારવા માટે આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# વલસાડ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ૮૨ હજાર તિરંગાનું વિનામૂલ્યે વિતરણ કરાયું



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૨**

ભારતનો રાષ્ટ્રધ્વજ આપણા સૌ માટે ગૌરવ સમાન છે. રાષ્ટ્રીય સ્વતંત્રતા પર્વની ઉજવણીના ભાગરૂપે રાષ્ટ્રધ્વજના સન્માનમાં ''સ્વતંત્રતા સપ્તાહ''ની તા. ૯ ઓગસ્ટથી વલસાડ જિલ્લામાં ઉજવણી શરૂ થઈ છે, જે તા. ૧૭ ઓગસ્ટ સુધી ચાલશે.

તા. ૧૫મી ઓગસ્ટે ઠેર ઠેર ધ્વજ વંદન થનાર છે ત્યારે ઘરે ઘરે તિરંગા પહોંચે તે માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અંદાજે ૮૨ હજાર તિરંગાનું વિનામૂલ્યે વિતરણ શરૂ કરવામાં આવ્યું છે. જિલ્લા કલેક્ટર કચેરી દ્વારા જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકાઓ અને માર્ગ-મકાન સહિતની વિવિધ કચેરીઓને તિરંગા વિતરણ કરવા માટે આપ્યા હતા. જે અંતર્ગત વલસાડ નગરપાલિકાના ફાયર વિભાગ દ્વારા જાહેર માર્ગો ઉપર તિરંગાનું વિતરણ કરાતા શહેરીજનો ખૂબ જ ઉત્સાહભેર તિરંગો લેવા માટે ઉમટ્યા હતા.

નવ દિવસ સુધી ચાલનારા આ ''સ્વતંત્રતા સપ્તાહ'' અંતર્ગત જિલ્લા, તાલુકા, મહાનગરપાલિકા, પાલિકા, ગ્રામ્ય અને વોર્ડ કક્ષાએ ''હર ઘર તિરંગા, વંદે માતરમના ૧૫૦ વર્ષ''ની થીમ પર વિવિધ ઉજવણી પણ થઈ રહી છે. ત્યારે ૧૫મી ઓગસ્ટે દરેક ઘર પર દેશની આન, બાન અને શાન સમાન તિરંગો લહેરાય તે માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજન કરાયું છે.

# વાપી શ્રી એલ.જી. હરિયા સ્કૂલની બોઈઝ અને ગર્લ્સ ટીમો તાલુકા વોલીબોલ સ્પર્ધામાં વિજેતા બની





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૨**

ગત તા.૧૦ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ એસજીએફઆઈ તાલુકા લેવલે વોલીબોલ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ટુર્નામેન્ટમાં અન્ડર-૧૯ બોયઝ વોલીબોલ ટુર્નામેન્ટમાં રનર્સઅપ રહ્યા છે.

શ્રી એલ.જી. હરિયા મલ્ટી પર્પઝ સ્કૂલના વિદ્યાર્થીઓનું સુંદર પ્રદર્શન રહ્યું હતું. શાળાનાં યશસ્વી ખેલાડીઓમાં અન્ડર ૧૯ ગર્લ્સ ટીમમાં ગરીમા સિંગ, રાગીની યાદવ, સોમ્યા યાદવ, અંશુ શર્મા, ટીના પાંડે, સોનમ શર્મા, શ્રુતિ ત્રિપાઠી, શગુનધીવર, રિદ્ધિ તિવારી, નંદની સિંગ, કવિતા માલી, અનન્યા તિવારી. અન્ડર ૧૯ બોયઝ ટીમમાં શોર્ય પાઠક, હર્ષ પટેલ, શિવમ યાદવ, યુવરાજ સિંહ, ગૌરવ ત્રિપાઠી, મોસાબ મિર્ઝા, નીલ ભાનુશાલી, પિયુષ રાઠોડ, આસિફ ખાન, સક્ષમ ઝા સફળતાથી ગર્વ અનુભવતા સ્પર્ધાના બધા વિજેતા વિદ્યાર્થીઓને શ્રી કૌશિક હરિયા એજ્યુકેશનલ ફાઉન્ડેશનના ચેરમેન શ્રી એ.કે. શાહ અને મેનેજિંગ ટ્રસ્ટી શ્રી બિમલ હરિયા અને શાળાના આચાર્ય શ્રીમતી બીન્ની પોલ તથા સ્ટાફ વતી અભિનંદન અને આશીર્વાદ પાઠવવામાં આવ્યા હતા.

# વાપી આર.કે.દેસાઈ કોલેજ બી.સી.એ.ના વિદ્યાર્થીઓએ સુરત હજીરા અદાણી પોર્ટની ઔદ્યોગિક મુલાકાત લીધી




**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૨**

વાપી સ્થિત આર.કે.દેસાઈ ગ્રુપ ઓફ કોલેજના બીસીએ વિભાગ દ્વારા વિદ્યાર્થીઓને ઔદ્યોગિક ક્ષેત્રની વાસ્તવિક કામગીરીનો અનુભવ મળે તે હેતુથી ૧૧ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ અદાણી હજીરા પોર્ટ, સુરત ખાતે એક દિવસીય ઔદ્યોગિક મુલાકાત યોજવામાં આવી હતી. મુલાકાત દરમિયાન Adani Foundation-ll Udaan ulos Project Officer si Naresh Chiluka 21 amelleì પોર્ટની કામગીરી, લોજિસ્ટિક્સ, કાર્ગો હેન્ડલિંગ, સપ્લાય ચેઈન મેનેજમેન્ટ તેમજ અદ્યતન ટેક્નોલોજી અને ઓટોમેશન અંગે માર્ગદર્શક તરીકે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. તેમણે વિદ્યાર્થીઓને ઔદ્યોગિક ક્ષેત્રની કામગીરી તેમજ કારકિર્દીની તકો વિશે પણ માહિતગાર કર્યા હતા.

વિદ્યાર્થીઓ માટે આ ઔદ્યોગિક મુલાકાત જ્ઞાનવર્ધક, પ્રેરણાદાયી અને વ્યવહારૂ અનુભવ પૂરો પાડનારી રહી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે કોલેજના ચેરમેન શ્રી મિલન દેસાઈ, પ્રિન્સિપાલ ડૉ.મિત્તલ શાહ તથા બીસીએ વિભાગના એચઓડી શ્રીમતી નેહા પટેલે શુભેચ્છાઓ પાઠવી હતી.

## Gen-Z માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સલાહ

# રીલ્સ છોડો, આત્મકથા વાંચો અને બીજાના સંઘર્ષમાંથી કંઈક શીખો

**રીલના યુગમાં જીવી રહેલા યુવાનોએ યાદ રાખવું જોઈએ કે, શોર્ટકટ તમને નુકસાન પહોંચાડી શકે છે : વડાપ્રધાન**






(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૧૨**

નવી દિલ્હી: વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે યુવાનોને આત્મકથાઓ વાંચવા અને બીજાના સંઘર્ષમાંથી શીખવાની અપીલ કરતાં કહ્યું કે રીલના યુગમાં જીવી રહેલા યુવાનોએ યાદ રાખવું જોઈએ કે, શોર્ટકટ તમને નુકસાન પહોંચાડી શકે છે. મોદીએ પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની આત્મકથા ટ્રાયમ્ફ ઑફ ધ ઈન્ડિયન રિપબ્લિક: માય લાઈફ, માય સ્ટ્રગલ્સના વિમોચન કાર્યક્રમને સંબોધતા કહ્યું કે કોવિંદનું જીવન દર્શાવે છે કે દૃઢ સંકલ્પ કોઈ વ્યક્તિને મુશ્કેલીઓમાંથી બહાર આવવામાં અને સર્વોચ્ચ બંધારણીય પદ સુધી પહોંચવામાં કેવી રીતે મદદ કરી શકે છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, "હું ખાસ કરીને યુવા પેઢીને આગ્રહ કરીશ. રીલ્સનો જમાનો છે. ઈન્ફ્લુએન્સર તમને ખેંચીને ક્યાંક ને ક્યાંક લઈ જ જાય છે. શોર્ટકટના આ યુગમાં પણ એક વાત જરૂર યાદ રાખજો... રેલવે સ્ટેશનો પર લખેલું હોય છે: શોર્ટકટ તમારી જિંદગી ટૂંકી કરી શકે છે..." PM મોદીએ આગળ કહ્યું કે, "હું યુવાનોને વિનંતી કરીશ કે તેઓ જે લોકોને પસંદ કરે છે તેમની આત્મકથાઓ વાંચે. આત્મકથા કોઈ ખાસ સમયગાળાની ઐતિહાસિક ઘટનાઓને એક અનોખા દૃષ્ટિકોણથી રજૂ કરે છે. તેમાં જણાવવામાં આવેલો સમય આપણને ઈતિહાસની ખૂબ નજીક લઈ જાય છે. તેથી મને પૂરી આશા છે કે કોવિંદજીની મહેનત આવનારી પેઢીઓ અને ખાસ કરીને યુવાનો માટે લાભદાયી સાબિત થશે..."

વડાપ્રધાને રાષ્ટ્રપતિ પદ છોડ્યા બાદ પણ કોવિંદ સતત જાહેર જીવનમાં સક્રિય રહ્યા હોવાનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, પદ છોડ્યા બાદ પણ તેમણે આરામ કર્યો નથી, પરંતુ એક રાષ્ટ્ર, એક ચૂંટણી પહેલ પર કામ કરી રહ્યા છે, જે ભારતીય લોકશાહીમાં એક નવું અધ્યાય ખોલી શકે છે. મોદીએ કહ્યું કે આ મુદ્દા પર પૂર્વ રાષ્ટ્રપતિના પ્રયાસો ભારતીય લોકશાહીને મજબૂત બનાવવામાં તેમના સતત યોગદાનનો એક ભાગ છે.

મોદીની આ ટિપ્પણી એવા સમયે આવી છે જ્યારે સરકાર અને સત્તારૂઢ ભારતીય જનતા પાર્ટી (ભાજપ)એ સોશિયલ મીડિયા પર Gen-Z સાથે જોડાવાની કોશિશો તેજ કરી છે. તબીબી સ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે યોજાતી રાષ્ટ્રીય પાત્રતા સહ પ્રવેશ પરીક્ષા (NEET)નું પ્રશ્નપત્ર લીક થવાના વિરોધમાં ગયા મહિને થયેલા પ્રદર્શનો બાદ મોદીએ પોતાના મંત્રીઓને કહ્યું હતું કે તેઓ યુવાનો સાથે જોડાવા માટે ઈન્સ્ટાગ્રામનો સક્રિયપણે ઉપયોગ કરે અને રીલ પોસ્ટ કરે.

તાજેતરના અઠવાડિયામાં મોદીએ પોતે પણ યુવાનોને સંબોધતા ઘણી વખત રીલ શેર કરી છે. વડાપ્રધાને કહ્યું કે, કોવિંદની આત્મકથા ભારતીય લોકશાહીની ધરોહર બનશે અને નવી પેઢીને તેમાંથી ઘણું શીખવા મળશે. મોદીએ કહ્યું, આપણે ભવિષ્યમાં આવા ઘણા યુવાનોની જરૂર છે જે કોવિંદ જેવા હોય. એવા લોકો જે પરિસ્થિતિ સામે હાર ન માને, પરંતુ દરેક પડકારને પાર કરવાનો મજબૂત સંકલ્પ ધરાવે. તેઓ આત્મનિર્ભર ભારતનો માર્ગ બનાવશે અને આ આત્મકથા યુવાનો માટે પ્રેરણાનો સ્ત્રોત બનશે.

તેમણે કહ્યું કે આત્મકથાનું શીર્ષક એકદમ યોગ્ય છે કારણ કે કોવિંદનું જીવન અને સંઘર્ષ ભલે વ્યક્તિગત હતા, પરંતુ એ સંઘર્ષોની જીત ભારતીય લોકશાહીની છે. મોદીએ યાદ કર્યું કે બાળપણમાં ઘરની વસ્તુઓ બચાવવાનો પ્રયાસ કરતી વખતે લાગેલી આગમાં કોવિંદે પોતાની માતાને ગુમાવી હતી. વડાપ્રધાને કહ્યું કે, આ દુઃખદ ઘટના કોવિંદને તોડી શકે તેમ હતી, પરંતુ તેના બદલે આ ઘટનાએ તેમને વધુ મજબૂત બનાવ્યા હતા.

મોદીએ કહ્યું કે, કોવિંદમાં સારા સંસ્કાર કેળવવામાં તેમના પિતાની મહત્વની ભૂમિકા રહી છે. વડાપ્રધાને રાષ્ટ્રપતિ ભવનમાં કોવિંદ સાથેની પોતાની મુલાકાતોને યાદ કરતાં કહ્યું કે પૂર્વ રાષ્ટ્રપતિ તેમની સાથે એવી વાતો કરતા હતા, જેની સામાન્ય રીતે પ્રોટોકોલ હેઠળ મંજૂરી હોતી નથી અને મોદીના ના પાડવા છતાં તેઓ તેમને પોતે કાર સુધી મૂકવા આવતા હતા.

કોવિંદે આ પ્રસંગે પોતાના બાળપણની મુશ્કેલીઓ અને આસપાસના વાતાવરણમાંથી મળેલા બોધને યાદ કર્યો હતો. પૂર્વ રાષ્ટ્રપતિએ કહ્યું કે, હું ઉત્તર પ્રદેશના કાનપુર દેહાત જિલ્લાના એક ગામમાંથી આવું છું. મેં ગામના લોકો પાસેથી એકબીજા પ્રત્યે દયા અને પ્રેમની ભાવના શીખી. તેમણે યાદ કર્યું કે કેવી રીતે તેમના ઘરની છતમાંથી વરસાદનું પાણી ટપકતું હતું અને તેમનો પરિવાર વરસાદ રોકાય તેની રાહ જોતો હતો.

કોવિંદે કહ્યું કે, સરકારી આવાસ યોજનાઓ હેઠળ કરોડો ગરીબ પરિવારોને માથે છત મળી છે અને તેમને સન્માન સાથે જીવવાની તક મળી છે. પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીના કતારમાં ઊભેલા અંતિમ વ્યક્તિના ઉત્થાનના સંકલ્પને યાદ કરતાં કોવિંદે કહ્યું કે, વડાપ્રધાન મોદી સાથેની તેમની વાતચીત, તેમનો દૃષ્ટિકોણ અને સામાન્ય કાર્યકર્તાઓ સાથે જોડાવાની તેમની ક્ષમતાએ પણ તેમને ખૂબ પ્રભાવિત કર્યા હતા.

કોવિંદે કહ્યું કે તેઓ ભાજપ સાથે એટલા માટે જોડાયા કારણ કે તેમની નજરમાં આ પક્ષ પરિવાર કે સમુદાયના હિતથી ઉપર દેશને રાખે છે.

પુસ્તક વિમોચન કાર્યક્રમમાં હાજર લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ કોવિંદને દૃઢ સંકલ્પનું જીવંત ઉદાહરણ ગણાવ્યા અને ભારતના રાજદ્વારી સંબંધોને મજબૂત બનાવવા માટે તેમની પ્રશંસા કરી હતી. કાર્યક્રમમાં મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ઘણા કેન્દ્રીય મંત્રીઓ પણ હાજર હતા.

## વાપી રાજસ્થાની સખી મંડળ દ્વારા

# સાવન તીજ સિંઘારા ઉત્સવની રંગારંગ કાર્યક્રમ સાથે ભવ્ય ઉજવણી કરાઈ



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૨**

વાપી રાજસ્થાની સખી મંડળ દ્વારા બુધવારે રોયલ સેલ્ટર હોટલમાં સાવન તીજ સિંઘારા ઉત્સવનું રંગારંગ આયોજન સાથે ઉજવણી કરવામાં આવી હતી. રાજસ્થાની લોક સંસ્કૃતિ અને નારી ઉત્સાહે ભરેલા આ કાર્યક્રમાં સખીઓએ ગીત સંગીત અને નૃત્યની શમા બાંધી હતી. 'ગૌરીને લ્યાદોજી ભંવરજી લહરીયા સા'

કાર્યક્રમનો શુભારંભ મનીષા દાયમા, પાર્વતી ચૌધરી, સવિતા શર્મા અને મંજુ રાઠોડને ભગવાન શિવ-પાર્વતીની પૂજા અને ગણેશ વંદના સાથે કરવામાં આવ્યો હતો. રાજસ્થાની પરંપરાગત વેશભૂષામાં સજ્જ મહિલાઓને લોકગીતો નૃત્ય રજૂ કર્યો ત્યારે હોલ તાળીયોથી ગુંજી ઉઠ્યો હતો. 'મૈને લ્યાદો સાહિબા રો સાવ ઓર મૈને લ્યાદો જી સાહિબા લહેરીયા સા' પર શાનદાર નૃત્ય પ્રસ્તુત કરવામાં આવ્યું હતું મંજુ રાઠોડ અને કંચન પારીકે સાવન ગીતોની મનમોહક પ્રસ્તુતી કરી હતી.

મુખ્ય અતિથિ મનીષા દાયમાએ સર્વ મહિલાઓને શુભકામના આપતા જણાવ્યું હતું કે, પરદેશમાં પણ આપણી સંસ્કૃતિને જીવંત રાખવી એ ગર્વની વાત છે નવી પેઢીને જોડવાની વાત જણાવી હતી. કાર્યક્રમમાં સાવન તીજ અને રાજસ્થાની સંસ્કૃતિનો સુંદર સંગમ જોવા મળ્યો હતો. કાર્યક્રમનું સમાપન નિર્મલા અને પ્રકાશ ચૌધરીએ કર્યુ હતું.

**વાપી તથા આસપાસના ગામોની પ્રેસનોટ, જાહેર ખબર, અવસાન નોંધ, જન્મદિવસની શુભેચ્છાઓ સહિત અન્ય જાહેરાતો માટે સંપર્ક કરો.**
**સુરેશ ઉમતિયા - ૯૮૨૫૯ ૮૬૪૪૪**

# યુએસએમાં ઈન્ડિયા ડેની ઉજવણીમાં વાપીના સંત પૂજ્ય કપિલ સ્વામીજીને વિશેષ નિમંત્રણ



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૨**

ભગવાન શ્રી સ્વામિનારાયણની કૃપા અને દાદાના આશીર્વાદથી વાપીના ગુરુકુળ, સલવાવના સંત પૂજ્ય કપિલ સ્વામીજીને અમેરિકાના એટલાન્ટા સિટીમાં યોજાનાર ઈન્ડિયા ડેની ઉજવણીમાં વિશેષ મહેમાન તરીકે નિમંત્રણ મળ્યું છે. તા.૧૫ ઓગસ્ટના રોજ યોજાનાર આ કાર્યક્રમમાં સ્વામીજી ગેસ્ટ તરીકે ઉપસ્થિત રહેશે.

અમેરિકામાંના એટલાન્ટા સિટીમાં યોજાનાર આ ભવ્ય કાર્યક્રમમાં અંદાજે ૫ હજારથી વધુ લોકો ઉપસ્થિત રહેવાની શક્યતા છે. ભારતના કોન્સ્યુલેટના અધિકારીઓ પણ કાર્યક્રમમાં હાજરી આપવાના હોવાથી આ સમગ્ર પ્રસંગ વાપી અને ગુજરાત માટે ગૌરવની બાબત બની છે.

આ કાર્યક્રમમાં સાથે સાથે હેલ્થ ફેર જેમાં મફત આરોગ્ય નિદાન થશે, પબ્લિક સ્પીકિંગ કોમ્પિટેશન, ચેસ ટુર્નામેન્ટ, ડ્રોઈંગ આર્ટ કોમ્પિટેશન વગેરે વિવિધ કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત ઈન્ડિયન અમેરિકન કલ્ચર એસોસિએશન દ્વારા ૩૦માં ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા અમેરિકા ૨૫૦નું પણ ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

નોંધનીય છે કે, પૂજ્ય કપિલ સ્વામીજી હાલ સનાતન ધર્મની જાગૃતિ, ભારતીય સંસ્કૃતિના પ્રચાર અને સદભાવનાના સંદેશને જન-જન સુધી પહોંચાડવાના હેતુથી અમેરિકામાં વિચરણ કરી રહ્યા છે. અમેરિકામાં ઈન્ડિયા ડે જેવા વિશાળ કાર્યક્રમમાં વાપીના સંતને મળેલું આમંત્રણ ધાર્મિક અને સામાજિક ક્ષેત્રે ગૌરવરૂપ સિદ્ધિ માનવામાં આવી રહ્યું છે.

# વાપી નજીક કરમબેલી હાઈવે રામદેવ ધાબામાં કર્મચારી ૪૮ હજાર રોકડા અને ત્રણ કર્મચારીઓના મોબાઈલ ચોરી ફરાર

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૨**

**કર્મચારી લાલુ મળસ્કે હોટલમાંથી ફરાર થઈ ગયો: ભિલાડ પોલીસમાં ફરિયાદ નોંધાઈ**

વાપી નજીક કરમબેલા હાઈવે ઉપર કાર્યરત રામદેવ ધાબા નામની હોટેલમાં ફરજ બજાવતો કર્મચારી હોટેલમાં હાથની સફાઈ કરી રફુચક્કર થયાની ઘટના ઘટી છે.

કરમબેલા હાઈવે ઉપર રામદેવ ધાબા નામની હોટેલ કાર્યરત છે. હોટેલમાં પાંચ સાત કર્મચારીઓ ફરજ બજાવે છે. ગતરોજ મળસ્કે હોટલના કર્મચારી તરીકે ફરજ બજાવતો લાલુ નામનો કર્મચારીની દાનત બગડી હતી. હોટલમાં રહેલા ૪૮ હજાર રોકડા તથા સાથી કર્મચારીઓના ત્રણ મોબાઈલ ચોરી કરીને હોટલમાંથી મળસ્કે બધા સુતા હતા ત્યારે ફરાર થઈ ગયો હતો. હોટલ સંચાલકને સવારે ઘટનાની જાણ થતા બનાવ અંગે આરોપી લાલુ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આગળની વધુ તપાસ હાથ ધરી છે.

**CHANGE OF NAME**
I HAVE CHANGED MY OLD NAME ANAND BANSAL BHAGWAN DAS IN OLD PASSPORT ANAND KUMAR BANSAL IN PAN CARD TO **NEW CORRECT NAME ANAND BANSAL** AS PER NEW DOCUMENTS

**CHANGE OF NAME**
**OLD NAME:** PATEL VRUTIKA KUMARI
**NEW NAME:**
**PATEL VRUTIKABEN MUKESHBHAI**
**ADDRESS:** 295 BRAHMAN FALIYU, LAVACHHA, GUJARAT- 396193

**CHANGE OF NAME**
I HAVE CHANGED MY OLD NAME ANITA BANSAL ANAND IN OLD PASSPORT ANITA ANAND BANSAL AND DATE OF BIRTH DATE 10/06/1965 IN OLD PAN CARD AND OLD SCHOOLING RECORD TO **NEW CORRECT NAME ANITA BANSAL AND DATE OF BIRTH DAY 16/12/1964**

**CHANGE OF NAME**
**OLD NAME:** SARIYA YAHIYA SHAIKH
**NEW NAME: SARIYABANO ZAHOOR SHAIKH**
**ADDRESS:** BUILDING A-1, FLAT NO.01, THAKOR COMPLEX, SILVASSA, U.T.DADRA AND NAGAR HAVELI.

**CHANGE OF NAME**
**OLD NAME:** PATEL SEJALKUMARI VIJAYBHAI
**NEW NAME: SEJAL MEHUL THAKOR**
**ADDRESS:** F/10, PRAMUKH VATIKA, BAVISA FALIYA, SILVASSA, U.T.OF DADRA NAGAR HAVELI.

વર્તમાન પ્રવાહ — વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)

# વલસાડમાં 'માતા કી જય' અને 'વંદે માતરમ્'ના ગગનભેદી નારા સાથે નીકળી ભવ્ય તિરંગા યાત્રા





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૨**

૮૦મા સ્વાતંત્ર્ય પર્વની હર્ષોલ્લાસભેર ઉજવણી પૂર્વે વલસાડ શહેરમાં 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત તાલુકા કક્ષાની ભવ્ય તિરંગા યાત્રા યોજાઈ હતી. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજિત આ યાત્રાને વલસાડના ધારાસભ્ય શ્રી ભરતભાઈ પટેલ, ધરમપુરના ધારાસભ્ય શ્રી અરવિંદભાઈ પટેલ, જિલ્લા કલેક્ટર શ્રી નીતિન સાંગવાન અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી અતિરાગ ચપલોત સહિતના અધિકારીઓ તથા પદાધિકારીઓએ કલેક્ટર કચેરી ખાતેથી લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું.

સવારે ૯ વાગ્યે કલેક્ટર કચેરીથી પ્રસ્થાન થયેલી આશરે ૨.૫ કિ.મી. લાંબી તિરંગા યાત્રા સર્કિટ હાઉસ, આઝાદ ચોક અને સ્ટેડિયમ રોડ થઈ મોંઘાભાઈ હોલ ખાતે પહોંચી હતી, જ્યાં યાત્રાનું સમાપન થયું હતું. શાળાના વિદ્યાર્થીઓ ભારત માતા, ગાંધીજી, સુભાષચંદ્ર બોઝ, સરદાર વલ્લભભાઈ પટેલ સહિતના મહાપુરુષોની વેશભૂષામાં તિરંગા યાત્રામાં જોડાયા આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા.

દેશભક્તિના માહોલ વચ્ચે યોજાયેલી આ યાત્રામાં વિવિધ શાળાના વિદ્યાર્થીઓ, યુવાનો, સરકારી અધિકારીઓ, બાઈકસવાર પોલીસ જવાનો તેમજ વિવિધ સમુદાયના સંગઠનો મોટી સંખ્યામાં જોડાયા હતા. દેશભક્તિના ગીતો સાથે નીકળેલી આ ભવ્ય યાત્રાથી સમગ્ર શહેર દેશભક્તિના રંગે રંગાયું હતું. વિદ્યાર્થીઓએ 'ભારત માતા કી જય', 'વંદે માતરમ્' અને 'ઈન્કલાબ ઝિંદાબાદ'ના ગગનભેદી નારા લગાવી દેશપ્રેમના દર્શન કરાવ્યા હતા.

આ પ્રસંગે વલસાડના ધારાસભ્ય શ્રી ભરતભાઈ પટેલે તિરંગા યાત્રાનું મહત્વ સમજાવતાં દેશની આઝાદીની લડતમાં શહીદ થયેલા જવાનો અને સ્વાતંત્ર્ય સેનાનીઓના ત્યાગ અને બલિદાનને યાદ કર્યા હતા.

ધરમપુરના ધારાસભ્ય શ્રી અરવિંદભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાષ્ટ્રપ્રેમની ભાવના દરેક નાગરિકમાં જાગૃત થાય અને દેશની આઝાદીની લડતમાં પોતાના પ્રાણની આહુતિ આપનાર સ્વાતંત્ર્ય સેનાનીઓના ત્યાગનું મૂલ્ય આજની નવી પેઢી સમજે તે હેતુથી આ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. તેમણે યાત્રાનું આયોજન કરવા બદલ જિલ્લા વહીવટી તંત્રને અભિનંદન પાઠવ્યા હતા તેમજ શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી નમન કર્યું હતું.

જિલ્લા કલેક્ટર શ્રી નીતિન સાંગવાને સૌ નાગરિકોને આવતીકાલે, તા. ૧૩ ઓગસ્ટે વાપી ખાતે યોજાનારી જિલ્લા કક્ષાની તિરંગા યાત્રામાં સહભાગી થવા અનુરોધ કર્યો હતો.

આ તિરંગા યાત્રામાં વલસાડ નગરપાલિકા પ્રમુખ શ્રીમતી માલતીબેન ટંડેલ, પાલિકાની આરોગ્ય સમિતિના ચેરમેન શ્રી હિતેશ ભંડારી, પ્રદેશ સંગઠન મંત્રી શ્રીમતી સોનલબેન સોલંકી, જિલ્લા સંગઠન પ્રમુખ શ્રી હેમંત કંસારા, જિલ્લા સંગઠન મહામંત્રી શ્રી નિખિલ ચોકસી અને શ્રી કમલેશ પટેલ, વલસાડ પ્રાંત અધિકારી શ્રી વિમલ પટેલ સહિતના અધિકારીઓ, પદાધિકારીઓ અને મોટી સંખ્યામાં નાગરિકો જોડાયા હતા.

# સમયસૂચકતા એ બુદ્ધિનો એવો દીવો છે, જે મુશ્કેલીના અંધકારમાં સાચો માર્ગ બતાવે છે

## ક્યારેક આપણને નુકસાન જેવું લાગતું હોય છે, એ જ આપણને મોટી આફતમાંથી બચાવતું હોય છે

સ્વિટ્ઝર્લેન્ડમાં આવેલી નયનરમ્ય આલ્પ્સની પર્વતમાળા ન કેવળ પર્વતારોહકો માટે આકર્ષણનું કેન્દ્ર છે, પરંતુ ચિત્રકારો અને ફોટોગ્રાફરો માટે પણ વિશ્વભરમાં આકર્ષણનું સ્થાન રહી છે. સાહસિકોની ગાથા જેટલી રોમાંચક હોય છે, તેવી જ એક ચિત્રકારની પ્રેરણાત્મક કથા પણ આ પર્વતમાળા સાથે જોડાયેલી હોવાનું મનાય છે.

એક ચિત્રકાર તેના મિત્ર સાથે પ્રકૃતિસૌંદર્યનાં ચિત્રો દોરવા માટે આ પર્વતીય વિસ્તારમાં ગયો હતો. એક ઊંચી ટેકરી પર બેસીને તેણે શંકુદ્રુમના વૃક્ષોથી આચ્છાદિત એક બર્ફિલા ડુંગરનું નયનરમ્ય અને અદ્ભુત ચિત્ર દોર્યું. કલાકોની મહેનત પછી ચિત્ર લગભગ તૈયાર થઈ ગયું હતું.

ચિત્રને આખરી ઓપ આપતાં પહેલાં તે થોડે દૂર જઈને ચિત્રને જુદા-જુદા ખૂણેથી ઝીણી નજરે જોવા લાગ્યો. ચિત્રકાર પાછલે પગલે ચાલીને ચિત્રને નીરખતો હતો. તે ચિત્રમાં એટલો બધો તલ્લીન હતો કે છેક ટેકરીના છેડા સુધી પહોંચી ગયો.

હવે જો તે એક ડગલું પણ પાછળ ભરે તો સીધો ઊંડી ખીણમાં પડી જાય!

સાથી મિત્રનું ધ્યાન તે તરફ ગયું. પર્વતની નીરવ શાંતિમાં જો તેને જોરથી બૂમ પાડીને ચેતવણી આપવામાં આવે તો તે કદાચ ગભરાઈને ખીણમાં ગબડી પડે. મિત્રે સમયસૂચકતા વાપરી.

તેણે પાસે પડેલો એક પથ્થર ઉપાડ્યો અને સીધો ચિત્ર પર ફેંક્યો.

ચિત્રનું કેન્વાસ ફાટી ગયું!

મિત્રના આ કૃત્યથી ચિત્રકાર સ્તબ્ધ બની ગયો. કલાકોની મહેનત પર પાણી ફરી વળતાં તેની આંખો ગુસ્સાથી લાલઘૂમ થઈ ગઈ. તે મિત્ર તરફ ધસી ગયો.

"આ તેં શું કર્યું? મારી કલાકોની મહેનત બગાડી નાખી!"

એમ કહેતાં તેણે મિત્રને મારવા માટે હાથ પણ ઉગામ્યો.

મિત્ર બે ડગલાં પાછળ હટી ગયો. પછી તેણે શાંતિથી પાછળની ખીણ તરફ આંગળી ચીંધી અને સમગ્ર પરિસ્થિતિ સમજાવી.

ચિત્રકારે પાછળ જોયું

તેના પગ નીચે જમીનનો અંત હતો અને તેની પાછળ હતી—ઊંડી ખીણ! તેની આંખો ભરાઈ આવી. તે ગળગળો થઈ મિત્રને વળગી પડ્યો. અગ્નિ ઓકતી એ આંખોમાં હવે કૃતજ્ઞતા છલકાઈ ઊઠી હતી.

જે વ્યક્તિએ તેનું અમૂલ્ય ચિત્ર બગાડ્યું હતું, એ જ વ્યક્તિએ હકીકતમાં તેનો અમૂલ્ય જીવ બચાવ્યો હતો!

જાન છે તો જહાન છે!

આ પ્રસંગથી બે મહત્ત્વપૂર્ણ તારણો મળે છે—સમયસૂચકતા અને જીવનની મૂલ્યતા.

સમયસૂચકતા એ બુદ્ધિનો એવો દીવો છે, જે મુશ્કેલીના અંધકારમાં સાચો માર્ગ બતાવે છે. અને જીવનની પ્રાથમિકતા સમજાવતું એક સુંદર સુભાષિત છે—

शतं विहाय भोक्तव्यं
सहस्रं स्नानमाचरेत्।
लक्षं विहाय दातव्यं
कोटिं त्यक्त्वा हरिं भजेत् ॥

અર્થાત્ સો કામ છોડીને ભોજન કરવું, હજાર કામ છોડીને સ્નાન કરવું, લાખ કામ છોડીને દાન કરવું અને કરોડ કામનો ત્યાગ કરીને ભગવાનનું ભજન કરવું.

આ સુભાષિત આપણને પ્રાથમિકતાનો વિવેક શીખવે છે.

આ જ વાત પેલા ચિત્રકારના પ્રસંગમાં પણ જોવા મળે છે.

## સિક્કાની ત્રીજી બાજુ



- સ્વામી ચિન્મયદાસ

ચિત્રકાર માટે તેનું ચિત્ર અત્યંત મૂલ્યવાન હતું. કલાકોની મહેનતથી તૈયાર થયેલું સુંદર ચિત્ર કોઈ બગાડે તો સ્વાભાવિક રીતે તેને ગુસ્સો આવે. પરંતુ મિત્ર જાણતો હતો કે ચિત્ર કરતાં ચિત્રકારનો જીવ વધુ મૂલ્યવાન છે.

ચિત્ર ફરીથી બનાવી શકાય, પરંતુ જીવન ફરીથી મળી શકતું નથી.

આપણે પણ જીવનમાં ઘણી વાર ગૌણ વસ્તુને મુખ્ય અને મુખ્ય વસ્તુને ગૌણ બનાવી દઈએ છીએ. સમય, સંપત્તિ, પ્રતિષ્ઠા, સફળતા અને સંબંધો—આ બધું જરૂરી છે; પરંતુ આ બધાથી ઉપર જીવન છે અને જીવનથી પણ ઉપર જીવનનો પરમ હેતુ છે.

જે બચાવી શકાય તે બચાવવું એ બુદ્ધિ છે, પરંતુ શું પહેલાં બચાવવું તેની પ્રાથમિકતા સમજવી એ વિવેક છે.

ચિત્રકારનો મિત્ર આ વિવેક જાણતો હતો. તેણે ચિત્રનું નુકસાન સ્વીકાર્યું, કારણ કે તેની સામે એક મોટી જવાબદારી હતી—મિત્રનો જીવ બચાવવો.

જીવનમાં પણ જ્યારે કોઈ બે મૂલ્યો વચ્ચે પસંદગી કરવાની ક્ષણ આવે ત્યારે પ્રશ્ન માત્ર એટલો ન હોવો જોઈએ કે-

"મને શું ગમે છે?"

પ્રશ્ન એ હોવો જોઈએ—

"આ બેમાંથી વધુ મૂલ્યવાન શું છે?"

પ્રાથમિકતાનો આ વિવેક જ જીવનને સાચી દિશા આપે છે.

ચિત્ર બગડે તો ફરી દોરી શકાય; પરંતુ જીવન બગડે તો ફરી દોરી શકાતું નથી.

એટલે જીવનમાં માત્ર સફળ થવું પૂરતું નથી; શું પ્રથમ છે અને શું પછી—એ સમજવું પણ એટલું જ જરૂરી છે.

ક્યારેક આપણા જીવનમાં પણ કોઈ કાર્યમાં વિઘ્ન આવે છે. કોઈ માર્ગ બંધ થઈ જાય છે. કોઈ ઈચ્છા પૂરી થતી નથી. ત્યારે આપણને લાગે છે—

"ભગવાને મારું ચિત્ર બગાડી નાખ્યું!"

પરંતુ કોણ જાણે?

કદાચ એમ પણ હોય કે ભગવાને બગાડેલા એ ચિત્રે આપણું ભવિષ્ય બચાવ્યું હોય!

જે ઘટનાને આપણે નુકસાન માનીએ છીએ, તે જ કદાચ આપણને કોઈ મોટી આફતથી બચાવતી હોય. એટલે જીવનમાં દરેક વિઘ્નને દુર્ભાગ્ય ન માનવું.

ક્યારેક બગડેલું ચિત્ર જ સુંદર ભવિષ્યની શરૂઆત હોય છે.

# વાપીમાં મોબાઈલ શોપમાં ગ્રાહક અને સંચાલક વચ્ચે મામલો ઉત્તેજક બન્યો: નવો લીધેલો મોબાઈલ ક્ષતિગ્રસ્ત નિકળ્યો

## ગુજરાત મોબાઈલ શોપમાં ઘટેલી ઘટના: ગ્રાહક સાથે વેપારીએ ઉધ્ધતાઈ કરી, પોલીસ સુધી મામલો પહોંચ્યો




**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૨**

વાપી સ્ટેશન રોડ ઉપર આવેલ એક મોબાઈલ શોપમાં આજે ગ્રાહક અને મોબાઈલ શોપ સંચાલક વચ્ચે નવો ખરીદેલો મોબાઈલ ક્ષતિગ્રસ્ત નિકળતા ગ્રાહક મોબાઈલ પરત કરવા માનતો હતો પરંતુ મોબાઈલ પરત લેવો તો દુર રહ્યો પણ ગ્રાહક સાથે બોલાચાલી કરી સંચાલકે મામલો ઉગ્ર બનાવી દીધો હતો.

વાપી સ્ટેશન રોડ ઉપર આવેલ ગુજરાત મોબાઈલ શોપમાંથી ગ્રાહકે ગત તા.૬ ઓગસ્ટના રોજ રેડ મી કંપનીનો નવો મોબાઈલ ૧૯૫૦૦ રૂા.માં ખરીદ્યો હતો. માત્ર પાંચ દિવસમાં નવા મોબાઈલમાં ચાર્જીંગમાં ખામી નિકળતા ગ્રાહક મોબાઈલ શોપમાં ગયો હતો પણ સંચાલક સરખો જવાબ નહી આપતા ઝઘડો કરી લીધો. ગ્રાહકને જણાવ્યું કે, ૮૫૦૦ રૂપિયા કાપી ૧૧૫૦૦ રૂપિયા પરત મળશે. ગ્રાહકને માન્ય નહોતું તેથી તેણે ઓળખીતા પત્રકારને ઘટનાની જાણ કરી પત્રકારે ગ્રાહકની તરફેણ કરતા મામલો વધુ ઉત્તેજક બન્યો હતો. સંચાલક મીડિયા ઉપર ગુસ્સે થઈ કેમેરા ઝૂંટવાનો પ્રયાસ કરેલો, મામલો વધુ બિચકતા પોલીસને જાણ કરવામાં આવી હતી.

# દિવાસાના પર્વે ધરમપુરમાં આદિવાસી સમાજની રાજા રજવાડા સમયની 'નાળિયેર ટપ્પા'ની રમત આજપર્યંત જીવંત

## આદિવાસી ભેરૂઓ વરસાદી વાતાવરણમાં રોપણી કર્યાનો આનંદ મનાવવા ટપ્પા રમત રમી જીવનમાં નવા રંગો ભરે છે: ડો. હેમંત પટેલ



**વિશેષ અહેવાલ- જિજ્ઞેશ સોલંકી**
**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૧૨**

દિવાસો શરૂ થતા જ હિન્દુ ધર્મના તહેવારોની શરૂઆત થઈ જાય છે. દિવાસાથી દિવાળી અને દેવદિવાળી સુધી અનેક તહેવારોમાં વિવિધ સમાજની અનેક ભાતીગળ સંસ્કૃતિ અને પરંપરા જોવા મળે છે ત્યારે વલસાડ જિલ્લો આદિવાસી જિલ્લા તરીકે જાણીતો છે. આદિવાસી સમાજ ભલે આજે આધુનિક યુગમાં જીવતો હોય પરંતુ પોતાની સંસ્કૃતિ અને પરંપરાને આજે પણ વળગી રહ્યો છે. ખેતરોમાં રોપણી કર્યા બાદ આનંદ ઉજવવા માટે આદિવાસી સમાજના લોકો દિવાસા પર્વની ઉમંગભેર ઉજવણી કરે છે. બહુધા વસ્તી ધરાવતા ધરમપુર તાલુકામાં આદિવાસી સમાજ પોતાની પ્રાચીન સંસ્કૃતિની ઝાંખી કરાવતો "નાળિયેર ટપ્પાનો રમોત્સવ" આ દિવસે રમે છે. જે આજના સમયમાં લોકો માટે આકર્ષણનું કેન્દ્ર છે.

ધરમપુરમાં દિવાસાના દિવસે ખેલાતા ટપ્પા રમોત્સવને "ટપ્પા યુધ્ધ" તરીકે પણ ઓળખવામાં આવે છે. આજે દિવાસાની ઉજવણી કરવા માટે ધરમપુરના સમડી ચોક ખાતે આદિવાસી સમાજના યુવાનો અને વડીલો મોટી સંખ્યામાં ઉમટ્યા હતા.

ધરમપુરના આદિવાસી સમાજના આગેવાન ડો. હેમંત પટેલ જણાવે છે કે, દિવાસાનો દિવસ આદિવાસી સમાજ માટે ઉત્સવનો દિવસ છે. અષાઢી મહિનાના અંતિમ દિવસ એટલે કે અષાઢી અમાસે દિવાસો ઉજવાય છે. આદિવાસી ભેરૂઓ વરસાદી વાતાવરણમાં રોપણી કર્યાનો આનંદ મનાવવા ટપ્પા રમત રમી જીવનમાં નવા રંગો ભરવાની પરંપરા નિભાવે છે. ગામડામાં ઢીંગલા ઢીંગલીને શણગારી વાજતે ગાજતે આદિવાસી વાદ્યો સાથે લગ્નના ગીત ગાતા ગાતા નદીમાં તરતા મુકવાની પણ પરંપરા હજુ સુધી જીવંત છે. આદિવાસી સમાજમાં વિવિધ તહેવારોની ઉજવણીનો પ્રારંભ પણ દિવાસા સાથે થાય છે. ધરમપુરના સમડી ચોક સહિતના વિવિધ વિસ્તારોમાં આદિવાસીઓ નાળિયેર ટપ્પા દાવની રમત રમે છે. જે પરંપરાગત ઉત્સવ છે. આ ટપ્પા દાવ રમતમાં એક અંદાજ મુજબ ૨૦ હજારથી ૨૫ હજાર નંગ નાળિયેરની ખપત થઈ જાય છે. નાળિયેરને પવિત્ર માની આદિકાળથી ટપ્પા દાવ રમત રમાઈ છે. પહેલા ધરતી માતાને નાળિયેરનું પાણી અર્પણ કરી તુટેલા નાળિયેર પ્રસાદી તરીકે વહેંચે છે. અહીં દરેક વર્ગના લોકો આ રમતમાં ભાગ લે છે. આજની નવી પેઢીના યુવાનો માટે આ ટપ્પા રમત પોતાની સંસ્કૃતિનું ગૌરવ સમાન ગણાય છે.

**ધરમપુરમાં રાજા રજવાડાના સમયથી આ રમત ચાલી આવી છે, આ ટપ્પા રમતમાં આત્મીયતાનો ભાવ આદિવાસી સમાજ અનુભવે છે: આ ટપ્પા દાવ રમતમાં એક અંદાજ મુજબ ૨૦ હજારથી ૨૫ હજાર નંગ નાળિયેરની ખપત થઈ જાય છે**

નાળિયેર ટપ્પા દાવની રમત શું છે તે અંગે વધુ વિગત આપતા ડો. હેમંત પટેલ જણાવે છે કે, આ રમતમાં બે લોકો ભાગ લે છે. જેમાં એક વ્યક્તિ પોતાનું નારિયળ હાથમાં પકડી રાખે છે અને બીજો વ્યક્તિ પોતાના નારિયળ વડે સામે વાળાના નારિયળ ઉપર ટપ્પો મારે છે. જેનું નારિયળ ફૂટી જાય તે સ્પર્ધક હારી જાય છે અને તેનું નાળિયેર વિજેતાને આપી દે છે. આ સમયે અન્ય લોકો બંને પક્ષને જીતાડવા માટે ઉત્સાહ વધારે છે. ધરમપુરમાં રાજા રજવાડાના સમયથી આ રમત ચાલી આવી છે. આદિવાસી સમાજમાં એવી લોકવાયકા છે કે, આ ટપ્પા રમતમાં આત્મીયતાનો ભાવ રહેલો છે. ધરમપુર અને તેના આસપાસના વિસ્તારમાંથી લોકો સ્વયંભૂ અહી આવે છે એક બીજાને મળે છે અને ટપ્પા રમત રમી દિવાસાના તહેવારની ઉજવણીનો અનેરો લ્હાવો લે છે. આદિવાસી સમાજ પોતાની પરંપરા જાળવી રાખવા માટે દર વર્ષે આ ટપ્પા રમત રમે છે.

## ધરમપુરના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલની અસરકારક રજૂઆતને સફળતા

# આદિજાતિ વિકાસ વિભાગ હેઠળના ગ્રાન્ટ-ઈન-એઈડ છાત્રાલયોના કર્મચારીઓની પગાર વિસંગતતા દૂર: કર્મચારીઓને એરિયર્સનો પણ લાભ મળશે

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૨**

આદિજાતિ વિકાસ વિભાગના તાબા હેઠળ ચાલતા ગ્રાન્ટ-ઈન-એઈડ છાત્રાલયોના કર્મચારીઓની લાંબા સમયથી પડતર પગાર વિસંગતતાના પ્રશ્નનો હવે હકારાત્મક ઉકેલ આવ્યો છે. ધરમપુરના ધારાસભ્ય તથા ભારતીય જનતા પાર્ટી, ગુજરાત પ્રદેશના ઉપાધ્યક્ષ અરવિંદભાઈ પટેલ દ્વારા કર્મચારીઓના હિતમાં કરવામાં આવેલી અસરકારક રજૂઆતને સરકારે ગંભીરતાથી ધ્યાને લઈ મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે.

ગત બજેટ સત્ર દરમિયાન ધારાસભ્ય અરવિંદભાઈ પટેલે ગુજરાત વિધાનસભામાં આદિજાતિ વિકાસ વિભાગના તાબા હેઠળ ચાલતી ગ્રાન્ટ-ઈન-એઈડ છાત્રાલયોના કર્મચારીઓના પગારમાં ઊભી થયેલી વિસંગતતાનો મુદ્દો ઉઠાવ્યો હતો. તેમણે સરકારને કર્મચારીઓની પગાર વિસંગતતા દૂર કરવા માટે કરવામાં આવી રહેલા પ્રયત્નો તથા આ વિસંગતતા ક્યારે દૂર કરવામાં આવશે તે અંગે પ્રશ્ન કર્યો હતો.

ધારાસભ્યની આ રજૂઆત બાદ સરકાર દ્વારા કર્મચારીઓના હિતમાં કાર્યવાહી કરવામાં આવી છે. આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક TDD/MSM/e-file/25/2022/0578/G, તા.૧૭/૦૭/૨૦૨૬ અંતર્ગત સંબંધિત કર્મચારીઓના પગાર દરમાં વધારો કરવામાં આવ્યો છે તથા તા.૦૮/૦૪/૨૦૨૪ થી ૩૧/૦૫/૨૦૨૬ સુધીની મળવાપાત્ર એરિયર્સની રકમ ચૂકવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આ કાર્યવાહી અંતર્ગત એરિયર્સની કુલ મળવાપાત્ર રકમમાંથી ૯૦% રકમ મદદનીશ કમિશનર (તકેદારી), વલસાડ તરફથી તથા બાકીની ૧૦% રકમ સંબંધિત સંસ્થા દ્વારા કર્મચારીઓના બેંક ખાતામાં જમા કરવાની રહેશે.

આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવેલા અધિકૃત પત્રકમાં સંબંધિત ગ્રાન્ટ-ઈન-એઈડ છાત્રાલયોના કર્મચારીઓના નામ, હોદ્દા, ૯૦% પ્રમાણે મળવાપાત્ર એરિયર્સ તથા સંસ્થા દ્વારા ચૂકવવાની ૧૦% રકમની વિગતો આપવામાં આવી છે.

વિશેષ નોંધનીય છે કે, આ પ્રક્રિયા દ્વારા કર્મચારીઓને તેમની બાકી એરિયર્સની ૧૦૦% રકમ મળી રહે તે સુનિશ્ચિત કરવાની સૂચના આપવામાં આવી છે. દરેક સંબંધિત કર્મચારીને સંપૂર્ણ રકમ તેમના બેંક ખાતામાં જમા થયા બાદ તેનું પ્રમાણપત્ર મેળવી કચેરીના રેકોર્ડમાં રાખવાની કાર્યવાહી પણ કરવામાં આવશે.

આ નિર્ણયથી આદિજાતિ વિકાસ વિભાગ હેઠળના છાત્રાલયોમાં વર્ષોથી સેવા આપી રહેલા કર્મચારીઓને મોટી રાહત મળશે. પગાર વિસંગતતા દૂર થવાથી કર્મચારીઓને યોગ્ય અને સમાન પગારનો લાભ મળશે તેમજ બાકી એરિયર્સની રકમ મળવાથી તેમને આર્થિક રાહત મળશે.

ધારાસભ્ય અરવિંદભાઈ પટેલે વિધાનસભા જેવા મહત્વપૂર્ણ મંચ પર કર્મચારીઓના પ્રશ્નને અસરકારક રીતે રજૂ કરી સરકારનું ધ્યાન દોર્યું હતું. પરિણામે જનપ્રતિનિધિની રજૂઆત અને સરકારના સંવેદનશીલ અભિગમના સંકલનથી લાંબા સમયથી પડતર પ્રશ્નના નિરાકરણ તરફ મહત્વપૂર્ણ પગલું ભરાયું છે.

ધારાસભ્ય અરવિંદભાઈ પટેલે જણાવ્યું હતું કે, "કર્મચારીઓના હિત અને આદિવાસી સમાજના પ્રશ્નો હંમેશા અમારી પ્રાથમિકતા રહ્યા છે. ગ્રાન્ટ-ઈન-એઈડ છાત્રાલયોના કર્મચારીઓની પગાર વિસંગતતાનો પ્રશ્ન વિધાનસભામાં રજૂ કર્યા બાદ સરકારે તેને સંવેદનશીલતાપૂર્વક ધ્યાને લઈ હકારાત્મક નિર્ણય કર્યો છે. કર્મચારીઓને તેમના હકની એરિયર્સની રકમનો લાભ મળે અને તેમને યોગ્ય ન્યાય મળે તે આનંદની બાબત છે. આદિવાસી વિસ્તારના કર્મચારીઓ તથા સમાજના અન્ય પ્રશ્નોના નિરાકરણ માટે પણ સતત પ્રયત્નો કરવામાં આવશે."

સરકારના આ નિર્ણયથી આદિજાતિ વિકાસ વિભાગ હેઠળના છાત્રાલય કર્મચારીઓમાં સંતોષની લાગણી જોવા મળી રહી છે.

# ધરમપુર નાનાપોંઢા રોડ ઉપર રાત્રે અકસ્માત : બાઈક સવારને પીકઅપ ટક્કર મારી ફરાર: યુવકનું ઘટના સ્થળે મોત

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૨**

ધરમપુર નાનાપોંઢા રોડ ઉપર મંગળવારે મોડી રાત્રે કરૂણ અકસ્માત સર્જાયો હતો. બાઈક ઉપર સવાર થઈ પોતાના ઘરે જઈ રહ્યો હતો, ત્યારે બેફામ આવી રહેલ પીકઅપના ચાલકે ટક્કર મારી દીધી હતી. સર્જાયેલ અકસ્માતમાં યુવાનનું ઘટના સ્થળે દર્દનાક મોત થયું હતું.

ધરમપુરમાં રહેતો ૨૧ વર્ષિય દિપેશ ટંડેલ નામનો યુવાન પોતાની બાઈક નં.




એમ.એચ.૦૫ બીએ ૦૧૪૯ ઉપર સવાર થઈ રાત્રે ઘર તરફ જતો હતો. ત્યારે મીલનભાઈ દશેરા ટેકરી આઈટીઆઈ ચાર રસ્તા નજીક પુર ઝડપે બેફામ આવી રહેલ પીકઅપ ચાલકે બાઈકને જોરદાર ટક્કર મારી દીધી હતી. બાઈક ચાલક યુવાન દિપેશ ફંગોળાઈ દૂર ફેંકાઈ ગયો હતો. ગંભીર ઈજાઓ પહોંચી હોવાથી તેનું ઘટના સ્થળે દર્દનાક મોત નિપજ્યું હતું. અકસ્માત સર્જી પીકઅપ ચાલક ફરાર થઈ ગયો હતો. ધરમપુર પોલીસ પીકઅપ ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ આગળની તપાસ હાથ ધરી હતી.